
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ



કાલિયદમન · રાણકપુરના મહામંદિરમાં આરસનું અદ્ભુત ભાસ્કર્ય · ફોટો : સત્યવતીબહેન ઝવેરી

કેન્દ્રમાં કાલિનાગને નાથીને લીલા કરતા કૃષ્ણની ચોમેર દયા પ્રાર્થતી નાગિણીઓની અત્યંત ખૂબીભરી શોભનગૂંથણી

અંક ૪૩૨

વર્ષ છત્રીસમું · અંક બારમો · ડિસેમ્બર ઓગણીસસો ઓગણસાઠ

તંત્રી · બચુભાઈ રાવત



કચ્છના આહીરીઆ ભરતકામનો ભાતીગળ ચંદરવો (ફોટો - રામસિંહજી રાઠોડ)

કચ્છનું સંસ્કૃતિદર્શન


કચ્છ એ ઘણો પુરાતન દેશ છે, અને ગુજરાતની સંસ્કૃતિની સાથોસાથ ઘડાએલી છતાં તેની અંતર્ગત પોતાની એક વિશિષ્ટ સંસ્કારિતા તે ધરાવે છે. કચ્છનાં શિલ્પ, સ્થાપત્ય, ભૂસ્તર, ઇતિહાસ ભૂગોળ, કલાકારીગરી તથા લોકસાહિત્ય વગેરેમાં ગુજરાતની સંસ્કૃતિનો અંગભૂત એવો એક વિશિષ્ટ સ્રોત આજ સદીઓથી વહેતો આવ્યો છે અને એનું મૂલ્ય ભારતના કોઈ પણ પ્રદેશની સંસ્કારિતાની તોલે આવે એવી કક્ષાનું છે.

આપણા સંસ્કારજીવનમાં સૌના પરિચિત શ્રી રામસિંહજી રાઠોડ કચ્છનાં એ સમૃદ્ધ ઇતિહાસ અને સંસ્કૃતિ વિષેની લેખમાળા ગુજરાત-અગ્રણી માસિક 'કુમાર'માં લખતા આવ્યા છે. તેમાં કચ્છનાં કીર્તિમંદિરોથી માંડી અનેક વિષયોને આવરી લેતા, પ્રમાણભૂત માહિતીથી ભરેલા અને મબલખ ચિત્ર-સામગ્રીથી શોભતા લેખો એમણે આપ્યા છે. ઊંડાં સંશોધન અને અભ્યાસના ફળ રૂપે લખાતી એ લેખમાળા હું રસપૂર્વક વાંચતો આવ્યો છું. કચ્છની આવી રસસમૃદ્ધ સાહિત્યસામગ્રી તેઓ 'કચ્છનું સંસ્કૃતિદર્શન' ગ્રંથરૂપે પ્રગટ કરે છે. એ સામગ્રી મેળવવા એમણે દફતરો ને ઇતિહાસગ્રંથો ફંફોળ્યા છે, કચ્છના કીર્તિમંદિરરૂપ એકેએક પ્રાચીન સ્થળની મુલાકાત લીધી છે, જાતે ત્યાંના આલેખો કર્યા છે અને ફોટોગ્રાફો પાડયા છે, લોકસંપર્ક સાધ્યો છે અને આજ સુધી વેરવિખેર પડેલી ઇતિહાસ-સામગ્રીઓની ધૂળ ખંખેરીખંખેરીને જતનપૂર્વક એકઠી કરી ફૂલમાળા રૂપે ગૂંથી છે.


એમનાં વર્ષોનાં એ અભ્યાસ અને મહેનતનો સમૃદ્ધ સમૂહ 'કચ્છનું સંસ્કૃતિદર્શન' નામે પુસ્તકમાં સંગ્રહાઇને હવે બહાર પડયો છે. સ્વ. 'સુકાની'એ તેના 'આગમ'માં જણાવ્યા પ્રમાણે એના 'પાને પાને વિદ્વત્તા ભરી છે... અહીં શિલ્પ છે, સ્થાપત્ય છે, ઇતિહાસ છે; લોકકથા છે, લોકમાનસ છે; રંગ છે, કલા છે; અને એ બધાંને ઓજસ્વી બનાવી દેતી એક સિદ્ધહસ્તલેખકની લેખિની છે.'

'કુમાર'ના કદનાં લગભગ ૩૮૨ પાનાં, ૧૮ નકશા, શ્રી રવિશંકર રાવળ તથા અન્ય નામી કલાકારોનાં આલેખેલાં ૧૮ ચિત્રો, ૧૨૫ ફોટોગ્રાફો, ૩૪ આર્ટપ્લેટો, એક ત્રિરંગી મુખચિત્ર તથા મોટા ચતુરંગી નકશા સાથે આખો ગ્રંથ ઇમિટેશન આર્ટ પેપર ઉપર પાકી બાંધણીમાં બેરંગી જૅકેટ સાથે બહાર પડયો છે. એની કિંમત પંદર રૂપિયા છે, પણ એ પડતર જેવી કિંમત છે. લેખકને તો માત્ર એ ખરીદાયાનો જ સંતોષ મળવાનો છે. જેમનું જેમનું ગજું હોય તેઓ એ ખરીદશે, તો કિંમત કરતાં પણ મોંઘી સંપત્તિ મળ્યાનો ગ્રાહકને સંતોષ થશે એની ખાતરી અમે આપીએ છીએ.


(સેલ્સ ટૅક્સ, પોસ્ટેજ અલગ) કુમાર કાર્યાલય લિમિ૦ રાયપુર, અમદાવાદ



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



ગુલ-એ-શબનમ
(ફોટો · નારાયણ પટેલ)




'બ્રિન્દાબન ચન્દ્ર તીજ' (લેડી ચીનુભાઈના સંગ્રહમાંની કલાકૃતિ)
('અંગના'ના સૌજન્યથી)

સપ્રમાણ માંડણી, બારીક આલેખન અને રંગાવટના માધુર્ય માટે જાણીતી રાજપૂત કલમના આ ઉત્સવ-ચિત્રમાં મુઘલ અસર તેના પોશાક વગેરે પરથી સ્પષ્ટ જણાશે. વિહારનૌકાવાળી કમળતળાવડીને તીરે આવેલો ઉદ્યાનમંડપ તત્કાલીન સુખવસ્તુ **સમાજનું** દર્શન કરાવે છે.

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ સપ્ટેમ્બર અંકના છેલ્લા પાને પૂછેલા કોયડામાં ૧૫ ઝાડને ફક્ત બે જ સીધી લીટીઓ વડે એવા ચાર ભાગમાં વહેંચી નાખવાનાં છે કે જેથી પહેલા કરતાં બીજામાં બમણાં, બીજા કરતાં ત્રીજામાં બમણાં ને ત્રીજા કરતાં ચોથામાં બમણાં ઝાડ આવે. એમાં પહેલા ભાગની જોડે જ બીજો અને બીજાની જોડે જ ત્રીજો તથા ત્રીજાની જોડે જ ચોથો હોવો જોઈએ એવી કોઈ શરત નથી, તેથી ઑક્ટોબર અંકમાં આપેલા તેના જવાબ ઉપરાંત બીજી રીતોથી પણ એ મુજબ ભાગ પાડી શકાય છે. એનું એક ઉદાહરણ નીચે મુજબ છે :



(આણંદ) —હસમુખ શાહ

શ્રી નટવરલાલ માલવીએ ઑક્ટોબરના 'કુમાર'માં 'દેવતાનું ચરણામૃત' શીર્ષક નીચે લોહજળનો પ્રયોગ દર્શાવ્યો છે. એમાં, પાણીમાં કાટલું કે બીજી લોખંડની વસ્તુ લેવી, તેની ઉપર કાટ ચઢ્યો હોય, તો ચાલે કે નુકસાન કરે એનો ખુલાસો આપશો, તો મારા જેવા કેટલાકની મૂંઝવણ દૂર થશે.

એવા જ નુસખા દર્શાવવાનું પ્રથમ માન ગુજરાતમાં, મારી જાણ મુજબ શ્રી ચન્દ્રશંકર સત્યસેવક, 'સુશ્રુત' વડોદરાના લઈ જાય છે. તેઓશ્રીના આ વિષય પરના લેખો 'પ્રતાપ' દૈનિકમાં આવતા. તેનો સંગ્રહ પુસ્તકાકારે પ્રગતિ સાહિત્ય મંદિર, ખપાટિયો ચકલો, સુરત તરફથી 'ધાતુ-જલૌષધિ' નામથી બહાર પડ્યો છે. તેમાં સર્વે ધાતુઓનાં જળ કયા રોગ ઉપર કામ લાગશે તે વિસ્તારથી સમજાવ્યું છે.

(જગડિયા) —સુરેશ આર. શાહ

આજકાલ પ્રાચીન સંસ્કૃતિનું ખૂબ સંશોધન થઈ રહ્યું છે. સ્થાપત્યોથી માંડી લોકગીત, લોકકથા પણ પ્રાચીન સંસ્કૃતિનાં પડ ખોલે છે. તો 'કુમાર'માં એવાં ગીતો ને કથાઓ આપવામાં આવે તો ઘણાને ઉપયોગી થઇ પડશે.

તે સાથે, આજનું નીતિધોરણ ખૂબ નીચું હોવાથી નીતિકથાઓ પણ અપાય તો સારું.

(અમદાવાદ) —કાંતિલાલ મ. પરમાર

'કુમાર' એ સંસ્કારી કુટુંબોનું માસિક છે, અને વિદ્યાર્થીઓને ઘડવાની 'કુમાર' એક ચાવી છે. છેલ્લા અંકમાં શ્રી ચંદ્રકાન્ત બક્ષીની નવલિકા 'એક સાંજની મુલાકાત' એ સારી વાર્તા છે, પરંતુ તેના મૂળમાં જ બીભત્સતા વણાએલી હોવાથી વિદ્યાર્થીઓનું માનસ વિકૃત કરે છે. જો કે વાર્તાનો અંત ઠીક છે.

(મુંબાઇ) —રતિલાલ કે. ચૌહાણ

[*એ લેવાનાં બે મુખ્ય કારણ તો પત્રલેખકે જ કહી દીધાં—એ શ્રેષ્ઠ વાર્તાનો નમૂનો છે; ને બીજું, તેના અંતમાં આવતો કૈંક ne mesis જેવો પ્રબોધ. આ બંને મળીને નાયકના મનોમંથનમાં આલેખાએલી 'બીભત્સતા' (જો એને કહેવાય તો)ને ગાળી નાખે છે.]

જૂન અંકમાં 'ગાયનું ઘી' લેખમાં લેખકે જે ચામડીના રોગો તથા ખરજવા ઉપર ગાયનું ઘી ચોપડવા લખ્યું છે તે બાબતમાં તેમની સહેજ ભૂલ થતી હોય તેમ લાગે છે. ચામડીના રોગો માટે ગાયનું ઘી કેવી રીતે વાપરવું તે વિષે 'શ્રીઆર્યભિષક્'માં નીચે મુજબ માહિતી આપી છે.

'યાદ રાખવું કે, ગૂમડા આદિ ચામડીના રોગો માટે ચામડી ઉપર ચોપડવાને માટે ધોયા વગરનું ઘી ઝેરસમાન છે, માટે તે કદી ચોપડવું નહીં; તેમજ ધોએલું ઘી ખાવામાં ભૂલે ચૂકે લેવું નહીં કારણ કે તે ઝેરનું કામ કરે છે.' કયાં દર્દો ઉપર ગાયનું ઘી કેવી રીતે વાપરવું તે વિષે વધુ માહિતી તેમાં આપેલી છે.

(અમદાવાદ) —ત્રિલોચન કે. પુજારા

નીચેના શ્લોકમાં દરેક લીટી સવળી અવળી બંને રીતે એકસરખી જ વાંચી શકાય છે.

रसा साररसा सार
सायताक्ष क्षतायसा।
सातावात तवातासा
रक्षतस्त्वत्स्त्वतक्षर ॥

'હે ઉત્કૃષ્ટ દેવ, તું રક્ષણ કરે છે એટલે તે પૃથ્વી રસકસવાળી થાઓ. હે વિશાળ આંખોવાળા, જેનું ધન (ચોર વગેરેથી) લઈ જવાયું છે એવી તે પૃથ્વીને હે કલ્યાણકારી, નિર્ભય બનાવ. હે નિત્યોદ્યમી, જેના રસ નાશ પામ્યા નથી એવી પૃથ્વી બનો. હે પુષ્ટિ આપનાર, તારા રક્ષણથી પૃથ્વી સુરક્ષિત થાઓ.'

(સાવલી) —રામચંદ્ર મૂળશંકર જોશી

આપના અંકમાં દશાંશ પદ્ધતિનો સરળ ઉપયોગ—વજન સિક્કા તેમજ માપ (લંબાઇના)માં દર્શાવતો—વાંચી એક નવો વિચાર આવ્યો કે શા માટે વખતનો એકમ પણ દશાંશ પદ્ધતિથી બાકાત રહે? વખતને દશાંશ પદ્ધતિમાં ફેરવવા નીચેની ગોઠવણ બની શકે. પહેલાં તો હાલ જે ઘડિયાળનું ચક્ર(ડાયલ) બાર કલાકમાં વહેંચાએલું છે તેને બદલે તે દસ વિભાગમાં વહેંચવું, અને એક કલાકના સો ભાગ કરવા જે મિનિટો દર્શાવે; ને દરેક મિનિટ સો ભાગમાં વહેંચાય જે દરેક ભાગ સેકંડો દર્શાવે. દાખલા તરીકે ધારો કે કલાક કાંટો ૨ ને ૩ વચ્ચે છે ને મિનીટનો કાંટો ૬ આંક વટાવીને નાના ત્રણ ઉપર છે; તો વખત ૨.૬૩ કલાક થયો. હવે એ મિનિટ કાંટો બરાબર ત્રીજા નાના કાપા ઉપર ન હોય પરંતુ ૩ ને ૪ની વચ્ચે હોય, ને સેકંડ કાંટો ધારો કે ૮૭મા કાપા પર હોય તો આપણો વખત ૨.૬૩૮૭ કલાક થયો. આ રીતે દિવસ ૨૦ કલાકનો ગણાય. પણ વખતની સૂક્ષ્મતા એટલી વધી જાય કે જે ચાર આંકડા સુધી ચોક્કસતા પુરવાર થઈ શકે.

(વસો) —હીરૂ આ. અમીન

નવેમ્બર અંકમાં 'દિનવિશેષ'માં 'ગૂજરાત વિદ્યાપીઠ'નો સ્થાપનાદિન તા. ૧૫.૧૦.૧૯૨૦ આપ્યો છે, પરંતુ તે તો ગૂજરાત મહાવિદ્યાલયની સ્થાપનાનો દિવસ. ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપનાદિન તા. ૧૮.૧૦.૧૯૨૦ છે, જે દર સાલ વિદ્યાપીઠમાં ઊજવાય છે. સ્થાપનાદિનની માહિતી 'કેળવણી વડે ક્રાંતિ' પુસ્તકમાં પૃ. ૧૩૭ પર આપેલી છે.

(અમદાવાદ) —દશરથલાલ શાહ

૧૯૫૦માં શ્રી વાસુદેવ ભટ્ટની રમત-ગમતોની લેખમાળા પ્રગટ થઈ હતી, પણ ત્યાર પછી રમતો વિષે બહુ આવ્યું નથી.

બાળકોની અમુક રમતો ઘણી જ રસમય હોય છે. એવી બધી રમતો માટે બહુ સામગ્રીની જરૂર પડતી નથી અને બાળકોને આનંદ ઉપરાંત શારીરિક તથા માનસિક શિક્ષણ મળે છે. એક ઓરડામાં અથવા નિશાળના વર્ગમાં બેસીને બાળકો સાથે મોટાંઓ પણ ઘણો જ આનંદ માણી શકે છે. 'કુમાર'માં આવી રમતોનો વિભાગ શરૂ થાય તો ઉપયોગી થઈ પડશે.

(પૉંડિચેરી) —હંસદેવ પટેલ

[*કોઈ અધિકારી વ્યક્તિ તે આપવા પ્રવૃત્ત થાય તો અમે તૈયાર જ છીએ.]



મધુમાધવી

· વસંતતિલકા ·

ઝૂકયો જરાક રવિ પશ્ચિમને પ્રદેશ,
ને દીર્ઘ છાંય તરુની થઇ વાટિકામાં;
તારો સખીગણુની સંગ ત્યહીં પ્રવેશ,
કિલ્લોલતી મૃદુ કટાક્ષથી સામસામા.

ને ત્યાં કદંબ થકી ટ્હૌકત નીલકંઠ,
એને ધરે તું કરમાં કણુ ધાન્ય કેરા;
વિશ્રંભથી ચુગત એ પણુ મંદ મંદ,
તારે શિરે કુસુમની વરસંત મેહા.

આનંદથી સભર અંતર કેરી હોંશે
તું એલતી હીંચતી વા દ્રુમને હિંડોળે;
રેલાય ગાન રમણા તણું ધન્ય તોષે,
જેની લહેરથી હવા ચડતી હિલોળે!

બંદેજ પીમળ મહીં મધુમાધવીના!
લાવણ્યમૂર્તિ નીરખું તુજમાં રતિની!

રાજેન્દ્ર શાહ

બંદેજ=બંદીશ=સૂરાવલિ...રાગિણી મધુમાધવીનો સમય અપરાહ્ન...એનાં લક્ષણકાવ્યો પ્રાચીન સાહિત્યમાં આમ છે :

(૧)

ગૃહીત–મધુ–પાત્રિકં પટ–સનાથ–નાથાલિકમ્
જવાકુસુમસમારુણાં વિમલ–ચારુ–પીતાંબરામ્
દ્વિતીય–કર–સાદ્રિત–પ્રકટ–સંવરાહંવરામ્
સ્મરામિ મધુમાવતીં મનસિ મે સદા માનિનીમ્.

[જવા કુસુમ સદૃશ વર્ણવાળી, હાથમાં મધુપાત્ર ધારણ કરીને સાહેલીઓની સંગે વિચરતી, પીત-વસનધારિણી, (ગોરંભતા મેઘનું સ્વાગત કરતી) મયૂરની સાથે રમતી, માનિની મધુમાધવીનું હું ધ્યાન ધરું છું.]

(૨)

કંચન–તનુ, લોચન–કમલ, નાગરી–મહા–અનૂપ,
પિય પૈ બૈઠી હસત હૈ મધુમાધવી સ્વરૂપ.

ગમે પરાવર્તન

· મિશ્ર ·

મને ગમે શારદતેજ ભાસ્વર,
(જોકે ખરું સૂર્ય સ્વયં ન ઉગ્ર)
એ તો ગમે
ઝિલાઇ સામે ઘર ભીંત શુભ્ર
આભા ભરી દે મુજ જ્યાં બધું ઘર.

મને ગમે સત્ય જ શબ્દ કેવળ,
(જોકે ખરું સંમુખ એ ન વજ્જર)
એ તો ગમે
કોઇ કવિને પ્રાતિભનેત્ર–અંતર
ઝિલાઇ જન્મે થઇ કાવ્ય સુંદર.

મને ગમે પ્રીત; (પરંતુ તે નહીં
જે વ્યાપી રહે આ ઉરવ્યોમ માત્ર)
એ તો ગમે
તારે અશે સુંદર પ્રેમપાત્ર
ઝિલાઇ આ આકૃતિ જ્યાં ધરી રહી.

અને ગમે ગીત (ન કિંતુ પુસ્તકે—
મારાં રચ્યાં તે મુજ ના ચઢે ગળે!)
એ તો બને
તારો મધુ જ્યાં સ્વર એહમાં ભળે;
ગમે પરાવર્તન; એ કટેવ કે?

ઉશનસ્

છળ

· ગાન ·

કુંજ કુંજ કેસૂડા કોળ્યા હો લાલ!

હૈયું હિલોળી ઊઠ્યું હરખે કે હાં રે એવા
ઠેર ઠેર રંગ રૂડા ઢોળ્યા હો લાલ!
કુંજ કુંજ કેસૂડા કોળ્યા હો લાલ.

'ઝૂલણુ તળાવડીની ઓતરાદી કાંઠના
જળમાં જ્યાં ઢળી રઈ ઝાંય;
કોરીધાકોરી કોઇ ચુંદડી ઝબોળે ને
અંગઅંગ ચોળીને ના'ય:
જોવનનો રંગ કદિ ઝાંખો પડે ન ઇનો.'
ડાળ ડાળ એવું સૂડા બોલ્યા હો લાલ!
કુંજ કુંજ કેસૂડા કોળ્યા હો લાલ!

હોંશેહોંશે ઇ નીર ના'યાં ને ઓઢી જૈં
ચુંદલડી ઝાંયમાં ઝબોળી;
ક્યાં રે જઇએ ને હવે કોને તે કહીએ કે
રોમરોમ પ્રકટી છે હોળી!
ભરમાયાં ભોળાં અમીં, અમને શી જાણુ માંહી
કામણુ તે કાંઇ કૂડાં ઘોળ્યાં હો લાલ!
કુંજ કુંજ કેસૂડા કોળ્યા હો લાલ!

પ્રદ્યુમ્ન તન્ના

કોઈ નથી!

· ગઝલ ·

ક્યારેક મને એમ લાગે છે કે મારી નજરમાં કોઇ નથી:
ખાલી પડછાયા ને પડઘા વિણુ દુનિયાભરમાં કોઇ નથી.
આ યુગયુગથી કૈં કોટિ જીવો તમને જીવ સાટે ચાહે છે;
મારા સમ, એટલું તો કહી દો, શું તમ અંતરમાં કોઇ નથી?
તમ દર્શનના અભિલાષીઓ જઇ દ્વાર દિશાનાં ખખડાવે;
કાં કોઈ જવાબ જરા ન દિયે, શું આખા ઘરમાં કોઇ નથી?
અગણિત જીવો છે પૃથ્વીના આ જહાજ મહીં સાથે સરતા;
ને તો ય મને કાં લાગી રહ્યું કે સાથ સફરમાં કોઇ નથી?
જો પ્રેમ નહિ તો વેર વડે, યા કોઇ ને કોઇ ઉપાય કરી
પ્રત્યક્ષ કરે તમને એવું શું સચરાચરમાં કોઇ નથી?
લાવ્યા છો તમે સુંદર ચાદર ને દેશો નામ કફન કેરું!
વાળી દેશો એ પર માટી! શું એ ચાદરમાં કોઇ નથી?
ગાફિલ, જો નથી 'કોઇ' તો કહો, આ ખેલ છે શાનો દુનિયામાં?
આ પરદા પર તો પાર નથી, પરદા ભીતરમાં કોઇ નથી!

'ગાફિલ'

વિયોગ

'આવજો' કીધું ન કીધું રહેજમાં ચાલી ગયાં,
જિંદગાનીનાં બધાં અરમાન પણુ હાલી ગયાં;
લૈ ગયાં સર્વસ્વ મારું એ કહું કેવી રીતે!
આમ તો એ હાથ ખંખેરી દઇ ખાલી ગયાં.

મનહર મોદી

દુઃખવિસ્મૃતિ

લાગે અનંત રાત શમી જાય સવારે,
દુઃખો ય ત્યમ ભુલાય સમય કેરે સહારે;
પ્રત્યેક હકીકતનો અહીં અંત હોય છે,
વણુતાગ સમંદરની યે સીમા છે કિનારે.

નરેન્દ્રકુમાર શુકલ

સ્પર્શકથા

· મિશ્ર ·

કરેણુની દક્ષિણમાં ઝૂકેલી
પ્રફુલ્લ શાખા પર શો અચાનક
આ શ્રાવણી આભ થકી ઢળી ગયો
થોડા અમસ્તો તડકો, સવારમાં.

લીલાં લીલાં પત્ર પરે ઝલાંમલાં
મોતી રહ્યાં શાં ઝળકી! શુચિર્ભૂત
ઝૂલી રહ્યું વાયુ વિષે અશું કશું
આનંદનું આનન શું સ્વયમ્ આ!

ને દૃષ્ટિનું ઉત્પલ તે ઝીણીઝીણી
અનુભવે કંપનમાધુરી અશી
બની ગઇ સ્પર્શકથા, અકથ્ય જે!

સંબદ્ધ સારું મન જે પ્રશુષ્ક
આ રોજના નિશ્ચિત કામકાજમાં
તેને વિષે એ ક્ષણ હું સશબ્દ
અનુભવું શ્રાવણનો હિલોલ
વિસ્તાર ને વૈભવ......

લાભશંકર ઠાકર

મધરાતે શહેર

· ઝૂલણા ·

શહેર આ કયાંય લગ વિસ્તર્યું,
બત્તીઓનું જ ખેતર નર્યું,
તેજ-ડૂંડાં ન ડાલે રતી ભાર,
એમની બીચ બેઠો નશાખોર અંધાર,
સાવ સુમસામ, લાંબો,
મહામાર્ગ નજરે ભરી
મૂક સજતો છરી.

મકરન્દ દવે

નામ

· મિશ્ર ·

કદી ન હું સાયકલે ચડીને
રાતે ગયો’તો.
ત્યાં એક સાંજે ઘર આવતાં થયું
મોડું; નહોતો મુજ પાસ લૅમ્પ.

રસ્તા પરે ટ્યૂબ ઝગી રહી’તી,
પ્રકાશનો ત્યાં ફફડાટ આછો,
હૈયે ય મારે ફફડાટ આછો,
‘કંઇક ખાખી દરવેશ આવે!’

ને એક નાની ગલીમાં ઘૂસ્યો હું,
છતાં ન હૈયે ફફડાટ તો શમ્યો,
ત્યાં દૂરનું નાકું બરાડી ઊઠયું
સિસોટીના તીવ્ર અવાજથી,—ને
પોલીસ ત્યાં નામ લખી રહ્યો’તો
ન માત્ર લૅમ્પ, ‘વન-વે’ ય એ હતો!

કંદર્પ ઓઝા

વિચારવિશેષ

પોતાના વર્તનથી કોઇને પણ ખલેલ પહોંચે તો સાચેસાચ દિલગીર થવાની તાલીમ વિલાયતની પ્રજામાં ગળથૂથીથી પચી ચૂકેલી હોય છે. અરે કોઈની હાજરીમાં ઓડકાર, ખોંખારો વાયુસાર, છીંક કે બગાસું પણ ખવાઈ જાય તો દિલગીરીમંત્ર ‘સૅારી’ તો તત્કાળ જ ઉચ્ચારી દેવો જોઈએ. અને કોઇ તમને મીઠાની બાટલી ખસેડવા જેટલી નાની પણ મદદ કરે તો આભારમંત્ર ‘થૅંક યુ’ પણ તત્કાળ જ ઉચ્ચારી દેવો જોઈએ. એક વાર મેં એક મિત્રને આ વિષે પૂછી જોયું ત્યારે તેમણે ખુલાસો પણ સચોટ કર્યો કે ‘જુઓ, જેની સાથે તમે હજી હમણાં જ ‘સૅારી’ અને ‘થૅંક યુ’ જેવો વ્યવહાર રાખ્યો છે તેવી વ્યક્તિ સાથે તમે કદાપિ તકરાર કરી શકશો ખરા કે? આ બધા સભ્યતાના શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરવાથી એક નવો જ સંસ્કારી મિજાજ ઘડાય છે, કે જે તમને ગુસ્સે થતાં રોકે છે, કોઈની પણ સાથે તકરાર કરતાં રોકે છે.’

કેવળ આટલા જ મંત્રો નથી. બીજા પણ છે. કામમાં કે વાતમાં મશગુલ વ્યક્તિ સાથે વાત કરતાં ‘એક્સ્ક્યૂઝ મી’ કહીને વાત શરૂ કરવી સારી. બારણામાં કે રસ્તામાં આડી ઊભી રહેલી નડતી વ્યક્તિને પણ ‘એક્સ્ક્યૂઝ મી’ કહીને રસ્તો કરી આપવાની વિનંતી કરવી સારી, કોઈ કશું શોધવા ફાંફાં મારતું હોય તો ‘કૅન આઈ હેલ્પ યુ?’ કહીને મદદ કરવાની તૈયારીની સભ્યતા પણ વિલાયતના લોકોમાં ખૂબ જ છે. સંસ્કારી મિજાજના ઘડતર માટે ખરેખર આવી ટેવો પાડવા જેવી છે તેની ખાતરી મને વિલાયતમાં થઇ. અધીરાઈ, ગુસ્સો, બાખ્ખાપણું, આક્રમણવૃત્તિ, ગાળાગાળી, પોતાની ભૂલ કબૂલ ન કરવી એવા બધા દુર્ગુણોને દૂર રાખવા આવા મંત્રોને આપણી વાણીમાં સ્વાભાવિકરીતે જ વણી લેવા જરૂરી છે—પછી ભલે ચાંપલામાં પણ ખપીએ!

(પ્રસ્થાન) —કાન્તિલાલ મ. ગાંધી

સમયની સાથે સાથે

સુખ મેળવવા માટે એક માસનાં રોદણાં કરતાં એક કલાકનો ઉદ્યમ વધુ કારગત થશે.

મન કયારે યે કામ વિનાનું બેઠું છે? વિકાસનું કામ એ નહિ કરે તો વિનાશનું કરશે.

આળસથી કોઈ પણ કામ કઠણ બને છે, જ્યારે ઉદ્યમથી આસાન.

આળસથી જીવન ટૂંકાય છે. તમને સાચેસાચ જીવન ગમે છે? તો સમય ગુમાવશો નહિ, કેમકે જીવન તેનું જ બનેલું છે.

કલાકને પકડી રાખો, નહિતર દિવસ હાથમાંથી છટકી જશે.

આળસને લીધે દુર્ગુણો કે દૂષણો કદાચ નહિ આવતાં હોય, પણ દુઃખ ને ગમગીની તો આવે જ છે. (દેના જ્યોતિ)



‘ભારતમૂર્તિ નેહરુ’ ચિત્રકાર ‘ચકોર’ (‘જન્મભૂમિ’ના સૌજન્યથી)

અંગ્રેજી સાહિત્ય પર પોતાના વ્યક્તિત્વની અનન્ય-અદ્વિતીય ચિરકાલીન છાપ મૂકી જનાર પ્રચંડ મનોઘટનાશાળી સાહિત્યકોવિદ

ડૉ. સેમ્યુઅલ જહૉન્સન



કહે છે કે લોકમાનસ પર સાહિત્યનો જેટલો વ્યાપક પ્રભાવ પડે છે તેટલો વાઙ્મયના બીજા કોઈ પણ પ્રકારનો પડતો નથી. ને અંગ્રેજી સાહિત્ય-ખુદ વિશ્વસાહિત્ય-પર ડૉ. સેમ્યુઅલ જહૉન્સનનો જેટલો પ્રભાવ છે એટલો બીજા કોઈ સાહિત્યકારનો નથી. ઇંગ્લંડના તત્કાલીન સાહિત્યવ્યાપારો પર ઍલેક્ઝાન્ડર પોપે અને તેના પછી લૉર્ડ ટેનિસને પોતાની સર્વોપરિતા સ્થાપેલી ખરી, પરંતુ જહૉન્સને સાહિત્યજગતમાં જગવેલો જુવાળ અનન્ય અદ્વિતીય છે.

કેટલાક સાહિત્યકારો પોતે જ સાહિત્યના પ્રેરક બળની પ્રતિમૂર્તિરૂપ હોય છે. ડૉ. જહૉન્સન એક એવો સાહિત્યકાર હતો. તેની કીર્તિદા ગણાએલી પ્રમુખ કૃતિઓ છે અંગ્રેજી ભાષાના શબ્દકોશ અને 'ધ લાઈવ્ઝ ઑવ ધ પોએટ્સ'. તેના સમય પહેલાંના શબ્દકોશો એ માત્ર શબ્દસંગ્રહો જેવા જ હતા. જ્યારે જહૉન્સનનો શબ્દકોશ શબ્દના અર્થના પ્રાણસ્વરૂપને પ્રકાશિત કરતો હોવા ઉપરાંત એક ગણ્યમાન્ય સાહિત્યકૃતિ પણ છે. વ્યાખ્યા કરવાની જહૉન્સનની શક્તિ અદ્ભુત હતી. શબ્દના ઉપયોગના દૃષ્ટાંતરૂપે તેણે સાહિત્યમાંથી ટાંકેલાં અર્થગ્રાહી અવતરણો તેના અત્યંત સતેજ સ્મરણશક્તિનાં દ્યોતક હોવા ઉપરાંત કોશને શિષ્ટમાન્ય સાહિત્યનું સ્વરૂપ આપે છે. 'લાઇવ્ઝ ઑવ ધ પોએટ્સ'માં તેની ગહન સઘન વિવેચનશક્તિનું સ્થળેસ્થળે પ્રમાણ મળે છે.

તેની વાક્પ્રતિભા પણ અજોડ હતી. એ બોલે એટલે બીજાના હોઠ જ જાણે કે સિવાઈ જતા. તેણે સ્થાપેલી 'ધ લિટરરી ક્લબ' (જેમાં એ વેળાના સંમાન્ય સાહિત્યકારો ભાગ લેતા તે)નું પ્રમુખસ્થાન એ પોતે શોભાવતો અને સમસ્ત ચર્ચા-વિચારણા-વાર્તાલાપોનું તે જ ધ્રુવકેન્દ્ર બની રહેતો.

એક મનુષ્ય તરીકે પણ તે એટલો જ મહાન હતો. હૃદયની સારપ અને સચ્ચાઇ, સત્યના દૃઢ આગ્રહ અને જીવદયા, એ ગુણલક્ષણો એ તેના વ્યક્તિત્વનું વંદનીય પાસું છે.

આ અઢારમી સપ્ટેમ્બરે એ મહાનુભાવ અંગ્રેજ સાહિત્યકારની ૨૫૦મી જયંતી જગતસમસ્તે સંમાન, સંનિષ્ઠા ને ભક્તિપૂર્વક ભજવી.

ઈ. ૧૭૦૯ની ૧૮મી સપ્ટેમ્બરે લિશફીલ્ડમાં એનો જન્મ થયો હતો. એના પિતા માઈકલ લિશફીલ્ડ ગામના અત્યંત ગરીબ પુસ્તકવિક્રેતા હતો. તે વિદ્વાન અને સશક્ત શરીરનો પરંતુ અર્ધપાગલ જેવી મનોદશાવાળો હતો. તેના આ બન્ને જ ગુણ સેમ્યુઅલમાં ઊતર્યા. તેને જીવનભર સતત રહેલી વિષાદવશતા ને તેના સ્વભાવની વિચિત્રતાઓ તેના પિતાની મનોદશાના વારસારૂપ હતી. જહૉન્સનને નાનપણથી કંઠમાળનો રોગ લાગુ પડ્યો હતો, અને આથી તેનો ચહેરો ખૂબ વિકૃત અને બદસૂરત બની ગયો હતો. આ રોગ તેને જીવનભર પારાવાર યાતના આપતો રહ્યો.

શરૂનું શિક્ષણ તેણે લિશફીલ્ડમાં એક ગર્લ્સ સ્કૂલમાં અને પછી ગ્રામર સ્કૂલમાં લીધું. સોળમે વર્ષે નિશાળ છોડીને બે વર્ષ તેણે પિતાની દુકાનમાં ધંધો શીખવા ગાળ્યાં. દરમ્યાન દુકાનમાંની બધી જ ચોપડીઓ તેણે અકરાંતિયાપણે વાંચી નાખી. આ સાહિત્ય અધ્યયને તેના વિદ્વત્તા ને પાંડિત્યને પોષવામાં મોટો ભાગ ભજવ્યો. ઘરડો થયો ત્યારે તે કહેતો: 'અત્યારે જે કંઈ સાહિત્ય-પરિચય મને છે અને જેનાથી તમે મુગ્ધ થાઓ છો, તે તો હું અઢાર વર્ષનો હતો ત્યારનો મેં મેળવેલો છે; કેમકે મને બીક હતી કે ઘરડો થઇશ ત્યારે મારી વાંચવાની શક્તિઓ કદાચ ઓછી થઈ જશે તો?'

ઈ. ૧૭૨૮માં તે પેમ્બ્રોક કૉલેજ (ઑક્સફર્ડ)માં દાખલ થયો, પરંતુ ગરીબાઈને લીધે કૉલેજ તેને ડિગ્રી લીધા વિના જ ૧૭૩૧માં છોડી દેવી પડી. પગમાં પહેરવા જોડા ન હોય, આથી ઘણી વાર તે વર્ગ પણ ભરતો નહિ. જોકે તેનું વિદ્યાર્થીજીવન ઘણું જ ખંતીલું અને તેજસ્વી હતું. અંગ્રેજી સાહિત્યનું તેનું જ્ઞાન અધ્યાપકો સુદ્ધાંને ચોંકાવી મૂકતું. વર્ગમાં તે સૌથી વધુ હોશિયાર અને બુદ્ધિશાળી વિદ્યાર્થી ગણાતો. કૉલેજ છોડી એ જ સાલમાં તેના પિતાનું અવસાન થયું. પિતાએ પોતાની પાછળ મિલકત મૂકેલી રોકડા ૨૦ પાઉંડની! થોડા વખત માટે માર્કેટ બોઝવર્થની એક શાળામાં ઉપશિક્ષક તરીકેની નોકરીએ પણ તે રહ્યો; પણ એ તેને છોડી દેવી પડી. તેને કહેવામાં આવ્યું કે તેનો બિહામણો ચહેરો જોઇને નાનાં છોકરાં છળી પડે! પછી બર્મિંગહામના એક પ્રકાશકને ત્યાં કામ મળતાં નજીવે પગારે તે ત્યાં રહ્યો.


જહૉન્સનની સાહિત્યપ્રતિભાનાં બીજ નાનપણથી અંકુરિત થએલાં જોવામાં આવે છે. ૧૭૩૫માં તેણે પૉર્ટુગીઝ પાદરી લૉબોના કૃતિ 'વૉયેજ ટુ આબિસિનિયા'ના ફ્રેન્ચ સંક્ષેપ પરથી નનામે તરજુમો કર્યો. તેમાં આવતા ભારેખમ શબ્દસમૂહો જહૉન્સનની ભાવિ ભાષાશૈલીના લાક્ષણિક દ્યોતક હતા. આ કૃતિના પુરસ્કાર પેટે તેને પાંચ ગિની મળી. બીજી તરફ ખિસ્સામાં પાઇ પણ નહોતી, અને ભવિષ્યની કોઈ નિશ્ચિત આર્થિક આવકની યોજના પણ નહોતી, તેમ છતાં એ જ વર્ષે તેણે પોતાથી વીસ વર્ષે મોટી એલિઝાબેથ પૉર્ટર નામની એક વિધવા સાથે લગ્ન કર્યાં. એલિઝાબેથ પોતાની સાથે ૮૦૦ પાઉંડ લેતી આવેલી, જેનો ઉપયોગ જહૉન્સને એક શાળા ઉઘાડવામાં કર્યો, પણ તે ચાલી નહિ. જહૉન્સનને તેની પત્ની પ્રત્યે અપાર ભક્તિ ને પ્રેમ હતા જે આજીવન રહ્યાં.

અવિશ્રાન્ત ચિંતનમંથન કરતા તેના મગજમાં વળી એક નવો વિચાર ઝબક્યો,—એક એકૅડેમી ઊભી કરવાનો, અને એ તેણે એડિયાલ ખાતે ઊભી કરી પણ ખરી. પરંતુ કેવળ ત્રણ યુવાનો (જેમાં એક ઈંગ્લંડનો

ભાવિ મહાન અભિનયપટુ નટ ડેવિડ ગૅરિક હતો)નો જ સાથ મળવાથી એ વધુ ટકી નહિ. ૧૭૩૭માં જ્હૉન્સન ગૅરિક સાથે લંડન ગયો. એ વખતે તેના ખિસ્સામાં અઢી પેન્સ હતા, અને ગૅરિક પાસે હતી દોઢ પેની!

પૈસા માટે થતા સાહિત્યસર્જનને જોકે તે ધિક્કારતો, પરંતુ સંયોગોને અધીન થઈને તેને લેખન દ્વારા આવક કરવાની ફરજ પડી. 'ધ જેન્ટલમન્સ મૅગેઝિન'માં તેના લેખો આવતા, જેમાં તે પાર્લમેન્ટની ચર્ચાઓની નવી સુધરેલી તથા મુક્ત ઢબે 'ડિબેટ્સ ઑવ ધ સેનેટ ઑવ લિલિપુટ' શીર્ષક હેઠળ છણાવટ કરતો. ૧૭૩૮માં રોમન કવિ અને કટાક્ષકાર જુવેનાલની એક કૃતિ પરથી પ્રેરિત તેની કીર્તિદા કટાક્ષ-કવિતા 'લંડન' (લેખક તરીકેના તેના નામ વિના) પ્રકટ થઈ, જેનાં વખાણ નામદાર પોપે પણ કરેલાં. કાવ્યમાં આમ તો તે લંડનને તુચ્છકારતો જણાય છે, પણ અંતે એ શહેરના ભાવાતુર ચાહક રૂપે તે દેખાઈ આવે છે. લંડનમાં વસવાટ શરૂ કર્યા પછી જ્હૉન્સન ભાગ્યે જ તેને છોડતો. જ્હૉન્સન કહેતો, 'જે લંડનથી કંટાળેલો છે તે જિંદગીથી કંટાળેલો છે.' જ્હૉન્સનની આવી અસંખ્ય ઉક્તિઓ અંગ્રેજી ભાષાની ચલણી કહેતી બની ગએલી છે.

તેનું બીજું કાર્ય હતું તેના કમનસીબ કવિમિત્ર સૅવેજનું ચરિત્ર લખવાનું (૧૭૪૪). ૧૭૪૭માં તેણે પોતાના અંગ્રેજી ભાષાના ઐતિહાસિક મહાન કોશ 'ડિકશનરી ઑવ ધી ઇંગ્લિશ લૅંગ્વેજ'નું કામ આરંભી દીધું. બહુ જ થોડા સહાયકો સાથે નવ વર્ષ લગી તેણે કોશ પર સતત અને મહાપરિશ્રમભર્યું કામ કર્યું. એ કોશને તૈયાર થતાં આટલો લાંબો સમય લાગ્યો તેની પાછળ તેની સ્વભાવગત આળસ પણ કારણભૂત છે. જ્હૉન્સનનું લખાણ તેના પૂર્વગ્રહયુક્ત વિચારોથી સ્પર્શાએલું



'બોલ્ટ કોર્ટ' ઈ.૧૭૭૭થી આખર સુધીનું ડૉ.જ્હૉન્સનનું નિવાસસ્થાન

રહેતું, જેનાં કેટલાંક ઉદાહરણો શબ્દકોશ સુદ્ધાંમાં જોવા મળે છે. 'ઓટ્સ'ની વ્યાખ્યા તેણે આમ આપી છે—'એક એવું અનાજ, જે ઇંગ્લંડમાં ઘોડાઓને અપાય છે અને સ્કૉટલંડમાં માણસોને પોષે છે'! 'પેટ્રન'—આશ્રયદાતાનો તેણે આવો અર્થ કર્યો છે—'સાધારણપણે એક દુષ્ટ, જે ઉદ્ધતાઈપૂર્વક આશ્રય દે છે અને જેને ચૂકવવામાં આવે છે ખુશામત'! તેની સુંદરતમ કવિતા 'ધ વૅનિટી ઑવ હ્યૂમન વિશીઝ' આ સમય દરમ્યાન (૧૭૪૯)માં પ્રકટ થઈ અને એ જ વર્ષે તેની નિષ્ફળ નીવડેલી કરુણાન્તિકા 'આઇરીન' પણ પ્રકટ થઈ. એ પછીનું તેનું સાહસ હતું 'સ્પેક્ટેટર'ને ચીલે એક અર્ધસાપ્તાહિક 'રૅમ્બ્લર' શરૂ કરવાનું; પરંતુ તે ભારેખમ અને ગંભીર હતું, 'સ્પેક્ટેટર'ની હળવાશ કે પ્રાસાદિકતા તેમાં નહોતી, તેમજ તે લોકપ્રિય પણ નહોતું. ૧૭૫૨માં તેની પત્ની 'વહાલી ટેટી'નું અવસાન થયું ત્યાં સુધી એ તેણે ચલાવ્યું.

૧૭૫૫માં તેનો અંગ્રેજી ભાષાનો કોશ પ્રસિદ્ધ થયો. એણે એની પ્રતિષ્ઠાને નિશ્ચિત કરી આપી. તેની પહેલાંના શબ્દકોશો એ માત્ર શબ્દસંગ્રહો જેવા જ હતા, જ્યારે જ્હૉન્સનનું કાર્ય તો છેક આજની ઘડી સુધી સાહિત્યિક ગણના પામતું આવ્યું છે. આ કોશમાં તેણે કરેલા સાહિત્યિક સંદર્ભો તેનાં બહોળા વાચન અને અતાગ સ્મરણશક્તિનો આશ્ચર્યજનક શક્તિવિસ્તાર સૂચવે છે. તે પહેલાંના કોઈ પણ કોશ કરતાં તે વધુ સંપૂર્ણ હતો, અને ૧૯મી સદીના અંતભાગ સુધી તેની તોલે આવી શકે એવો કોઈ શબ્દકોશ બહાર પડ્યો નહોતો. અંગ્રેજી ભાષા માટે એકલે હાથે તેણે જે કામ કર્યું હતું, તે કામ ફ્રેન્ચ ભાષા માટે કરવાને આખી ફ્રેન્ચ અકાદમીને બેસવું પડ્યું હતું. શબ્દકોશ માટે ઉમરાવ વર્ગના લૉર્ડ ચેસ્ટરફીલ્ડ તરફથી આર્થિક આશ્રય મેળવવાના તેણે અનેક પ્રયત્નો કર્યા હતા, પણ તે નિષ્ફળ નીવડેલા. અને આખરે જ્યારે તેના તરફથી આશ્રય મળવાની સંભાવના ઊભી થઈ ત્યારે એ તેણે એક પત્રથી અભિમાન અને ગૌરવપૂર્વક નકારી કાઢ્યો, જે પત્ર આજે સાહિત્યની શક્તિનો એક નાદર નમૂનો ગણાય છે.

હવે એક અનન્ય અને અગ્રતમ સાહિત્યકાર તરીકે તે પ્રતિષ્ઠિત થઇ ચૂક્યો હતો. દરમ્યાન ઑક્સફર્ડે તેને એમ.એ.ની ડિગ્રીથી નવાજ્યો. એલએલ.ડી.ની ડિગ્રી પણ તેને એનાયત કરાઈ. તેના બહોળા સાહિત્યવર્તુળમાં મુખ્ય હતા કલાકાર સર જોશુઆ રેનૉલ્ડ્ઝ, કવિ–નવલકથાકાર ઑલિવર ગોલ્ડસ્મિથ અને ઇંગ્લંડનો અગ્રણી રાજ્યતત્ત્વવિચારક એડમન્ડ બર્ક. 'રૅમ્બ્લર' પછી કંઇક ઓછું ભારે અને સફળ 'આઇડલર' પત્ર ૧૭૫૮–૬૦ સુધી તેણે ચલાવ્યું. ઉપરાંત ઉપદેશાત્મક કૌતુકપ્રધાન નવલકથા 'રાસેલાસ, પ્રિન્સ ઑવ આબિસિનિયા' તેણે એક અઠવાડિયામાં જ ૧૭૫૯માં લખી કાઢી, જેનાથી તેને મળેલા ૧૦૦ પાઉંડથી તેણે એ વખતે ૯૦મે વર્ષે અવસાન પામેલી તેની માતાની ઉત્તરક્રિયાનો ખર્ચ કાઢ્યો. છેવટે તેનું નસીબ ફર્યું. વર્ષે ૩૦૦ પાઉંડનું પેન્શન બ્રિટિશ સરકાર તરફથી તેને મળવા લાગ્યું.

જ્હૉન્સન વાતચીતની કળાનો નિષ્ણાત હતો, અને તેની આ શક્તિનો પણ તેના વ્યક્તિત્વના ઘડતરમાં મુખ્ય હિસ્સો છે. તેના જીવનનો પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠાનો આ સુવર્ણકાળ હતો. પ્રચંડ મનોઘટનાશાળી સાહિત્યકોવિદ તરીકે સર્વત્ર તેને માનસંમાન મળતું. ઇંગ્લંડના ખુદ રાજા પણ તેની મુલાકાતે જઇ આવતા.

૧૭૬૩માં તેને સ્કૉટલંડના જેમ્સ બૉઝવેલ સાથે પરિચય થયો, જે ભાવિ સાહિત્યરસિક પ્રજા માટે અત્યંત પ્રેરક, ફલપ્રદ ને અગત્યનો નીવડ્યો. જ્હૉન્સન-બૉઝવેલની મિત્રબેલડી સાહિત્યના ઇતિહાસમાં અમર બની છે તે, જ્હૉન્સનની પ્રવૃત્તિઓ વાર્તાલાપો વગેરેના સર્વસંગ્રહ:સમી બૉઝવેલે લખેલી ડાયરી 'ધ લંડન જર્નલ' ને તે પરથી



ડૉ. જ્હૉન્સન, હાથમાં લાકડી સાથે



ડૉ. જ્હૉન્સનનું ગોલ્ડસ્મિથ (વચ્ચે) અને બૉઝવેલ સાથેનું આયર ક્રૉવેએ આલેખેલું ચિત્ર

તેણે ડૉ. જ્હૉન્સનના લખેલા, અંગ્રેજી ભાષામાંના સુંદરતમ જીવનચરિત્ર 'ધ લાઈફ ઑાવ ડૉ. જ્હૉન્સન'ને અનુષંગીને. જ્હૉન્સનના સાહિત્યવિજયી વ્યક્તિત્વનું રહસ્ય બૉઝવેલની આ અભ્યાસમંડિત અને સમગ્રદર્શી નોંધો તથા તેણે લખેલા જીવનચરિત્રમાં રહેલું છે. 'મારા મૃત્યુ પછી આ ડાયરી બાળી નાખવી' એવું જ્હૉન્સને બૉઝવેલને કહી રાખેલું. તેણે ડાયરી બાળી તો ન નાખી, પરંતુ દોઢ સદી સુધી તે ગોપિત ને અપ્રાપ્ય રહી. અંતે અકસ્માત્ એક અવાવરુ તબેલામાંથી બૉઝવેલના પત્રો તથા એ 'જર્નલ' હાથ લાગેલાં, તે એ મકાનના જૂના માલિક પાસેથી લેફ્ટ. કર્નલ રાલ્ફ હેવર્ડે ખરીદી લઇને અમેરિકાની યેલ યુનિવર્સિટીને સોંપ્યાં.

ઘણુંખરું ૧૭૬૩માં જ તેણે 'ધ ક્લબ' સ્થાપી, જે પાછળથી 'ધ લિટરરી ક્લબ' તરીકે જાણીતી થઇ. ક્લબનો એક સભ્ય ને જ્હૉન્સનનો અંતેવાસી સર જ્હૉન હૉકિન્સ કહે છે: 'જેવી રીતે સિકંદર અને સીઝર વિજય મેળવવા માટે જ જન્મ્યા હતા, તેવી રીતે જ્હૉન્સને જન્મ લીધો હતો વિદ્વચ્ચર્ચાઓ માટે, બધા જ વાર્તાલાપો વખતે આખી સભાનું પ્રમુખપદ શોભાવવા માટે.' વધુમાં તે ઉમેરે છે, 'અને એ હક તેની પાસેથી છીનવી શકે એવો કોઈ આદમી મેં હજુ સુધી જોયો નથી.' ક્લબ પર તેનાં વિદ્વદ્ગાંભીર્ય અને બુદ્ધિપ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠતાં. બર્ક અને વિલ્કીઝ, ગિબન અને શેરિડન, ગોલ્ડસ્મિથ અને લૉર્ડ ચાન્સેલર થર્લો, રાજપુરુષ ચાર્લ્સ ફૉક્સ ને શેલ્બર્ન (જ્હૉન્સનના મૃત્યુથી પહેલાંને વર્ષે ઈંગ્લંડને પ્રધાનપદે આવેલો) વગેરે નાનાવિધ ક્ષેત્રોના ધુરંધરોના સાહિત્યવાર્તાલાપોનું ધ્રુવકેન્દ્ર એ જ રહેતો.

૧૭૬૪માં તેને દારૂ ગાળનાર ધનવાન ગૃહસ્થ હેન્રી થ્રેઈલનો પરિચય થયો. બંનેની મૈત્રી સારા પ્રમાણમાં વિકસી ને જ્હૉન્સન વર્ષો સુધી તેને ઘેર માનીતો મહેમાન બનીને રહ્યો. શ્રીમતી થ્રેઇલના માયાળુ અને કાળજીભર્યા વર્તનથી જ્હૉન્સનના દુર્દૈવપીડિત માનસને ઘણી આસાયેશ મળતી. ૧૭૬૫માં શેક્સ્પીઅર વિષેની તેની કૃતિની આવૃત્તિ અને ૧૭૭૯–૮૨માં તેની છેલ્લી મહાન કૃતિ 'લાઈવ્ઝ ઑાવ ધ પોએટ્સ' (૧૦ ભાગોમાં) બહાર પડી તે પહેલાં બૉઝવેલ સાથેની તેની સ્કૉટલંડની સફરનું વર્ણન કરતું પુસ્તક 'જર્ની ટુ ધ વેસ્ટર્ન આઈલ્સ ઑાવ સ્કૉટલંડ' ૧૭૭૫માં પ્રકટ થએલું. તેના જીવનના છેલ્લાં વર્ષો તેના ગોલ્ડસ્મિથ અને થ્રેલ જેવા સહૃદય મિત્રોનાં અવસાનને કારણે દુ:ખમય વીત્યાં. પછી શ્રીમતી થ્રેઈલ એક ઇટાલિયન સંગીતકાર પીઓઝીને પરણ્યાં, તે બનાવથી જ્હૉન્સનનું આંતરદુ:ખ વધુ ઘેરું બન્યું. મૃત્યુની તેને સતત બીક લાગ્યા કરતી. માનસમાં ઘર કરી ગએલી વિષાદવશતાનું તે સીધું પરિણામ હતું. મિત્રસંપર્ક અને વાર્તાલાપો દ્વારા આ વિષાદવશતાને તેણે મરણ સુધી ટાળવાનો પ્રયત્ન કર્યો. છતાં આશ્ચર્યની વાત તો એ છે કે આખર સુધી મરણની બીકથી ગભરાટ અનુભવનાર જ્હૉન્સનના આખરી દિવસો ગહન શાંતિમા પસાર થયા. રેનૉલ્ડ્ઝ અને બર્કની કાળજીભરી શુશ્રૂષા તેને છેક મરણપથારી પર પણ મળી, અને અંતે ૧૭૮૪ની ૧૬મી ડિસેમ્બરે ચિત્તની ઊંડી શાંતિમાં તેનું અવસાન થયું. તેનો વફાદાર હબસી નોકર આખર સુધી તેની સેવામાં ખડે પગે રહ્યો હતો. વેસ્ટમિન્સ્ટર ખાતે તેને દફનાવીને બ્રિટિશ લોકોએ તેની પ્રતિભાનું બહુમાન કર્યું. 'ધ ક્લબ' તરફથી સેન્ટ પૉલ ખાતે તેનું સ્મારક પણ ઊભું કરવામાં આવેલું.

જ્હૉન્સનની સાહિત્યિક સિદ્ધિઓ આગળ તેનાં રાજકીય ઉચ્ચારણો ઢંકાઈ ગયાં છે, પરતુ એ પણ તેનાં સાહિત્યિક વિધાનો જેટલાં જ પ્રાણવાન અને વસ્તુલક્ષી છે. (અનુસંધાન પૃષ્ઠ ૫૨૫ ઉપર)

દ્વીપાન્વિતા

લેખક · શિવકુમાર જોષી

બસમાં ચિક્કાર ભીડ હતી. બંને બાજુની સ્ત્રીઓ માટેની અલાયદી બેઠકો પણ પુરાઈ ગઈ હતી. ચારપાંચ જુદીજુદી વયની સ્ત્રીઓ તે કારણે બીજા પુરુષ મુસાફરોની જેમ બસના છાપરા સાથે જડેલા લોખંડના સળિયાના આધાર લઈને દોડી જતી બસમાં ઊભી હતી.

એક વાગતાં કે બસ સ્ટૅન્ડ આવતાં આંચકા સાથે ઊભી રહેતી બસમાં એમ ઊભુ રહેવું જરા યે સગવડભર્યું ન હતું. એમાં યે અવિવેકી પુરુષ સહયાત્રીઓ એવી ક્ષણોમાં પોતાનું સમતોલપણું કાળજીપૂર્વક સંભાળી લેવા માટે ખાસ આગ્રહી ન હતા. એમની આવી વતણૂક એક ઊંચી સૂકી યુવતી ખાસ ધ્યાનપૂર્વક નોંધી રહી હતી એમ દૂર ઊભાં ઊભાં હું જોઈ શકતો હતો. કોઈ પુરુષ-સહયાત્રીની એવી વતણૂક સામે એ આડી નજરે જોઈ લેતી ત્યારે સાંકડા કપાળ ઉપર ચડી જતી એની કાળી ભ્રમરનો વળાંક અને પિસાતા હોઠની પાતળી રેખાઓ હું રસપૂર્વક જોઈ રહેતો.

એકાદ મહત્ત્વનું સ્ટૅન્ડ આવતાં પૅસેન્જરોની ચડઊતર શરૂ થઈ. ખાલી થતી જગ્યાઓ ઝડપથી પડાવી લેવાની ઠેલાઠેલીમાંથી આઘો સરીને હું પેલી યુવતી તરફ જોઈ રહ્યો હતો. શરમાળ બંગાળી ભદ્ર યુવતી ભાગ્યે વર્તે તે રીતે એને વર્તતી જોઈને હું અવાક્ થઈ ગયો. સળિયાને નજીકનજીકથી પકડી ઊભેલા એક તોછડા યુવાનનો હાથ ઝડપથી આંચકા સાથે ખસેડીને એ યુવતીએ તુરત ચડી આવેલી એક આધેડ વયની સ્ત્રી માટે ખાલી બેઠક સુધી પહોંચવાનો માર્ગ સરળ કરી આપ્યો.

એની આ વતણૂક પછી પેલો યુવાન બે ડગલાં પાછળ આવી ગયો. બસ ચાલુ થયા પછી પોતાના સાગરીત સાથે ઘુસપુસ વાતો એ કરતો રહ્યો. છૂટક-છૂટક સંભળાતા એમના શબ્દો 'એક્સ્ટ્રા બોલ્ડ', 'ક્યા મિજાજ!' 'બહુત તેઝ' કોને માટે વપરાતા હતા તે હું જાણતો હતો અને કુતૂહલથી એ તાસીરો હું જોયા કરતો હતો.

લેઈક કૉલોનીનું બસ સ્ટૅન્ડ આવ્યું ને હું ઊતર્યો. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો પેલી યુવતી પણ એ જ સ્ટૅન્ડે ઊતરી પડી, અને અમારી કૉલોનીના રસ્તે જ એણે ચાલવા માંડ્યું.

આઠ દસ કદમનું અંતર રાખીને હું એની પાછળપાછળ ચાલવા માંડ્યો. પાંચ ફૂટ ને પાંચેક ઈંચની એની ઊંચાઈ હશે. એ અસામાન્ય ઊંચાઈને કારણે આમ સૂકો લાગતો એનો દેહ પાસેથી જોતા સુઘડ લાગ્યો. એની ચાલમાં દૃઢતા હતી, થોડી બેફિકરાઈ પણ વરતાતી હતી.

ઝડપથી ચાલી એની બાજુએ પહોંચી જઈને એનો પરિચય કરવાનું મને મન થયું. મારી ઝડપ મેં વધારી, પણ એની પાસે પહોંચું છું ત્યાં એની પેલી સખત નજર મારા તરફ એણે માંડી. એના નાના ઘઉંવર્ણા કપાળ ઉપર હમણાં પેલો તિરસ્કારદર્શક ભ્રકુટિસંકોચ નિર્માશે એમ મેં કલ્પ્યું, પણ એવું કાંઈ ન બન્યું. ઠાકુરિયા પૂલ ઉપરથી પસાર થતાં, પશ્ચિમમાં ડૂબતાડૂબતાં સવિતાનારાયણે તળાવની છાતી ઉપર પાથરેલી રંગબિછાત તરફ એની દૃષ્ટિ પડી અને પ્રસન્નતાપૂર્વક રવીન્દ્રસરોવરનાં હસતાં જળ એ નીરખી રહી. પૂલના કઠેરા ઝાલીને બેપાંચ ક્ષણ એ ઊભી રહી. એનું શામળું મુખ અને સામાન્ય લાગતી રેખાઓ પશ્ચિમ-આકાશના ઊતરતા અજવાળામાં માર્દવભર્યાં લાગ્યાં.

સૃષ્ટિસૌંદર્યના આકંઠ ઘૂંટ પીને એ આગળ ચાલી. મારી દૃષ્ટિ પણ હવે સાવ નિર્મળ બની ગઈ હતી. એના પાછળ થોડે અંતરે નિઃસ્પૃહભાવે હું ઘર તરફ ચાલવા માંડ્યો. તેણે પણ પાછા વળીને ફરીથી એકે



વાર મારા તરફ ન જોયું. એની ધીરી ચાલ ઉપરથી, મને લાગ્યું કે કોઈ ઊંડો અગત્યનો વિચાર ગોઠવતી એ ચાલી જતી હતી. ૧ ' ૪

'**ત**મે અને દ્વીપાન્વિતા એક સાથે ક્યાંથી?' ઘરમાં પેસતાં જ ઊર્મિલાએ મને પ્રશ્ન પૂછ્યો.

'દ્વીપાન્વિતા? કોણ દ્વીપાન્વિતા?' મેં સામે સાશ્ચર્ય પૂછ્યું.

'અરે! આ જેની પાછળપાછળ તમે ચાલ્યા આવતા હતા તે.' પત્નીએ ખુલાસો કર્યો અને વાત આગળ લંબાવી, 'આ કૉલોનીમાં આજ ત્રણ વરસથી રહો છો ને દ્વીપાન્વિતાને ઓળખતા નથી?'

'ઘરની પત્નીને પણ જે પૂરી ન ઓળખી શકતો હોય તે બહારની સ્ત્રીઓ—ને તેમાં યે પારકી યુવતીઓને ક્યાંથી ઓળખે?' પરસેવાથી રેબઝેબ થએલું શર્ટ ઉતારતાં મેં હળવે ચિત્તે મજાક કરી.

'થોડી નટખટ કે પછી કંઈક રૂપાળી યુવતી હોત ને આવી નિસ્પૃહતા તમે બતાવત કે કેમ તેની મને શંકા છે!' સાત વર્ષના અમારા પ્રસન્ન દાંપત્યના દાવા છતાં ઊર્મિલાએ પાણીનો ગ્લાસ ધરતાં મને પ્રમાણપત્ર આપ્યું. 'આ બીચારી ઊંચી, સૂકી અને પાછી શામળી! બાકી હતું તે જાડા કપડાં પહેરે, એટલે તમારી નજરે પડે ક્યાંથી?'

આમ તો આ વાત ત્યાં જ અટકી જાત, પણ ઊર્મિલાએ 'બીચારી' વિશેષણ વાપર્યું, એટલે મારાથી ન રહેવાયું અને તે સાંજે બસમાં બનેલા પ્રસંગની વાત મેં કહી સંભળાવી.

પણ એ વાતને અંતે ઊર્મિલાના મુખ ઉપર આશ્ચર્યનો ભાવ જોવા ધારેલો તે ન જોતાં મને જ આશ્ચર્ય થયું.

તે પછી જે વાતો એણે કરી તે ઉપરથી એનું કારણ પણ થોડું સમજાયું. સારું જેવું ભણેલી આ ૨૬-૨૭ વર્ષની યુવતી પોતાના ઘરનો ભાર ઉપાડે છે, રાજકારણમાં પણ રસ લે છે, કૉલોનીમાં ઉત્સવ પ્રસંગે યોજાતી કમિટીમાં એ હોય જ, નાના બાળકો સ્ત્રીઓ અને પુરુષવર્ગમાં પણ એનું ખૂબ માન છે, વગેરે વગેરે.

પુરુષસમોવડી બનવા મથતી યુવતીઓમાં મને ખાસ રસ ન હતો. સ્ત્રી સ્ત્રી જ રહે, એમાયે યુવાન સ્ત્રી યુવાન જ રહે, એના રાગવિલાસ એના યૌવનના યોગ્ય માતષ્ઠા ઉપરાંત એના સઘળા સ્ત્રીત્વનો

વેળાસર પુરુષને અર્ઘ્ય ધરે તો જ એનું સ્ત્રીજીવન સ્વાભાવિક કૃતકૃત્યતા પામે એવું કૈંક હું માનતો. સ્વાતંત્ર્ય મળ્યા પછી રાજકારણમાં મને રસ રહ્યો ન હતો એટલે દ્વીપાન્વિતાના મીઠા નામ સિવાય મને એની કોઇ વાતમાં વધુ રસ લેવાનું મન ન થયું, પરંતુ એવું અઘરું નામ કોણે પાડયુ હશે, શા માટે પાડયુ હશે, એનો કોઇ અર્થ ખરો, આવી ઊર્મિલાની પ્રશ્નપરંપરાના જવાબમાં કંટાળીને મેં એને ખાતરી આપી કે 'આપણે ત્યાં ભૂલેચૂકે પણ દીકરી અવતરે તો એનું નામ દ્વીપાન્વિતા નહિ જ પાડું!'—ને તે સાંજે ઊર્મિલા ચૂપચાપ કામે વળગી ગઇ.

પણ થોડા જ દિવસ પછી એ નામનું રહસ્ય અમને જાણવા મળ્યું. રાતે લગભગ પોણાનવ વાગ્યે હું અને ઊર્મિ સિનેમામાંથી છૂટીને ટૅક્સીમાં ઘર તરફ પાછાં ફરતાં હતાં. રસ્સા રોડમાંથી સધર્ન ઍવન્યુ તરફ વળતાં, ખભા થેલી ઝુલાવતી, રસ્તો પાર કરીને આગળ ચાલી જતી એક સૂકી પાતળી યુવતીને જોઇને ઊર્મિલાએ ટૅક્સી ઊભી રખાવી. રોજની ટેવ પ્રમાણે પોતાની ધૂનમાં કે ઊંડા વિચારમાં ચાલી જતી દ્વીપાન્વિતાને ઓળખી લઇને ટૅક્સીમાં બેસી જવા એણે આમંત્રણ આપ્યું. ઊર્મિલાને ઓળખતાં વાર દ્વીપાન્વિતા ટૅક્સીમાં બેસી ગઈ. ઊર્મિલાએ મારી ઓળખાણ આપી! 'દિદિ, આ મારા સ્વામી! ૧૯૪૨-'૪૩માં એ પણ ભૂગર્ભપ્રવૃત્તિમાં—રચ્યાપચ્યા રહેતા. અંગ્રેજોના સીનાને નિશાન બનાવવાના એમને ખૂબ કોડ હતા. રાજકારણમાં ઊંડો રસ, અભ્યાસી પણ ખરા. અરે, એમને માથે તો વૉરંટ પણ હતું...' એમ મારી વખાણપરંપરા લાંબી ચાલત, ત્યાં દ્વીપાન્વિતાએ મારી સામે જોઈને કંઇક કરડાકીમાં બોલી નાખ્યું, 'અને હવે દેશ સ્વતંત્ર થયો એટલે સંતોષનો ઓડકાર ખાઇને ધંધે લાગી ગયા?'

મારી ભૂગર્ભપ્રવૃત્તિ અને બીજા વખાણના જવાબમાં એ યુવતીના મુખ ઉપર અહોભાવની મેં આશા રાખેલી, તેને બદલે આવો કટાક્ષ સાંભળીને હું કંઈક નિરુત્સાહ બની ગયો; એટલું જ નહિ પણ મનોમન આ યુવતી મને કંઈક તોરી અને અભિમાની લાગી.

ટૅક્સીએ રવીન્દ્ર-સરોવર તરફ ચક્રાવો લીધો. એ આગળ બોલી, 'બૉંબ અને રિવૉલ્વર કેમ પકડાય તેની સૂઝ અને સમજ વિના એવા ઍમેટર ટેરરિસ્ટ વચગાળામાં ઘણા ફૂટી નીકળેલા. ખોટું ન લગાડશો, શ્રીમાન કિશોરબાબુ! તમે કદાચ એમાંના એક નહિ હો; પણ બાપુ કહેતા કે મુઠ્ઠીમાં જીવ લઇને એ પરદેશી સત્તા સામે સાવ કઢંગાં સાધનો સાથે ઝૂઝવું એ જુદી વાત હતી, અને આમ આડી રાતમાં ઉત્સાહમાં આવી જઇને બૉંબ રિવૉલ્વરની માત્ર વાતો કરવાની પેલી એક છોકરમતભરી મનોવૃત્તિ એ પણ જુદી વાત હતી...'

બીજું ઘણું બધું એ બોલી ગઈ. એ શબ્દો મને યાદ ન રહ્યા. મને યાદ રહી માત્ર એની ખુમારી, એના શામળા મુખ ઉપર એવી વાતો કરતાં પ્રગટ થઈ જતો કોઈ અનોખો આત્મવિશ્વાસ, વાત કરતાં કરતાં પોતાનું કહેવાનું સ્પષ્ટપણે વ્યક્ત કરતાં પ્રસરી જતાં આંગળાં, કંઈક ધ્રૂજીને સખત થઇ જતા પહોંચા; ને એ બધાથી યે વધુ 'મારા બાપુ' એમ બે શબ્દ બોલતાં ઊંડે ઊંડે એના અંતરમાંથી જાગતો હોય તેવો, એ શબ્દો સાથે ઓતપ્રોત થઇને પૂજ્યભાવ પ્રગટ કરતો ગૌરવભર્યો રણકાર!

રાત આગળ વધતી હતી. જમવાનું મોડું થઇ ગયું હતું, છતાં એના વિવેકભર્યા આમંત્રણને માન આપીને અમે એના ઘર પાસે જ ઊતરી ગયાં. 'મારા બાપુ' જેવા શબ્દો જે વ્યક્તિ માટે એ વારંવાર વાપરતી હતી તે વ્યક્તિને જોવાનું કુતૂહલ હું પણ ન રોકી શક્યો.

બેઠા ઘાટના એ મકાનમાં પ્રવેશતાં જ એ કુટુંબની સાવ સામાન્ય સ્થિતિનાં દર્શન થયાં. બહુ ઓછા કૅન્ડલપાવરનો એક વીજળીનો દીવો છતમાંથી લટકતા વાયરને છેડે આછોઆછો ઝૂલતો હતો. ખૂણામાં પુસ્તકોથી ભરેલું એક લાકડાનું કાણું કબાટ; તેની બાજુમાં એક પાટ; અને તે ઉપર બિછાવેલી પાતળી ગાદી ઉપર નાના ગોળ તકિયાને આધારે લગભગ ૬૫ વર્ષની વય લાગે તેવો વૃદ્ધ પુરુષ કાંઈક વાંચતો બેઠો હતો. દ્વીપાન્વિતાએ ઘરમાં પ્રવેશતાં જ એની પદધૂલિ માથે ચડાવી અને અમારી ઓળખાણ આપી. હું અને ઊર્મિલા એમને વંદન કરીને બાજુની ખુરશીમાં બેઠાં.

કૃશ શરીર ઉપર મોકળાશથી ઝૂલતું હોય તેવું બરછટ કપડાનું પહેરણ એમણે પહેર્યું હતું, ટૂંકા ધોતિયાથી ઢંકાએલા એમના પાતળા કાળા પગ ઉપર નસો ઊપસી આવી હતી. માથાની ધારે બચેલા થોડા અસ્તવ્યસ્ત સફેદ વાળ ઉપર, ઝાંખા પ્રકાશમાં પણ ચળકતી ટાલ ઉપર, એમણે પોતાનો નિર્બળ હાથ ફેરવ્યો. શુષ્ક, ઉત્સાહવિહીન અવાજે એમણે અમને આવકાર આપ્યો.

પણ થોડી વારે જ્યાં એમની પુત્રીએ મારા ભૂતકાળના રાજકારણમાંના રસની વાત કરી કે એમનું સમગ્ર વ્યક્તિત્વ ચેતનવંતું બની ગયું. ક્યાંકથી અણધારી ઉષ્મા એમની વાણીમા પ્રગટી. એમના ઓજસહીન શરીરમાં જાણે નવો પ્રાણસંચાર થયો. થોડી વાત આગળ ચાલતાં એ બોલ્યા, 'કિશોરબાબુ, મેં એક સ્વપ્ન જોયું હતું, મેં એકલાએ નહિ હોં, અમે...અમે સેંકડો અને હજારો નવલોહિયા બંગ જુવાનોએ એ સ્વપ્નને સાકાર કરવાનું વ્રત લીધું હતું.'

બાજુમાં પડેલા પુસ્તકોના ઢગલાની વચમાંથી અડોઅડ ચોંટાડેલાં બે જાડાં પૂંઠાંનું એક આલ્બમ એમણે ખેંચી કાઢયું, ને તે ખોલીને ચીવટથી ચોટાંડેલી છાપાંની કાપલીઓ, થોડા ફિક્કા પડી ગએલા ફોટો વગેરે અમારી સામે ધરીધરીને ઉત્સાહથી બોલવા માંડયું.

'આ મારા ભેરુબંધો સંજય અને વિષ્ણુદા,–માસ્તરદાના અમે સૌ શિષ્યો અને સૈનિકો. આ અંબિકા ચક્રવર્તી, આ જતીન દા અને, અને આ આ ખુદીરામ...' એમને શ્વાસ ચડતો હતો તેની પરવા કર્યા સિવાય ગળું સાફ કરીને એ આગળ બોલ્યા, 'મા ભારતીને બંધનમુક્ત કરવી હતી, એ શૃંખલા ફોડીને એને ફરીથી ગૌરવવંતી બનાવી શકાય તે માટે અમારાં લીલાં માથાં વધેરવાનું અમે વ્રત લીધું હતું...'

અમે બંને એકચિત્તે સાંભળી રહ્યાં છીએ, અમારાં મુખ ઉપરનો આશ્ચર્યભાવ ધીરેધીરે કંઈક કદરદાનીભર્યો બનતો જાય છે, એમ એમણે જોયું કે કોણ જાણે શાથી, પણ એકાએક એમનો વાણીનો પ્રવાહ થંભી ગયો અને ઊંડો શ્વાસ લઈને સ્પષ્ટ કટાક્ષ પ્રગટ થાય તે રીતે એ બોલી ઊઠયા, 'ના, ના, તમારી પાસેથી મારે કોઈ કદરની કે અહોભાવની અથવા સહાનુભૂતિની વાતો નથી સાંભળવી હોં. એવી કોઇ અપેક્ષાથી હું આ તમારી પાસે બધું બબડી ગયો નથી. મારે તો તમને એક ગજબ કારુણ્યની વાત કહેવી છે, જો તે તમે સમજી શકો તો.'

આ પુરુષની વાણીમાં હવે થોડી ઘેલછા પ્રગટતી હતી, એમ મને લાગ્યું, મેં એવી ધારણા ઊર્મિલાની દૃષ્ટિમાં પણ રાખેલી; પરંતુ એ તો એકચિત્તે એ વયોવૃદ્ધ પુરુષની આવી વાતો ભક્તિનમ્ર બનીને સાંભળી રહી હોય એમ લાગ્યું, એટલે મેં વળી એમની વાતમાં ચિત્ત પરોવ્યું.

'જુઓ, જુઓ આ નિચોવાઈ ગયેલું શરીર! આ હાથ અને પગ ઉપર નસો ઊપસી આવી છે. છાતીના પાંસળાં ગણવાં છે? જરા યે મુશ્કેલી નહિ પડે, કારણ કે તે ઉપર લોહીમાંસનું આછું–પાતળું પડ પણ તમારે શોધવું પડશે. તમારી જેમ આ માથા ઉપર પણ કાળી ભમ્મર બાબરી એક વાર ઝૂલતી હતી: જુઓ આ ફોટો, પચીસ વરસનો ગૌરવર્ણ હસમુખો અલમસ્ત આ યુવાન હતો. અરે અમે બધા એવા જ હતા. તેથી જ તો દિવસ ને રાત જોયા સિવાય, પૂર્વબંગના નદીનાળાં, ચિતાગૉંગની ટેકરીઓ અને વાંસનાં જંગલો (અનુ૦ પૃષ્ઠ પ૨૪)

ભારતનું મૂર્તિવિધાન

ઉદ્ભવ અને વિકાસ

રસિકલાલ છોટાલાલ પરીખ


ભાવોને મૂર્ત કરવા એ કલામાત્રનું લક્ષણ છે, ને એ રીતે બધી કલાઓને ભાવોનું મૂર્તિવિધાન કહી શકાય. પણ એમ કહેવાનો પ્રઘાત નથી. ભાવોને મૂર્ત કરવા માણસ જે સાધનો વાપરે છે તે પરથી કલાઓને જુદાંજુદાં નામો આપવાની પ્રથા થઈ છે; જેમકે સ્વરને સાધન બનાવતી કલા તે ગીત—વાદ્ય, રેખા ને રંગ દ્વારા વ્યક્ત થતી કલા તે ચિત્ર, શબ્દ દ્વારા કાવ્ય, અંગની ગતિ-સ્થિતિ દ્વારા નૃત્ય, તેમ સ્થૂલ દ્રવ્યોને ઘાટ આપી ભાવોને મૂર્ત કરવાની કલા તે મૂર્તિકલા.

ગ્રીસનો પ્રાચીન ફિલસૂફ ઍરિસ્ટૉટલ 'મિમેસિસ' અર્થાત્ 'અનુકરણ'ને કલાલક્ષણ ગણે છે. જગતના સ્થાવર અને જંગમ, અજીવ ને સજીવ પદાર્થો—પર્વત, નદી, વૃક્ષ, વેલી, પશુ, માણસ આદિ પદાર્થો—જેમને લંબાઈ, પહોળાઈ અને પરિમાણ છે, તેનાં એ પરિમાણોનું અનુકરણ માણસ કરતો જ આવ્યો છે. આ 'અનુકરણ' એની પ્રગતિનું મોટામાં મોટું નિમિત્ત બન્યું છે. એ એના શિક્ષણનું, આનંદનું ને એની સ્મૃતિ સાચવવાનું સાધન છે. સ્મૃતિ સાચવવાની આ વૃત્તિ એ મૂર્તિસંવિધાનની મોટામાં મોટી પ્રેરણા બની છે; આની સાથે એની પૂજા પણ સંકળાએલી છે,—અને એનો આનંદ પણ.



નટરાજ : ગતિમાં પણ સ્થિતિનું શ્રેષ્ઠ નિદર્શન કરતી ભારતીય પ્રતિમાકારની અપૂર્વ કલ્પનાનું એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત.

લંબાઈ, પહોળાઈ ઇત્યાદિ પરિમાણોનું અનુકરણ કરવા જેમાં આવાં પરિમાણો મૂકી શકાય એવાં દ્રવ્યો કુદરતે માણસની પાસે જ રાખ્યાં હતાં. માટી, લાકડું અને પોચો પથ્થર તો તેની પાસે હતાં. ધાતુઓની શોધ થઇ અને એના ઢાળા પાડતાં આવડ્યું એટલે એ પણ સાધન વધ્યું. તે બધાનો માણસે મૂર્તિસંવિધાન માટે ઉપયોગ કર્યો.









મુંએ-જો-દડો અને હરપ્પાની નગરસંસ્કૃતિના અવશેષો. મુંએ-જો-દડોની આ ત્રણ મુદ્રાઓ પરનાં લખાણ, વૃષભો તથા વૃક્ષનાં આલેખનોનું સંયોજન કેટલું સપ્રમાણ છે! નીચે પહેલી આપેલી મુંએ-જો-દડોની પોચા આરસની માનવમૂર્તિ પર તો અતિસુંદર રાસાયણિક પ્લાસ્ટર કરેલું છે. તેનું નીચું કપાળ, આગળપડતું નાક ને ભરાવદાર હોઠ પરથી તત્કાલીન માનવીનો ખયાલ આવે છે. એ જ કાળની ત્યાંની તાંબાની સ્ત્રીમૂર્તિનો કેડે હાથ દઈ ઊભા રહેવાનો ઠસ્સો; તેની બાજુની હરપ્પાની નૃત્યરત મૂર્તિના દેહભંગનું લાવણ્ય તથા છેલ્લે હરપ્પાની જ લાલ પથ્થરની પુરુષમૂર્તિના દેહનું સૌષ્ઠવ જોતાં એ કાળનું ભારતનું શિલ્પ-વિધાન કેવી ઉચ્ચ કક્ષાએ પહોંચેલું હતું તે જણાશે.







પહેલી સદીનું સર્વોત્તમ શિલ્પ: ચામરધારિણી યક્ષી: બિહારમાં દીદારગંજ પાસેથી મળી આવેલી ઇ.સ.ની પહેલી સદીની, માનવકદની સુંદર અને સપ્રમાણ, દીસા ઓપયુક્ત આ પાષાણમૂર્તિ આજથી બે હજાર વર્ષ પર આપણી મૂર્તિકલા કેટલી સંપૂર્ણ વિકાસદશાએ પહોંચી હતી તે દર્શાવે છે. સુપુષ્ટ છતાં માર્દવભર્યાં આ શિલ્પના પથ્થરને મૌર્ય શિલ્પીઓએ કોઈ અજ્ઞાત વિધિથી ચુંબિત એવો તો ઓપદાર બનાવ્યો હતો કે એમાં અરીસાની પેઠે મોં જોઈ શકાય!

કરકરા લાલ પથ્થરમાં, આજથી દોઢ હજાર વર્ષ પર પણ કુશળ શિલ્પીઓ ચહેરાના સૂક્ષ્મ ભાવ શિલ્પમાં ઉતારતા. આભામંડળમાંની કમળની ડિઝાઈનો તેમની શોભનશક્તિ દાખવે છે.

ઉપર: ડાબી બાજુથી (૧) ચામરધારિણી યક્ષી: જુઓ બાજુએ વર્ણન; (૨) બીજી સદીનું કુશાન રાજ્યકાળનું થાંભલા પરનું મથુરાનું લાલ પથ્થરનું શિલ્પ; (૩) ગુપ્ત રાજ્યકાળમાં મથુરામાં પૂર્ણાવસ્થાએ વિકસેલી શિલ્પકલાનો નમૂનો: પાંચમી સદીની લાલ પથ્થરની બુદ્ધમૂર્તિ.

આ બાબતો ધ્યાનમાં રાખી ભારતની મૂર્તિકલાનો ઉદ્ભવ અને વિકાસ વિચારીએ તો તેનો ઇતિહાસ પ્રાગૈતિહાસિક કાલનાં ઓજારો વગેરે જે મળ્યાં છે ત્યારથી ગણાય. ઇતિહાસ તો અવશેષોને અધીન છે. લાકડાની મૂર્તિઓ તો એટલા પ્રાચીન કાળની મળવી લગભગ અશક્ય, કેમકે લાકડું કાલનો આઘાત સહન કરી શકતું નથી, પણ માટી, પથ્થર ને ધાતુમાં ટકવાની શક્તિ વધુ હોવાથી તેના અવશેષોની આશા રાખી શકાય; અને એવા મૂર્તિકલાના અવશેષો ભારતમાં આદ્ય ઐતિહાસિક કાલનાં—લગભગ પાંચ હજાર વર્ષો પૂર્વેનાં મળ્યાં પણ છે.

હાલના પાકિસ્તાન રાજ્યમાં આવેલા સિંધ અને પશ્ચિમ પંજાબમાં અનુક્રમે મુંએ-જો-દડો અને હડપ્પામાંથી માટીની નાનીમોટી મૂર્તિઓ અને ચૂનેરી તથા રેતાળ પથ્થરની તેમજ ધાતુની પ્રતિમાઓ મળી છે. માટીની મૂર્તિઓ અને મુદ્રાઓમાં વૃક્ષો, વેલીઓ, પશુઓ અને માણસના આકારો અનુકૃત થએલા છે. તેમાં દેવીદેવીઓની પણ મૂર્તિઓ છે. ધોળકા પાસે આવેલા લોથલના ટેકરામાંથી પણ માટીની મુદ્રાઓ અને મૂર્તિઓ મળ્યાં છે, જેમાં પણ પ્રાણીઓ ને મનુષ્યના ઘાટો છે આમાં એક ગોરિલાની મૂર્તિ અને એક સુમેરવાસીની મૂર્તિ એટલી બધી હૂબહૂ છે કે એ શિલ્પીની કલાકુશલતા પ્રશંસાપાત્ર બને છે. એવી જ પ્રશંસાપાત્ર તાંબાની કૂતરાની મૂર્તિ છે. પણ આ યુગનું ઉત્તમ શિલ્પ તો મુંએ-જો-દડોની દાઢીવાળા પુરુષની પથ્થરની મૂર્તિમાં અને નર્તકીની તાંબાની મૂર્તિમાં છે. એમાં જે કલા દેખાય છે તે લાંબા સમયની હથોટીનો પરિપાક છે. મૂર્તિવિધાનમાં કેટલું વિષય-વૈવિધ્ય આવતું હતું તે, અને તે પણ કેટલું સુરેખ, તે જોવું-સમજવું હોય તો મુંએ-જો-દડો, હડપ્પા અને લોથલની માટીની મૂર્તિઓ ને મુદ્રાઓનો અભ્યાસ કરવો જોઇએ.

આમ, ભારતીય મૂર્તિસંવિધાનનો ઇતિહાસ તો ઈ. સ. પૂર્વે ત્રીજા સહસ્રમાં શરૂ થાય છે; પણ પછીના બે હજારથી વધુ વર્ષગાળામાં આ કલાનો શો ઇતિહાસ હતો તે જાણવાના અવશેષો મળ્યા નથી. એ પછી છેક મૌર્યકાલના, ઈ. પૂ. ચોથાથી તે બીજા સૈકાના અવશેષોમાં મથુરા જિલ્લાના પારખમમાંથી અને પટણામાંથી મળેલી દૃઢતાના પ્રતીક સરખી યક્ષપ્રતિમાઓ દેખા દે છે. પણ આ યુગના શિલ્પકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ તો અશોકના એક શિલાના સ્તંભો અને તેના શિરઃસ્થાને વિરાજતા સિંહો તથા વૃષભની પ્રતિમાઓમાં છે. આમાંના એક સિંહવૃંદની પ્રતિમા તો ભારતીય સરકારે પોતાની શાસનમુદ્રા તરીકે સ્વીકારી છે. આ મૂર્તિઓમાં એવી સુઘટિતતા, બલવત્તા ને પૂર્ણતાનો પ્રકાશ છે કે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો એમાં સિકંદરની સવારી પછી એશિયામાં રહી ગએલી ગ્રીક કલાની અસર જુએ છે.

આ પછી શુંગ સમયના, ઇસવી સન પૂર્વે બીજાથી પહેલા સૈકાના અવશેષો આવે છે. ભારહુત અને સાંચીના સ્તૂપોનાં દ્વારો ને તોરણોમાં કોરાઈ રહેલી મૂર્તિઓમાં આ કલાનો ઇતિહાસ મળે છે. આ મૂર્તિશ્રેણીઓ ભગવાન તથાગતની જીવનકથા નિરૂપિત કરે છે.

કુશાન વંશના સમ્રાટોના યુગમાં—ઈસવી સનની પહેલી ને બીજી સદીઓમાં—ગ્રીક શિલ્પની સેવા બુદ્ધકથાને મળે છે. એને ગાંધારની કલા કહેવામાં આવે છે. બુદ્ધ ભગવાનની પ્રતિમાઓ મૂળ ક્યારે ને

બિહારમાંથી મળેલો ૬ ફૂટ ને ૧૦ ઇંચ ઊંચાઇનો આ ભવ્ય વૃષભ અશોકના રાજ્યકાળમાં ૫૦ ફૂટ ઊંચા, ગોળ, લીસા સ્તંભ ઉપર શીર્ષક તરીકે શોભતો. ત્રીજી સદીના મૌર્યકાલીન શિલ્પનો એ ઉત્તમ નમૂનો છે, જેના પર દર્પણના જેવી ચમક છે. એ સમયમાં આવાં વિવિધ ધાર્મિક ચિહ્નો ઉપર લોકોને બહુ શ્રદ્ધા હતી, તેથી પ્રતીક રૂપે તે આલેખાતાં. વૃષભ એ ધર્મનો સૂચક છે, જેનો અર્થ છે ધારણાત્મક વ્યવસ્થા—જેને આધારે સૃષ્ટિ ને સમાજ ટકી શકે છે. એની સહાયથી જ માનવી પૃથ્વી ખેડી અન્ન પેદા કરે છે.







ઈ. ૧૦૦૦ની તાંજોરની પાર્વતીની કાંસ્યમૂર્તિ : દક્ષિણની લલિત ધાતુમૂર્તિકલાનું ઉદાહરણ.

ઉપર : ડાબી બાજુથી (૧) અશોકસ્તંભ પરનો વૃષભ : જુઓ બાજુ પરનું વર્ણન; (૨) ગુજરાતમાં દાહોદ પાસેથી નીકળેલી ઈ.સ.ની ૧૩મી સદીની કાળા પથ્થરમાં કોતરેલી પૌરુષયંતી ગરુડ-મૂર્તિ; (૩) ઈ.સ. ૧૦૦૦ની તાંજોરની પાર્વતીની એક સુંદર કાંસ્યમૂર્તિ.

કોણે પ્રથમ મૂર્ત અને નિર્ણીત કરી તે ઈતિહાસ-સંશોધકોમાં મોટો ચર્ચાવિષય છે. ફ્રેન્ચ વિદ્વાન ફુશેએ એવો મત રજૂ કર્યો છે કે બુદ્ધ-મૂર્તિનો ઉદય અને વિકાસ બૅક્ટ્રિયાના ગ્રીક શિલ્પીઓએ કર્યો અને એ પછી આખા ભારતવર્ષમાં ને બહાર એ પ્રતિમાની પ્રતિકૃતિઓ વિસ્તરી. આની સામે બીજો મત એવો છે કે મથુરાના પ્રદેશમાં જે બુદ્ધમૂર્તિનો પ્રાદુર્ભાવ થયો તે એતદ્દેશીય છે; અને તે જ ભારત અને ભારત બહાર વિસ્તર્યો. આ ચર્ચા ઉત્પન્ન થવાનું એક કારણ એ છે કે ભારહુત ને સાંચીના પ્રાચીન બૌદ્ધ શિલ્પમાં ભગવાન બુદ્ધની મૂર્તિ નથી, પણ તેમની પાદુકા આદિનાં પ્રતીકો છે.

પણ ભારતની શિલ્પકલાનો ખરો ઉત્કર્ષ અને વિકાસ તો ગુપ્ત સમયના—ઈ.સ.ના ચોથા, પાંચમા સૈકાઓના—અવશેષોમાં દેખાય છે. મથુરા, સારનાથ, દેવગઢ, ઉદયગિરિ, ભૂમરા, ભીતરગાંવ, અજિંઠા ઇત્યાદિ સ્થળો ભારતીય મૂર્તિસંવિધાનનાં સમૃદ્ધ કલાકેન્દ્રો હતાં. એની કારીગરીની હથોટી ઉત્તમ કોટિની છે; પણ જેને આદરપૂર્વક સૌન્દર્યમુગ્ધ થઈ આપણે જોઇ રહીએ છીએ તે તો એમનું ભાવદર્શન.

ભારતીય શિલ્પના વિભાગ ઘણી વાર ધર્મદૃષ્ટિએ પાડવામાં આવે છે. આ રીતે બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન એમ મૂર્તિકલાના ત્રણ ભાગ પાડી શકાય. જોકે આ ત્રણે સંપ્રદાયોના સ્તૂપો વિહારો ચૈત્યો અને મંદિરોમાં જે ભૂષણાત્મક શિલ્પ છે, તે ઘણી વાર સર્વસામાન્ય હોય છે. કલાકારોની દૃષ્ટિએ આ ધર્મવિભાગો ગેરરસ્તે દોરનાર છે; કારણ

દેવગઢ (લલિતપુર-ઝાંસી)ના મંદિરમાં છઠ્ઠી સદીના પહેલા અડધનું ઉત્કૃષ્ટ શિલ્પ છે. ત્યાંના અનંતશાયી વિષ્ણુના આ શિલ્પમાં તેમના વધારાના બે હાથનું સંયોજન તથા આ આખા શિલ્પસમૂહમાં જોવા મળતી કેશસંમાર્જનની રચનાનું વૈશિષ્ટ્ય છે. અહીં આવું જ એક બીજું શિલ્પ શિવનું પણ છે.







← ગંગા(મહાનદ)ની કાળા પથ્થરની આ મૂર્તિમાં શાંતિ ને પ્રસન્નતાનું અપૂર્વ સંયોજન છે. વસ્ત્રના લહેરાતા છેડામાં નદીનાં મોજાંનો લયહિલ્લોળ જોઈ શકાય છે. મસ્તક પરના તેજોવર્તુળને સ્થાને કલ્પવૃક્ષની રચના એ ગંગાસ્નાન દ્વારા થતી કામનાસિદ્ધિની દ્યોતક છે. (ઉપર) બોધિસત્વ: આ મૂર્તિ એ ગાંધાર કળાનો એક શ્રેષ્ઠ નમૂનો ગણાય છે.

કે શિલ્પીઓ કાંઇ તે તે ધર્મના અનુયાયીઓ ન હતા. કલાની સેવા કરવી એને તેઓ પોતાનું કતવ્ય ગણતા હતા અને બધા ધર્મોને તેઓ પોતાની કલાની સેવા આપતા હતા.

પહેલાં કહ્યું તેમ, ભારતીય કલાનો ઉત્કર્ષ ગુપ્તસમયના અવશેષોમાં છે. ભારતીય મૂર્તિવિધાનમાં ઘણું વૈવિધ્ય છે, પણ એના ઉત્કર્ષ-વિકાસને કાલક્રમમાં મૂકવો કઠિન છે. તેમાં પ્રેક્ષકની રુચિ મોટું નિર્ણાયક તત્ત્વ છે. મુંએ-જો-દડો અને હડપ્પાની મૂર્તિઓમાં હૂબહૂપણું દેખાય છે, તો હડપ્પાનાં શિરોરહિત શરીરમાં કુદરતી ઘાટ આપવાની કુશળતા દેખાય છે. અશોકના સ્તંભો ને તે ઉપરના સિંહો તથા વૃષભો કલાનો પ્રભાવ પ્રકટ કરે છે. ભારહુત અને સાંચીની કલામાં યક્ષ, યક્ષીઓ, નાગો અને દેવતાઓ તથા પુષ્પિત વલ્લિઓ અને વૃક્ષો, ગજરાજો, મૃગો અને વાનરોની અલંકારશોભા છે. મથુરાની કલા, એના શિલ્પની મૌલિકતા તથા સૌન્દર્યમાં પ્રતીત થાય છે. ગુપ્ત સમયના અવશેષોમાં કારીગરીની નિપુણતા, વેશભૂષાનું હૂબહૂપણું અને ભાવ-વૈવિધ્યનું સુભગ પ્રકટીકરણ દેખાય છે.

આમ, ભારતીય મૂર્તિશિલ્પ હૂબહૂ અનુકરણ કરી શકે છે, ભૂષણ-રૂપે શોભાકાર બને છે, પણ તેની સૌથી મોટી શક્તિ વાસ્તવિકતાના બંધનમાં રહી તેમજ તેમાંથી છૂટી માનવહૃદયના સ્થાયી ભાવોને, આત્માએ અનુભવેલાં રહસ્યોને, વિશ્વમાં પ્રતીત થતાં સર્જક, સ્થાપક અને સંહારક તત્ત્વોને, પૃથક્ મૂર્ત કરવામાં તેમજ તેમના સમતોલ નિરૂપણમાં રહેલી છે. આના ઉદાહરણરૂપે આપણે નટરાજની મૂર્તિનું ધ્યાન કરીએ.

(અમદાવાદ આકાશવાણીના સૌજન્યથી)


કેટલાક ભ્રમ તથા વહેમ

લેખક - બંસીધર શુક્લ


આપણે ભલે સ્પુતનિક યુગમાં જીવતા હોઇએ, પણ કેટલાંક કારણોસર આપણે હજુ વહેમ તથા ભ્રમના યુગમાંથી સંપૂર્ણપણે મુક્ત થઇ શકયા નથી. આનાં મુખ્ય બે કારણો છે: એક, આપણે ત્યાં નિરક્ષરતા હજુ વ્યાપક છે; અને બીજું, જે થોડાઘણા શિક્ષિતો છે, તેમની સમક્ષ વાર્તાસાહિત્યનો ધોધ વહ્યા કરે છે. અહીં આપણામાં જડ ઘાલી બેઠેલા કેટલાક ભ્રમ તથા વહેમ સંબંધી ખરી વૈજ્ઞાનિક હકીકત આધારભૂત સ્થળોએથી મેળવી રજૂ કરી છે. કદાચ તે ચમકાવી મૂકશે, પણ હકીકત છે એટલું જ.

રાહુ અને કેતુ ગ્રહો છે? જોશીઓની અસરના કારણે આપણે માનીએ છીએ કે આકાશમાં નવ ગ્રહો છે. આમાં પૃથ્વી, પ્રજાપતિ, વરુણ તથા યમ એ ચાર ગ્રહોનો સમાવેશ થતો નથી. પણ આ નવ ગ્રહોમાં સાચા ગ્રહો ફક્ત પાંચ જ છે. બાકીના ચાર સૂર્ય, ચંદ્ર, રાહુ ને કેતુ ગ્રહો નથી. સૂર્ય તારો છે; ચંદ્ર ઉપગ્રહ છે; પણ રાહુ ને કેતુ નામના તો કોઈ પદાર્થો બ્રહ્માંડના કોઇ ખૂણામાં અસ્તિત્વ જ ધરાવતા નથી. એ તો આકાશમાં રહેલાં બે કલ્પિત બિંદુઓનાં નામ માત્ર છે. વસ્તુતઃ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, પણ આપણે પૃથ્વી ઉપર છીએ તેથી સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો હોય તેવું ભાસે છે. પૃથ્વીની આ કક્ષા નિયમિત છે. આવી જ રીતે પૃથ્વીની આસપાસ ફરતા ચંદ્રની કક્ષા પણ નિયમિત છે. પણ તે જરા ત્રાંસી છે. પરિણામે ચંદ્રની કક્ષા પૃથ્વીની કક્ષાની સપાટીને સામસામાં બે અદૃશ્ય બિંદુઓએ છેદે છે, આ બિંદુઓ તે જ રાહુ અને કેતુ. જ્યારે રાહુ અને કેતુ સૂર્ય તથા પૃથ્વીને જોડતી સીધી લીટી ઉપર હોય છે અને ચંદ્ર ત્યાં આવી ચડે છે ત્યારે ગ્રહણ થાય છે. (જુઓ મથાળાની આકૃતિ) આ વિગત પ્રાચીન શાસ્ત્રોમાં જણાવેલી છે, પરંતુ અબુધ જોશીઓએ તેનો ખોટો અર્થ પ્રચલિત કરી મૂકયો છે.


ગરોળી ઝેરી હોય છે?



ઘરની દીવાલો પર ઘણી વાર કાળી અથવા પીળી ગરોળીઓ ફરતી જોવામાં આવે છે. આ ગરોળીઓને શા કારણથી ઝેરી માની લેવામાં આવી છે તે સમજાતું નથી. ખરી વાત એ છે કે ભારતમાં થતી તમામ પ્રકારની ગરોળીઓ બિનઝેરી હોય છે, એટલું જ નહિ, પણ ત્રાસદાયક જીવાતનો નાશ કરી તે આપણી ઉપયોગી સેવા બજાવે છે. મારા ઘરમાં કાયમી મહેમાન થઈ પડેલા બિલાડીના એક મોટા બચ્ચાએ ઘરમાં ફરતી નાનીમોટી ઘણીખરી ગરોળીઓને આસ્વાદપૂર્વક મારી ખાધી છે. એક વાર એક ખૂણામાં વીંછીના એક બચ્ચાએ દેખા દીધી. બિલાડીના બચ્ચાએ તેના પર હુમલો કર્યો. પણ થોડાક ડંખ પામ્યા પછી તેને એ જ્ઞાન થયું કે તેના માટે વીંછી ભોજ્ય જીવ નહોતો. અલબત્ત, બીજા બિનઝેરી જીવોની જેમ કરડીને ગરોળી હેરાન કરી શકે, પણ તે ઝેર વિના જ.




આઈસ્ક્રીમ ઠંડો છે? ગરમીના દિવસો સિવાયના વખતે કોઇ આઈસ્ક્રીમ ખાવાની વાત કરે તો આપણે તેને મૂર્ખ ગણીએ છીએ. પરંતુ આઈસ્ક્રીમ સ્પર્શે ઠંડો છે એટલું જ; બાકી ખોરાક તરીકે તો તે દૂધ કરતાં વધારે ગરમ છે, એટલે કે તેમાં રહેલું દૂધ, મલાઈ, ખાંડ તથા



કોકો અથવા એવું કોઈ દ્રવ્ય શરીરને સારા પ્રમાણમાં ગરમી (એટલે કે શક્તિ) પૂરી પાડે છે.

ડાબે પડખે સૂવાથી હૃદય પર ભાર આવે છે? હૃદય ઉપર આપણો ઐચ્છિક અંકુશ નથી ચાલતો. તેના ઉપર મગજનો કાબૂ નથી, એટલે હૃદય કુદરતી રીતે જ અનૈચ્છિક જ્ઞાનતંત્ર દ્વારા આપણા હિતમાં હોય તે રીતે ચાલે છે. અમુક પાસે સૂવાથી હૃદય પર ભાર વધે કે ન વધે, પણ એક બાજુના સ્નાયુઓ પર તો ભાર વધે છે જ. એટલે આપણા દોઢડહાપણથી આપણને નુકસાન ન થાય તે માટે કયા પાસે સૂવું તે નક્કી કરવાનું અને તે પ્રમાણે અમલ કરવાનું કામ આપણી કુદરતે અનૈચ્છિક જ્ઞાનતંત્રને સોંપ્યું છે. ગમે તે પાસે સૂઈ શકાય છે. ઊંઘ આવતાં વાર લાગે તો તે દરમ્યાન પાસાં બદલતાં રહેવું જોઈએ. ઊંઘ જલદી આવી જાય તો પણ ફિકર નહિ, કારણ કે ઊંઘમાં પણ આપણું જ્ઞાનતંત્ર આપણી પાસે જરૂર મુજબ પાસાં બદલાવી બંને પાસાંના સ્નાયુઓના શ્રમની સમતુલા સાચવે જ છે. મતલબ કે આપણને ઠીક લાગે તે પાસે સૂવામાં કંઈ વાંધો નથી.



૧. અન્નનળી ૨ શ્વાસનળી ૩. ગળજીભી

ખાતાં ખાતાં અંતરસ જવાનું કારણ: ખાતી વખતે કેટલીક વાર અંતરસ જવાથી ઉધરસ આવે છે, અને આંખોમાંથી પાણી વહેવા માંડે છે. કોઈ સ્નેહી-સ્વજને યાદ કર્યા હોવાથી આવું થયું એમ આપણે માનીએ છીએ (આ માન્યતા હેડકી માટે યે પ્રચલિત છે), પણ તે ખોટું છે. આપણે એ તો જાણીએ છીએ કે ગળામાં શ્વાસનળીની પાછળ અડીને જ અન્નનળી આવેલી છે. ખાતી વખતે કોળિયો અન્નનળીમાં જાય છે ત્યારે ગળજીભી આડી પડી શ્વાસનળીનું દ્વાર બંધ કરે છે. (જુઓ આકૃતિ) કોઈ વાર ખાતી વેળા બોલવાથી કે હસવાથી કદીક ગળજીભી ઊંચી થઇ જતાં અન્નકણ શ્વાસનળીમાં જાય છે, તો તેને બહાર કાઢી નાખવા માટે ઉપરાઉપરી શ્વાસોચ્છ્વાસની વેગીલી ક્રિયા ઉધરસના રૂપમાં થાય છે. આને આપણે 'અંતરસ ગયું' કહીએ છીએ.

અન્નનળી જેવી જ જઠરની પણ રચના છે કે અસ્વસ્થ તબિયત વખતે ખોરાકની જરૂર ન હોય છતાં આપણે લ્હે લઈએ તો તે તેને મોઢા વાટે બહાર ધકેલી દે છે. આપણે એને ઊલટી થઇ એમ કહીએ છીએ.



ઉત્તરમાં માથું કરીને ન સુવાય? સૂતી વખતે ઉત્તર દિશામાં માથુ રાખવામાં અમંગળ છે એમ મનાય છે, પણ ખરી રીતે ઓરડાની રચનાને લક્ષમાં રાખી ગમે તે દિશામાં માથું રાખી શકાય. ડૉ. મેરી સ્ટોપ્સ જેઓ જાતીય વિજ્ઞાન ને માનસશાસ્ત્રની જેમ શરીરશાસ્ત્રમાં પણ નિષ્ણાત છે તેમના મતે તો ઉત્તરમાં માથું કરીને સૂવું તે જ શ્રેષ્ઠ છે!



સાપ સંગીતશોખીન હોય છે? મદારીની મોરલી જોડે એકતાન થઇ ડોલતો જણાતો સાપ તેના મધુર સૂરને કારણે નહિ પણ ભયને લીધે ડોલે છે. સાપને કાન નથી હોતા. એટલે તે તેની જીભ પર અવાજનાં આંદોલનો ઝીલે છે. આમ સાપ અવાજ સાંભળતો નથી, પણ અનુભવે છે. તેની જીભ વારંવાર લબકારા મારે છે, તે એ અવાજ ઝીલવા જ.

સિંહોમાં પ્રજનન: ઘણા લોકો માને છે કે સિંહણ બાર વર્ષે એક જ વાર ગર્ભ ધારણ કરે છે. આ ભ્રમ છે. દર વર્ષે દિવાળીના આસપાસ સિંહણ ઋતુકાળમાં હોય છે ને ૧૧૬ દિવસના ગર્ભાધાન પછી જન્મ આપે છે. એ ખરું છે કે સિંહણ દર વર્ષે ગર્ભ ધારણ નથી કરતી. બચ્ચાં જરા મોટાં થયા પછી દોઢથી બે વર્ષે તે નવાં બે કે ત્રણ બચ્ચાંને જન્મ આપે છે.





વનરાજ કહેવડાવવા સિંહ યોગ્ય છે? સિંહને ફક્ત તેની સુંદર યાળે જ આ બિરુદ અપાવ્યું હોય તેમ લાગે છે. બાકી શક્તિ, કદ, ચપળતા, ઝનૂન, સુંદરતા વગેરેમાં વાઘ જ ચડિયાતો છે. વનરાજનું પદ પામવા માટે વાઘ વધારે યોગ્ય છે.

અવાજ અવિનાશી છે? રેડિયોના વિકાસ પછી કેટલાક લોકો એવું માનવા-મનાવવા લાગ્યા છે કે હવે હજારો વર્ષ જૂના (દા. ત. મહાભારતકાળના) અવાજો, જે અવિનાશી છે, તે હવામાંથી પકડી શકાય તેવું યંત્ર શક્ય બનશે. આ એક ભ્રમ છે. અવાજનાં મોજાં વખત જતાં ક્રમશઃ બની જાય છે. ગમે તેવું સૂક્ષ્મ યંત્ર પણ કેટલોક વખત પસાર થઈ ગયા પછી અવાજનાં મોજાંને પકડી શકતું નથી. શક્તિનાં વિવિધ રૂપોમાંનું એક રૂપ અવાજ છે. શક્તિનું રૂપ બદલાય છે, પણ શક્તિ પોતે અવિનાશી છે. એટલે અવાજ પાછળ ખરચાએલી શક્તિ જ પાછી મળે છે, પણ અવાજ ફરી સાંભળી શકાતો નથી.



ચાંદામામા કેવાક શીતળ છે? કવિઓ અને પ્રેમીઓ ચંદ્રને અમૃત વરસાવતો હોય તેટલો પ્રિય ગણે છે. પણ ચંદ્ર ઉપર વાતાવરણના અભાવના કારણે તેની શીતળતા તેમજ ઉષ્ણતા હદ બહાર પહોંચી જાય છે. અમાસને દિવસે ચંદ્રનો આપણા તરફનો ભાગ ઠારી નાખે એવો ઠંડો હોય છે. અને પૂનમની રાત્રે ચંદ્રની ઉજ્જવલ સપાટી ઊકળતા પાણી કરતાં વધારે ગરમ હોય છે!



પારસમણિનો જાદુ: પારસમણિ (અથવા સ્પર્શમણિ)ના સ્પર્શથી લોખંડનું સોનું બની જાય છે, એવું કદી જોયું ન હોવા છતાં આપણે માનીએ છીએ. પણ તે ખોટું છે. કોઈ જાતનો મણિ કોઈ પણ પદાર્થને કેવળ સ્પર્શીને બીજા તત્ત્વમાં પલટાવી શકતો નથી.



મોરનાં આંસુ પીવાથી ઢેલ સગર્ભા બને છે? ઘણા લોકો એમ માને છે કે મોર કળા કરી નૃત્ય કરતાં આવેશમાં આવી જાય છે ત્યારે તેની આંખોમાંથી આંસુ વહેવા લાગે છે. એ આંસુનાં બુંદ ઢેલ પી જાય છે ને તેનાથી તેને ગર્ભ રહે છે. આ માન્યતા ગલત છે. બીજાં પક્ષીઓની જેમ ઢેલ પણ સમાગમ દ્વારા ગર્ભવતી બને છે, મોરનાં આંસુ પીવાથી નહિ.





કોયલ નર

કોયલ માદા

કોયલડી તું ક્યાં સંતાય, મીઠાં ગીતડાં ગાતી જાય? ખોટી વાત. એ મધુર ગાન 'કોયલડી'નું નહિ, પણ 'નર' કોયલનું હોય છે.

આ સિવાય બીજી ઘણી બાબતો પરત્વે આપણે ભ્રમ કે વહેમની દુનિયામાં જીવતા હોઈએ છીએ. તેની વાત ફરી કોઈ વાર.

કલાચર્ચા



કલા-આલેખન : પ્રાણીઓની સ્વભાવગત લાક્ષણિકતા નિરૂપવામાં ભારતીય કલાકારોની પેઠે ચીની કલાકારોએ પણ પોતાનું એક આગવું કૌશલ કેળવ્યું છે. અસાધારણ કાબૂ તળે ચાલતી એમની પીછીના સપાટામાંથી વ્યાઘ્રની વિકરાળતા, અશ્વનો આવેગ કે ક્રૌંચની કમનીયતા જે સ્વાભાવિકતાથી સરે છે તે જોઇને આશ્ચર્યચકિત થઈ જવાય. પ્રાચીન ચીનની પ્રાણીચિત્રણાના એવા કલાસ્વામી કાકુનીનનાં ચિત્રો જગતખ્યાત ગણાય છે તે પૈકીનું આ એક ઉદાહરણ છે.

અભય ખટાઉ

આધુનિક પશ્ચિમી(યુરોપ-અમેરિકાની) સમાજ-રચના વિષે અભય ખટાઉ સાથે ઘણી વખત વાતચીત થઈ છે. સ્વતંત્ર હિંદ આજે પૂર વેગે બધાં ક્ષેત્રોમાં આગળ ધસી રહ્યું છે. એ હવે કઈ તરફ વળશે? આજે જે અમુક વર્ગ બધું પશ્ચિમનું તે જ શ્રેષ્ઠ એમ આંખ મીંચીને અપનાવી રહ્યો છે અને જેને પાશ્ચાત્ય દેશોનો સીધો કે આડકતરો ટેકો છે, એ લોકોને જો ફાવશે તો આપણી મૂળ સંસ્કૃતિમાં આજના જમાનામાં પણ સુંદર અને તાલબદ્ધ લાગે એવાં જે તત્ત્વો છે એ બધાં કચડાઇ જશે. આધુનિક પાશ્ચાત્ય શહેરોની વિચારસરણી પર વૃદ્ધિ પામતાં આપણાં શહેરો, તેઓના અનેક ગંભીર પ્રશ્નો—જેવા કે, વધતા જતા ગુના, અકસ્માત, આપઘાત, છૂટાછેડા વગેરે-પ્રત્યે જો જાગ્રત નહિ રહે તો આપણો દેશ પણ એમાં જ ગોથાં ખાતો પશ્ચિમનું અવિચારી અનુકરણ કરતો થઈ જશે. આવા અનેક પ્રશ્નો અમારી વચ્ચે ચર્ચાય. કોઈના ઉત્તર વાતોમાંથી જ મળે અને કેટલાક અણઉકેલ્યા જ રહે.

૩૨ વર્ષની વયના ગૌરવર્ણા અભય, મુંબાઈના જાણીતા ખટાઉ કુટુંબના સ્વ. શ્રી લક્ષ્મીદાસ ખટાઉના એકના એક પુત્ર અને ધનાઢ્ય હોવા છતાં અત્યંત સાદા, વિવેકી અને નમ્ર છે. બાલ્યકાળમાં માંદગીમાં થોડેઘણે અંશે ગુમાવેલી શ્રવણશક્તિએ જ એમની બીજી શક્તિઓ કેમ જાણે વધારી દીધી ન હોય, એમ એમની એકાગ્રતા અને દૃષ્ટિગ્રાહ્યતા આશ્ચર્યજનક છે. વળી એ જ શ્રવણશક્તિની ઊણપ સામે જાણે પડકારતો હોય તેમ એમનો ઑપેરા-સંગીત માટેનો પ્રેમ પણ અજબ છે. એ સંગીતની તો એમને એટલી લગની છે, કે તેની અસર નીચે એમણે અનેક ચિત્રો સર્જ્યાં છે. યુરોપના પહેલા પર્યટન પછી હિંદ પાછા ફર્યા ત્યારે ત્યાં જોએલા ઑપેરાની રેકર્ડો વગાડીને એક અજબ જાતના ધ્યાનમાં ગરકાવ થઇને દોરેલાં તેમનાં ચિત્રો જોનારને મુગ્ધ કરે છે. એ પ્રકારનાં તેમનાં ચિત્રોએ કલારસિકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું અને તેમને બાલપ્રતિભા તરીકે પરખી કાઢયા.

એ પછીના સમયની જે કૃતિઓ છે તેમાં અગાઉનું મુગ્ધ કરી નાખતું તત્ત્વ કેટલેક અંશે ઘટયું જણાય છે. આ છે તેમના કાર્યનો વચગાળાનો—પરિવર્તનકાળનો સમય. આજના અન્ય ઘણાખરા કલાકારોનાં એવાં પરિવર્તનકાળનાં ચિત્રો જોઇએ તો એ જ વસ્તુ દૃષ્ટિગોચર થાય છે, કારણ કે ત્યાં પ્રેરણાબળ અને તર્કશક્તિ વચ્ચેનું દ્વંદ્વ શરૂ થાય છે. આ દ્વંદ્વ ઘણા સમય સુધી ચાલે છે; અને એની આવશ્યકતા પણ ખરી જ—કલાકારની પ્રગતિનું એ અનિવાર્ય અંગ કહી શકાય. આવા વિરોધી તત્ત્વોના પ્રવાહો દરેકમાં હોય છે અને એ ઘર્ષણમાંથી જ નવું જન્મે છે.

મુંબાઈમાં ત્રણ, દિલ્હીમાં એક અને એક યુરોપમાં એમ એમનાં પાંચ નિજી—એકવ્યક્તિ પ્રદર્શનો થયાં છે, જેમાં જાણીતા કલારસિકો અને વિવેચકો તરફથી એમને સારો સત્કાર મળ્યો છે. ઈટાલિયન પ્રોફેસર ટુચી (પૂર્વદેશો—ખાસ કરીને તિબેટન કલાના પ્રખર જ્ઞાતા) એ પણ એમને વિષે સુંદર અભિપ્રાય આપ્યો છે.

દેશવિદેશનાં અનેક પર્યટનોથી પરિપ્લાવિત થએલા અભયભાઇએ વખતોવખત ચિત્રકલાનાં વિવિધ પાસાંઓ-જેવાં કે 'જાપાનીઝ ચિત્રકલાની મારા પર અસર', 'અવનીન્દ્રનાથ ઠાકુરની કલાકૃતિઓનું પ્રદર્શન', 'એશિયાઈ—અને ખાસ કરીને જાપાનીઝ ચિત્રકલાની આધુનિક પાશ્ચાત્ય ચિત્રકલા પર અસર' વગેરે વિષયો પર લેખો લખ્યા છે. તેમાં છેલ્લા વિષય પરના લેખની પોતાની દલીલોને આધાર આપતું એક પ્રદર્શન પણ તેમણે યોજ્યું હતું. તેમનું કલાવિષયક પુસ્તકોનું વાચન તેમજ ચિંતન કેટલું ઊંડું છે તેની આ બધા પરથી પ્રતીતિ થાય છે.

અભયભાઈનાં ચિત્રોમાં એક જાતની સાદાઈ અને સ્પષ્ટતા છે. કોઈ ચિત્રોમાં દાર્શનિક અનુભૂતિનું મહત્ત્વ છે, કોઈમાં સામાજિક તત્ત્વોનું મહત્ત્વ છે, તો કેટલાંકમાં વળી હિંદી પ્રણાલી પ્રત્યેની લાગણીશીલતા તરી આવે છે. પરંતુ નોંધપાત્ર વાત તો એ છે કે જે કાંઈ પણ ઇચ્છાઓ કે વિચારો પોતાના મનમાં આવ્યાં હોય તે બધાંને કલાવિવેચકોના અભિપ્રાયોથી બાધિત થયા વિના, હિંમતથી તેમણે મૂર્તિમંત કર્યા છે. ખાસ કરીને જે વ્યક્તિ બાળપણથી જ 'બાલપ્રતિભા' તરીકે જાણીતી થઈ હોય તેને તો આવા મત વધુ અસર કરે; છતાં અભયભાઈ ઘણે અંશે એવી અસરથી દૂર રહી શકયા છે એ, એમનાં ચિત્રોનાં વિચાર-વહેણો ને સારા પ્રમાણમાં જોનારને તરત જ પ્રતીત થાય છે. આ રીતે અભયનાં ચિત્રો—પછી તેમાં ભલે કેટલાંક ઉચ્ચ કક્ષાનાં હોય અને બીજાં સાધારણ કક્ષાનાં હોય તો પણ એમાં વસેલી પ્રામાણિકતાથી તો આપણને જરૂર અસર કરે છે.


મધુકર શેઠ

એક દિવસ એક નવો ટપાલી મોટી રકમનો મનીઑર્ડર લઇને પિકાસોને ઘેર ગયો. સ્વાભાવિક રીતે જ તેને સારો આવકાર અપાયો. એટલે કુટુંબની દસ વરસની નાની છોકરીને માથે હેત ભર્યો હાથ ફેરવતાં તેણે ભીંત પરનાં ચિત્રોની કદરમાં મીઠા વિવેકથી પૂછયું, 'વાહ! આ બુચી પણ ચીતરે છે, ને, શું?'

કલામાં વિકૃતીકરણ

'મૉડર્ન આર્ટ'માં દેખાતી વિચિત્રતાઓ અને વિકૃતિઓ પાછળનાં કારણોને સ્ફુટ ઉદાહરણો તથા આકૃતિઓ સાથે સમજાવતો લેખ

જ્યોતિ ભટ્ટ



ટેબલ પરનાં પાત્રો
કલાકાર: બેન નિકલ્સન

મૉડર્ન કળા(ચિત્રો તેમજ શિલ્પો)માં ઘણી વખત વિકૃત માનવાકૃતિઓ તેમજ ઘરવપરાશની ચીજવસ્તુઓના એવા બીજા આકારો જોવા મળે છે. તે પરથી આપણને સ્વાભાવિક-રીતે જ પૂછવાની ઇચ્છા થાય કે માણસ તે કંઈ આવો હોઈ શકે?

આ વિકૃતીકરણ જુદાંજુદાં ઘણાં કારણોને લીધે કરવામાં આવે છે. એમાંનું એક છે 'રજૂઆત' (represantation): મૂળ પદાર્થની વધારેમાં વધારે ખાસિયતો રજૂ કેમ કરવી તે.


આપણે કોઈ પણ વસ્તુ જોઈએ ત્યારે, તે વસ્તુનો દેખાવ, આપણે જે જગ્યાએથી તેને જોઈ રહ્યા હોઇએ તેને આધારે નક્કી થાય છે (જુઓ (ચિત્ર ૧). એ ચિત્ર(क)મા એક ટેબલ ઉપર એક કુંભ મૂકચો છે, અને अ-ब-क ड જગ્યાઓએ આંખ ચીતરી છે, તે જુદાજુદા દષ્ટિકોણ દેખાડે છે. તે બધી જગ્યાએથી જોતાં તે કુંભ અને ટેબલ અનુક્રમે अ ब-क અને ड જેવા દેખાય. આમ જુદાજુદા દષ્ટિકોણથી વસ્તુને જોઇએ ત્યારે જે આકારો દેખાય છે તેમાં વિવિધતા હોય છે. પણ એક વસ્તુ અહીં ખાસ ધ્યાન ખેંચે છે કે કોઈક આકાર એ વસ્તુને ઓળખવામાં વધારે મદદ કરે છે જેમકે क; જ્યારે કોઈક આકાર જોઈને મૂળ વસ્તુનો ખયાલ જલદી નથી આવતો જેમકે अ.

એ જ પ્રમાણે માનવાકૃતિમાં પણ બને છે. ઉપરથી નીચે સુધીના જુદાજુદા દષ્ટિકોણથી જોતા બરાબર સામેથી જે આકાર દેખાય તે મૂળ માનવ-આકૃતિની સૌથી પાસેના ને વધારેમાં વધારે સહેલાઇથી ઓળખી શકાય એવો આકાર છે. પણ માણસનો આકાર કૂજા જેવો-ચારે બાજુથી સરખો નથી. માણસને બાજુમાંથી અને સામેથી જોતાં તે જુદોજુદો દેખાય છે. વળી તે એક અખડ આકૃતિ હોવા છતાં જુદાંજુદાં અંગ ઉપાંગોથી બનેલો છે. દા.ત. હાથ, પગ, અને પછી નાક, કાન, આંખ, આંગળાં વગેરે. (જુઓ ચિત્ર-૨)

માણસને બાજુમાંથી જોતાં તેનો બીજો પગ તેમજ બંને હાથ અને હાથ તથા કમર વચ્ચેનું પોલાણ દેખાતું નથી. પણ અહીં મોઢા-નો આકાર આકૃતિ-૨ કરતાં વધારે સ્પષ્ટ થાય છે. દેહની અંદરની આંખ-કાન જેવી વિગતો તો બંનેમાં નથી, છતાં પહેલી આકૃતિનું મોં માણસ-નું જ છે તે સ્પષ્ટ જણાય છે, જ્યારે બીજી આકૃતિમાંનું મોં, જો તેને બાકીના શરીરથી છૂટું જોઇએ તો, મોઢું જ છે એમ ખાતરીપૂર્વક ન કહી શકાય. તે તાળામાંના ચાવી નાખવાના કાણા જેવું પણ લાગે, અથવા ઊંધો પડેલો કૂજો કે એવું બીજું કંઈક લાગે. પહેલી આકૃતિમાં પગનો આકાર વધારે સ્પષ્ટ છે, જ્યારે બીજીમાં સ્પષ્ટતા ઓછી છે. છતાં તેમાં એકને બદલે બે પગ તો જણાય છે. તેથી મૂળ આકાર (માનવ)ને રજૂ કરવામાં તે વધારે સફળતા મેળવે છે. હાથમાં પણ છૂટાં આંગળાં છે ત્યાં તે હાથ (હથેળી) છે. એમ વધારે સ્પષ્ટ દેખાય છે.


અને તેથી એ બન્નેમાંથી સારું, વધારે સ્પષ્ટતાવાળું જે જે લાગ્યું તે લઇને ત્રીજી આકૃતિ બનાવી છે જે વધારેમાં વધારે વિગતો ધરાવે છે. પણ તે માત્ર આકારમાં જ-જે તદ્દન છાયાચિત્ર જેવો છે.

ચિત્ર નં. ૨→




આકૃતિ ૧ આકૃતિ ૨ આકૃતિ ૩

હવે ચિત્ર નં. ૩માં કૂજો અને ટેબલ એવી રીતે ચીતર્યા છે કે જેથી બંનેની વધારેમાં વધારે ખાસિયતો રજૂ થઈ શકે. ચિત્ર ૧માં अ જોઇએ ત્યારે ટેબલના મથાળાનો પૂરો ખયાલ આવે છે, ને कમાં તેની જાડાઇનો અને તેના પાયાનો ખયાલ આવે છે. ચિત્ર ૩માં તે બન્ને એક સાથે



ચિત્ર નં. ૧



ચિત્ર નં. ૩







ચિત્ર નં. ૪ ચિત્ર નં. ૫ ચિત્ર નં. ૬





ચિત્ર નં. ૭ ઉપર: ચિત્ર નં. ૮; નીચે: ચિત્ર નં. ૯

રજૂ થયાં છે. એ જ પ્રમાણે કૂજો પણ બાજુમાંથી જોતાં દેખાય તેવો તો રાખ્યો જ છે પરંતુ તેમાં (क) તે ઘન, ગોળ પદાર્થ છે કે કૂજાનો આકાર કાપેલું પૂઠું છે તે સ્પષ્ટ નથી થતું; પણ નં. ૩માં જ્યારે તેના મોઢિયાનો ગોળ ભાગ જોઇએ ત્યારે તે પ્રશ્ન પણ ઊકલી જાય છે. ટેબલ ઉપર કઈ જગ્યાએ કૂજો પડચો છે તે સમજવું પણ એમાં સહેલું પડે છે.

આ જાતનું વિકૃતીકરણ પ્રાગૈતિહાસિક સમયથી લઇને અત્યાર સુધી (કદાચ જુદાંજુદાં કારણોને લઇને) થતું જ રહ્યું છે. એના નમૂના આ સાથે આપ્યા છે. આ ચિત્રો જોતી વેળા એ પણ ખયાલ રાખવો જોઈએ કે એમાં આ જાતના વિકૃતીકરણ ઉપરાંત પણ બીજી ઘણી વસ્તુઓ છે કે જે બધી મળીને આખું ચિત્ર ઘડાયું છે. પરંતુ અત્યારની આપણી વાત વિકૃતીકરણ પૂરતી જ મર્યાદિત છે.

પણ આ જાતનું વિકૃતીકરણ કરવાની જરૂર શી?

ચિત્ર એ સપાટ વસ્તુ છે, જ્યારે શિલ્પ એ ઘન. શિલ્પમાં કોરાએલી આકૃતિને આપણે ચારે બાજુ ફરીને જોઈ શકીએ અને તેથી જે વિભાગો—અંગો એક જગ્યાએથી ન દેખી શકાય તે બીજી જગ્યાએથી જોઈ શકાય; પણ ચિત્રમાં તો તેને કોઈ બાજુમાંથી કે પાછળથી જોવાની શકચતા જ નથી. (પાછળથી તો ચિત્ર જેના પર ચીતરાયું હોય તે ફલક પારદર્શક હોય તો કદાચ થોડું થોડું દેખાય, પણ તે યે એ ને એ જ વસ્તુ યા આકાર કે જે આગળથી જોયો હોય તે જ દેખાય. શિલ્પની માફક આગળથી છાતી અને પાછળથી પીઠ ન જોઇ શકાય.)

આદિ માનવે જ્યારે ચીતરવાની શરૂઆત કરી ત્યારે તે રેખાથી અજાણ્યો હતો. (રેખા એટલે શું એ ફરીથી બીજે સમયે જોઈશું.) તે કોઈ પણ એક રંગથી કે બળેલા લાકડાના ટુકડાથી છાયાચિત્ર જેવા આકારો ચીતરતો; અને તેથી, પોતે જે આકાર કરે તેમાં પોતે જે કહેવા માગતો હોય તે બધું જ કહેવાનો તે પ્રયત્ન કરતો (ચિત્ર-૪). જ્યારે તેમાં સ્ત્રી કે પુરુષનો સવાલ આવતો ત્યારે તેનો ભેદ દર્શાવવા માટે તે એ બન્ને વચ્ચેના દેખાવના મુખ્ય તફાવત જેવા જનનેન્દ્રિય ને સ્તનના આકારો દર્શાવતો (જુઓ ચિત્ર ૫-૬-૭-૮-૯). વળી જેમની નિરીક્ષણશક્તિ વધારે કેળવાએલી હતી તેવા (આદિ) ચિત્રકારોએ એ પણ જોયું કે પુરુષની છાતી તેના નિતંબ કરતાં વધારે પહોળી હોય છે, અને સ્ત્રીની છાતી કરતાં તેનો નિતંબ પ્રદેશ વધારે વિશાળ હોય છે, કેમકે તેણે નવ મહિના બાળકનો ભાર ઉપાડવાનો હોય છે; એટલે આ નિરીક્ષણ પણ તેનાં કોઇકોઈ ચિત્રોમાં દેખાય છે (જુઓ ચિત્ર ૭).


પણ જ્યારથી રેખાનું ભાન ચિત્રકારોને થયું ત્યારથી તેમનું કામ વધારે સહેલું બન્યું. શરીરની અંદરની વિગતો તેમનાં યોગ્ય સ્થાને દેખાડવી સહેલી ને શકચ બની (ચિત્ર ૬); છતાં મૂળ આકાર બાજુથી અને સામેથી બન્ને રીતે જોતાં જેવો દેખાય (વારાફરતી), તેવી રીતે તો એ ચીતરતા જ હતા. તેમજ તેઓનું એ વસ્તુ અંગેનું જ્ઞાન પણ આ પ્રમાણે ચીતરવાના કારણોમાં અગત્યનું હતું. હાથ બે હોય, પગ અને આંખ પણ બે હોય, તેમજ સ્તન પણ બે જ હોય એમ એ ચિત્ર-



ચિત્ર ન. ૧૦
સૌરાષ્ટ્રના ગામડાના ઘરની ડેલીના બારસાખ પર
લાકડામાં કોતરેલી ગણપતિની મૂર્તિ



ચિત્ર ૧૧
સૌરાષ્ટ્રની ભરવાડ કોમની
સ્ત્રીની ઓઢણી ઉપર
સાઈકલનું આલેખન



ચિત્ર ૧૩→
સાંચી સ્તૂપના
શિલ્પમાંની
નમસ્કાર કરતી મૂર્તિ











ઉપર ચિત્ર ૧૩ A; નીચે ચિત્ર ૧૪ ચિત્ર ૧૫

ડાબી બાજુ છેડે : મૉડર્ન આર્ટના સૌથી વધુ ગહનવિચિત્ર કલાકાર પિકાસોની એક કૃતિ (ચિત્ર ૧૨); તેને પડખે ચિત્ર ૧૨ A.

કાર જાણતો હતો, તો પછી તે દેખાડયા વિના પણ કેમ ચાલે! પછી તે ચીતરનાર આદિ માનવ હોય કે પિકાસો (ચિત્ર-૧૨) હોય.


ચિત્ર ૪ ને ૫ આજના જ ભારતીય આદિવાસી માનવે કરેલાં છે, પ્રાગૈતિહાસિક માનવે નહિ; છતાં એ બંનેની કળામાં અદ્દભુત સામ્ય છે.

ચિત્ર નં.૬ ગ્રીક કુંભકારી કળા(pottery—માટીના વાસણ) પરથી લીધેલું છે. લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાંનું એ ચિત્ર છે. તેમાં ઓછામાં ઓછી રેખાઓ અને વિગતોથી માનવ-શરીરની આકૃતિ જણાવી છે. ચિત્ર નં.   એ પ્રાગૈતિહાસિક માનવે કરેલી મૂર્તિ છે. એમાં પણ જનન અવયવોને અપાએલું મહત્ત્વ સમજી શકાય એવું છે. ચિત્ર નં.   પ્રાગૈતિહાસિક માનવનું દોરેલું પ્રાણીચિત્ર છે. એમાં પણ મૂળ પ્રાણીનાં બધાં જ અંગો સ્પષ્ટ અને છૂટાં પડે તેવી રીતે દોર્યાં છે.


જે કારણોને લીધે આદિમાનવ શરીરના બધા જ અવયવો છૂટા અને સ્પષ્ટ દેખાડતો હતો તે જ કારણથી અત્યારનો, શહેરની સંસ્કૃતિ અને કહેવાતી કેળવણીના બોજાથી મુક્ત એવો ગ્રામ કલાકાર તેનાં ચિત્રો કે શિલ્પો કરે છે. ચિત્ર નં. ૧૦-એ સૌરાષ્ટ્રના ગામડામાં, ઘરમાં પ્રવેશ કરવાની ડેલીના બારસાખ પર કોતરેલી ચતુર્ભુજ ગજાનનની મૂર્તિ છે. તે કોતરેલી હોવા છતાં એક રીતે જોતાં ચિત્ર સાથે સરખાવી શકાય, કેમકે તે ઉપસાવેલી (relief) આકૃતિ છે; તેમજ ઓછામાં ઓછી વિગતથી—માત્ર બહારના આકારથી જ તેના હાથમાં કમળ, ચક્ર, પરશુ, લાડુ વગેર દેખાડયા છે. ચિત્ર નં. ૧૧ એ પણ એવી જ પોતાના, નિજી સંસ્કૃતિમાં જ મગ્ન એવી સૌરાષ્ટ્રની ભરવાડ કોમની સ્ત્રીની ઓઢણી પરની છાપ છે. જે સમયમાં તેઓ જીવે છે ને તેમાં જે વસ્તુઓ તેઓ જુએ છે તે તેમના મન પર પડઘા પાડયા વિના નથી રહેતી. અહીં સાઇકલ ચીતરી છે તો બાજુમાથી દેખાય તેવી, પણ તેનું હૅન્ડલ સામેથી જોતાં દેખાય તેવું—બન્ને મૂઠવાળું ચીતર્યું છે. તેની 'ચેઇન' પાછળના કે આગળના કયા પૈડા સાથે જોડાએલી હોવી જોઇએ તેની તેના કલાકારને કંઈ ચિંતા નથી (કેમકે તેને એ ચલાવવી નથી).

ચિત્ર નં. ૭-૮-૯, એ ઑસ્ટ્રેલિયન આદિવાસી(બુશમૅન)ની કળાના નમૂના છે. ચિત્ર ૭માં એક સ્ત્રી અને પુરુષ સાથે ચીતર્યાં છે. બન્નેની ઊંચાઇનો તફાવત સ્પષ્ટ છે. પુરુષાકૃતિમાં શરીર અને પગ સામેથી જોતાં દેખાય તેવાં ચીતર્યાં છે, છતાં તે પુરુષ જ છે તેમ જણાવતી જનનેન્દ્રીય બાજુમાં અને બાજુમાંથી દેખાય તેવી ચીતરી છે. સ્ત્રીની આકૃતિમાં તેની ઊભા રહેવાની લયબદ્ધતા (રિધમ-ગ્રેઈસ)પણ કળાકારે સરસ રીતે અવલોકી લાગે છે. તેનો ઉદરપ્રદેશ પહોળો ચીતર્યો છે તેમજ સ્તન બન્ને બાજુએ બહારની તરફ દેખાડયા છે,—શરીરમાં જ્યાં હોવા જોઇએ ત્યાં દેખાડવાનું શકય નહોતું તેથી; ઉપરાંત, આમ છૂટા ચીતરવાથી તેને અગત્ય પણ વધારે મળે છે, કારણ કે ચારે બાજુ ખાલી જગ્યા હોઈ ત્યાં રંગનો જે વિરોધાભાસ (colour-contrast) થાય છે તેનાથી આપણી આંખ ત્યાં વધારે ખેંચાય છે. અહીં બન્ને સ્તન જમીનથી સમાંતર (સામાન્યરીતે હોય છે તેમ જ) છે, પણ ચિત્ર નં. ૮માં વળી એ જ વસ્તુ જુદી રીતે રજૂ થઈ છે. ત્યાં બાજુમાંથી દેખાય એવું શરીર ચીતર્યું છે. તેથી તો એકની આડે બીજું સ્તન ઢંકાઈ જાય. પણ ચિત્રકારે તેમ ન કરવા માટે તે ઉપર-નીચે ચીતર્યાં છે.


ચિત્ર નં. ૯માં દોડતા કાંગારુનું મોં શરીર અને પૂછડી બાજુમાંથી દેખાય તેવાં છે, આગળના બે પગ સામેથી દેખાય તેવા છે; તેમજ, પાછળના બન્ને પગ ચીતર્યા છે તો બાજુમાંથી દેખાય એવા, પણ તેમનું સ્થાન સામેથી અથવા પાછળથી દેખાય એવું છે. મતલબ કે એક (આગળનો) પગ બીજા (પાછળના) પગને ઢાંકતો (overlapping) નથી.




ચિત્ર ૧૬




ચિત્ર ૧૭



ચિત્ર ૧૭ A



ચિત્ર ૧૮



ચિત્ર ૧૯

ચિત્ર નં. ૧૩ સાંચીના સ્તૂપમાંના ઉપસાવેલા એક કોતરકામનું છે. તેમાં મોં શરીર ને પગ સામેથી દેખાય એવાં છે, પણ ઢીંચણની નીચેના પગ બાજુમાંથી દેખાય તેવા ને તે પણ જુદીજુદી–ડાબીજમણી બાજુએથી દેખાય તેવા. વળી નમસ્કાર કરતા હાથ જો સામે આવતા દેખાડે તો ભીંતની (પથ્થરની) સપાટીથી બહાર કેમ લાવવા? ને વળી હાથ ટૂંકા થઇ જતા પણ લાગે; એટલે હાથ બાજુમાંથી દેખાય તેવા કર્યા.

ચિત્ર નં. ૧૩A પણ સાંચીમાંથી જ છે. એમાં પણ પક્ષીની ખાસિયત દેખાડવા બન્ને પાંખ પૂરેપૂરી ઉઘાડી કરી છે, અને શરીરનો આકાર બાજુમાંથી તથા પૂંછડી ઉપર કે નીચેથી દેખાય તેવી.

ચિત્ર ૧૪ તેરમી સદીમાં થએલા એક સ્પૅનિશ ચિત્ર "ભગવાન ઈશુના છેલ્લા ભોજન ('ધ હોલી સપર')"ના ટેબલના એક ભાગનું છે. એમાં ટેબલ ને તે પરના કપડાની ભાત (પૅટર્ન), બંને ઉપરથી દેખાય તેવાં કર્યાં છે, જ્યારે વાસણો બાજુમાંથી દેખાય તેવાં; છતાં તેમાં તે ધન છે એમ દેખાડતો તેના મોઢાનો ભાગ પણ અર્ધો તો ચીતર્યો છે.

અહીં સમજવામાં કદાચ એક શંકા ઊભી થવા સંભવ છે, કે આ બધું જેમણે ચીતર્યું તેઓ આ બધાંથી સભાન હશે? મને લાગે છે કે આનો જવાબ 'ના' જ હોય. આપણે જે શબ્દો અને કારણો આપ્યાં તેનાથી તેઓ (અત્યારના આધુનિક કલાશિક્ષણ પામેલા ચિત્રકારો સિવાયના ચિત્રકારો) અજાણ જ હશે; પણ એમણે તો એ બધું તદ્દન સ્વાભાવિકરીતે જ રજૂ કર્યું છે–ટેબલ ચોરસ છે તે તેઓ જાણતા તેથી તેમણે ચોરસ દોર્યું; અને તેના પાયા પણ હોવા જ જોઇએ નહિતર તે ઊભું કેમ રહે? તેથી પાયા પણ કરવામાં આવતા. અને આ તદ્દન સ્વાભાવિક હોઇને જ, પચીસ હજાર વર્ષ પૂર્વે કરેલાં ચિત્રો (અલ્તામીરા, સિંઘનપુર વગેરે) ને આજે ગામડા તથા જંગલમાં વસતા (આદિવાસી) માનવે (તેમજ નાના બાળકે) ચીતરેલાં ચિત્રોમાં સામ્ય જોવા મળે છે.

ચિત્ર નં. ૧૫ જૈન પોથીચિત્રો પરથી કરેલું છે. તેમાં વાઘ બાજુમાંથી ચીતર્યો હોવા છતાં તેની બન્ને આંખો બતાવી છે; મોં સામેથી અને બાજુમાંથી જેવું દેખાય તે બન્નેનું મિશ્રણ કરીને કર્યું છે. આંખો માનવ-શરીરમાં ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે એ તો આપણે જાણીએ છીએ. આંખોથી જ વ્યક્તિને ઓળખવી સહેલી થઈ પડે છે. અને એથી ચિત્ર નં. ૧૬માં (સૌરાષ્ટ્રના ગામડામાં આવેલા ઘરની ભીંત પર) પણ વાઘને તેની બે આંખો દેખાડી શકાય એવી રીતે ચીતર્યો છે.

ચિત્ર નં. ૧૭ (જૈન પોથીચિત્ર)માં મોઢું બાજુમાંથી દેખાય તેવું (પ્રોફાઈલ) જ હોવા છતાં બીજી આંખ બહાર દેખાડી છે. (ઑસ્ટ્રેલીઅન ચિત્રોમાં પણ આ રીતે જ શરીરના અવયવો બહારની તરફ દેખાડ્યા છે), તેમજ નૃત્ય કરતી સ્ત્રી (જૈન પોથીચિત્ર)ના શરીરમાં આગળ, પાછળ અને બાજુમાંથી એમ ત્રણ જુદાજુદા દૃષ્ટિકોણોનો મેળો થયો છે.

ચિત્ર નં. ૧૮ એ સ્પેનમાં થએલું (૧૩મી સદીનું) ચિત્ર છે. તેમાં મોઢાનો ઉપરનો અર્ધો ભાગ લગભગ સામેથી જોતા હોઇએ તેવો જ છે (બે શીંગડાં બે કાન ને બે આંખને લીધે); અને નીચેનો અર્ધો ભાગ બાજુમાંથી જોતા હોઇએ તેવો. અત્યારના આધુનિક ચિત્રકારોએ આના પરથી એક જરા નવી રીત શોધી કાઢી છે તે ચિત્ર નં. ૧૯માં દેખાય છે. મોઢું સામેથી જોતા હોઇએ તેવું, તેની અંદરની વિગતો પણ તેની યોગ્ય જગ્યાએ જ, પણ છતાં એવી રીતે કે બાજુમાંથી તે જ મોં કેવું દેખાય તે પણ એમાં સાથોસાથ રજૂ થઈ જાય છે. આંખ બાજુમાંથી (A) દેખાય તે કરતાં સામેથી (B) વધારે લાક્ષણિકતા રજૂ કરે છે, તેથી બંને આંખો સામેથી કરી છે. રાજપૂત, જૈન વગેરે ચિત્રોમાં પણ મો' બાજુમાંથી ચીતરેલું હોવા છતાં આંખ તો સામેથી દેખાય તેવી જ કરાતી તે આ કારણને લઇને.

પિકાસોના આ ચિત્ર ૧૨માં પણ આપણે ઉપર જોઈ ગયા તે બધી જ વસ્તુનો તેણે કરેલો ઉપયોગ સ્પષ્ટ દેખાય છે. પણ તે ઉપરાંત બીજી યે ઘણી વસ્તુઓ એમાં છે. અહીં એક વસ્તુ ખાસ ધ્યાન દોરે છે તે એ, કે તેણે મોં અને હાથની વચ્ચે માત્ર એક જ રેખા કરી છે. જ્યાં નાક, હોઠ ને દાઢી પૂરાં થાય છે–જ્યાં તેની હદ આવી જાય છે, ત્યાંથી જ હાથની આંગળીઓ શરૂ થાય છે! આમ એક જ લીટી બંનેની હદરેખાનું કામ કરે છે. શ્લેષ (pun) અલંકાર જેવું કંઈક અંશે આ કહી શકાય; જોકે પિકાસો પોતે તેનાં ચિત્રોને સાહિત્ય જોડે સરખાવવાની મનાઈ કરે છે. અહીં પણ બે આંખો દેખાડી છે, મોઢું બાજુમાંથી દેખાય તેવું છે, છતાં બંને આંખો સામેથી દેખાય તેવી જ, ને તે બંને વચ્ચેની જગ્યા પણ એ જ રીતે છોડવામાં આવી છે.

આધુનિક કળાકાર પાસે આ તરકીબ આવતાં તેણે તેનો ઉપયોગ શરૂ કર્યો અને તેમ કરતાં તેણે જોયું કે આ પ્રમાણે વિકૃત આકારો થતાં નવા જ આકારો ઊભા થાય છે (નવા આકારો, તેનો એકબીજા સાથે સંબંધ તેમજ designની વિગતવાર સમજ 'હબસી મુક્કાબાજ'ના અંક ૪૨૮માં આવેલા લેખમાં આપી છે), અને તેનો પણ તે પોતાના ચિત્રમાં સારી રીતે ઉપયોગ કરે છે. તેનું એક દૃષ્ટાંત અહીં આપ્યું છે: ચિત્ર ૧૨-Aમાં મોઢે હાથ ટેકવેલી સ્ત્રીના હાથનો આકાર કાળો કરીને દેખાડ્યો છે. અડખેપડખેના સંબંધથી તે હાથ છે એમ ખબર તો પડે છે; પરંતુ તે હાથ છે તેમ ખબર ન પડે છતાં, અથવા ભૂલીને જોઇએ તો, તે આકાર કેવો લાગે છે તેનો ખયાલ આવશે. વળી તે આકારનો બીજા આકારો સાથેનો સંબંધ પણ જોવો જોઇએ.

Distortionનો શબ્દાર્થ, શબ્દકોશમાં આ આપ્યો છે: 'કોઈ વસ્તુ, પદાર્થ કે વાત–હકીકત–પ્રસંગને મારીમચડીને ફેરવી નાખવો, ઉતારી પાડવો વગેરે'. પણ ચિત્રની ભાષામાં distortion શબ્દ એ અર્થમાં જ નથી વપરાતો. મૂળ પદાર્થનો આકાર, તેની એક-બીજી હદ-રેખાનો ભૌમિતિક સંબંધ, તે જ રીતે અથવા તો તે પ્રમાણ ratioમાં જ રજૂ ન થાય પણ કોઈ બીજા પ્રમાણમાં રજૂ થાય ત્યારે મૂળનું વિકૃતી-કરણ કર્યું કહેવાય. મૂળ આકૃતિ (જેવી આંખથી દેખાતી હોય)માં ફેરફાર થાય તેને વિકૃત કરી કહેવાય, પણ તેનો અર્થ મૂળને 'બગાડી નાખી' એવો નહિ.


સંપૂર્ણત: વાસ્તવદર્શી ગણાતાં ગ્રીક શિલ્પો (વીનસ, ડેવિડ, ઍપોલો વગેરે)ને પણ વિદ્વાન કલાવિવેચક હર્બર્ટ રીડ તો ડિસ્ટૉર્શન કરાએલાં જ ગણે છે, કારણકે એમાં કોઈ એક જીવંત વ્યક્તિના શરીરના આકારોની નકલ નથી, પણ અનેક વ્યક્તિઓના શારીરિક સૌન્દર્યમાંથી જેનું જે સારું લાગે તે બધું ભેગું (સરેરાશ કાઢીએ એવું) કરીને પછી તે પરથી સૌથી સારું શારીરિક સૌન્દર્ય કેવું હોવું જોઇએ તેની કલ્પના પર એ મૂર્તિઓ ઘડવામાં આવેલી છે. એવું જ ભારતીય શિલ્પ માટે પણ કહેવાય.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૫૯ માટે પ્રો. ઈશ્વરલાલ ર. દવે ('પંકજ વિલા', પ્લૉટ નં. ૨૧૩૮, આતાભાઈ રોડ, ભાવનગર)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો–પ્રકાશકોને સાહિત્યસભાની વિનતિ છે કે તેમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપરને સરનામે મોકલીને આભારી કરશે.

નીલમણિના બુદ્ધ

મૂલ્યવાન નીલમ-રત્નની જ ઘડેલી જગતની સર્વ પૂજાતી બુદ્ધપ્રતિમાઓમાં સૌથી મહત્ત્વની થાઈ પ્રતિમા



નીલમ બુદ્ધના મંદિરના પ્રાંગણમાં ઊભેલું ચૈત્ય

લેખન અને ફોટોકલા **નવનીત પારેખ**

'થાઈ પુત્ર' રેસ્ટોરાંમાં અમારું ભોજન પૂરું થયું એટલે શ્રી પ્રસિદ્ધે મીઠી વાનગી (dessert) તરીકે દુરીઅન-ફળનો આઇસ્ક્રીમ મંગાવ્યો. (પૂર્વ-એશિયાના બીજા દેશો પેઠે અહીં પણ આ ફળ લોકપ્રિય છે.) દરમ્યાન પ્રસિદ્ધે થાઇલૅન્ડ વિષે વધુ વાતો કહી.

સન ૧૯૩૯ સુધી થાઇલૅન્ડનું ઔપચારિક તથા વૈદિક નામ 'પ્રદેશ-સયામ' (શ્યામ-સિયામ) હતું. તે પછી 'પ્રદેશ-થાઈ' (થાઇલૅન્ડ) અપાયું. આશરે બે લાખ ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતી પોતાની આ માતૃભૂમિને થાઈ લોકો વહાલથી 'માઈ-ફ્રા-ધરણી' (ધરતીમાતા) કહે છે. વળી તેઓ ગંગા નદીને તો જળની અને બધી નદીઓની દેવી તથા માતા ગણે છે ને તેને 'માઇ ફ્રા-ગંગા' કહે છે. ભારતીય વિચારધારા તથા ધર્મ-પ્રણાલિકાઓની કેટલી સચોટ અસર! પ્રસિદ્ધે સમજાવ્યું કે 'ફ્રા' શબ્દ સંસ્કૃતના 'વર' શબ્દનો અપભ્રંશ છે અને તે ભારતના 'શ્રી'ની જેમ માનાર્થે જોડવામાં આવે છે. એક કાળે આ સમગ્ર પ્રદેશ (બ્રહ્મદેશ, સિયામ તથા હિંદી ચીન) 'સુવર્ણ-ભૂમિ' નામે ઓળખાતો અને ભારતનાં પુરાણોમાં તેનો ઉલ્લેખ ઘણી વાર આવે છે. ચીનના મંગોલ લોકો આ આર્ય તથા દ્રાવીડ જાતિમાંથી ઊતરી આવેલા લોકોને 'શ્યામ' લોકો કહેતા. આજે પણ બ્રહ્મદેશ તથા સિયામની વચ્ચે આવેલાં શાન-રાજ્યોના લોકો પોતાને 'શ્યામ' કહે છે. ('શાન' શબ્દ તો અંગ્રેજીમાં અપભ્રંશ થએલો છે; બાકી ત્યાંના લોકો તો પોતાની ભાષામાં 'શ્યામ' જ લખે છે. શ્રી પ્રસિદ્ધના કહેવા અનુસાર તો ચીનના 'શાનટુંગ' પ્રદેશનું પણ મૂળ નામ તો 'શ્યામ-તુંગ' હતું.)

હવે અમે બૅંગકૉક નગર જોવા નીકળ્યા. લદ્દાબહેન પણ સાથે હતાં જ. સૌ પ્રથમ તો હું 'પ્રદેશ-થાઈ'ના વિશ્વવિખ્યાત નીલમ-બુદ્ધને ચરણે પ્રણિપાત કરવા ઉત્સુક હતો, તેથી તેના મંદિર પર અમે આવ્યાં. સમગ્ર 'પ્રદેશ-થાઇ'નું આ પરમ પૂજ્ય તીર્થ બૅંગકૉકના રાજમહેલની પડખે આવેલું છે. દૂરથી જ તેના મંદિરના શિખરની ટોચ દૃષ્ટિગોચર થાય છે. મંદિરને ફરતો કોટ છે અને તેના મુખ્ય દ્વારની બહાર સંખ્યાબંધ માણસો ફળ-ફૂલ, પૂજાનો સામાન વગેરે વેચતા હોય છે. પીત પુષ્પોની માળા તથા એક મોટું કમળનું ફૂલ ખરીદીને અમે અંદર પ્રવેશ્યાં.

આ નીલમ-બુદ્ધના મંદિરનું નામ 'વાટ-ફ્રા-કેઓ' છે. થાઇ ભાષામાં 'વાટ' એટલે મંદિર તથા વિહાર. 'વાટ'માં સામાન્ય રીતે મુખ્ય મંદિર (ગર્ભગૃહ), 'મંડપ', 'બોટ', 'શાલા', 'ચેદી', 'કુટી' વગેરે ઇમારતો હોય છે. ગર્ભગૃહને 'વિહાર્ન' કહે છે જેમાં ભગવાન બુદ્ધની મૂર્તિની પૂજા થાય છે; તેને પડખે આવેલા 'બોટ'માં બૌદ્ધ ભિક્ષુઓ ધર્મ-ચર્ચા કરે છે; 'શાલા'માં સામાન્ય ગૃહસ્થી લોકો એકઠા મળે છે, પ્રાર્થના-પૂજા કરે છે તથા ધર્મોપદેશ સાંભળે છે. ભિક્ષુઓ તથા શ્રમણેર લોકોને રહેવાની ઓરડીઓ 'કુટી' કહેવાય છે. ભારતમાં પણ સાધુઓને રહેવાની ઝૂંપડી 'કુટી' અથવા 'કુટીઆ' જ કહેવાય છે ને? મંદિરના ધર્મ-ગ્રંથોના પુસ્તકાલયને 'હો-ત્રાઇ' કહે છે જ્યારે વિહારના ઘંટાઘરને 'હો-રાગંગ' કહે છે. મંદિરના પ્રાંગણમાં ઘણીવાર બોધિવૃક્ષ પણ હોય છે જેને થાઈ લોકો 'ટોન-પો' કહે છે. 'વાટ'માં એક—યા ઘણીવાર તો અનેક સ્તૂપો પણ ઊભા કરેલા હોય છે. સ્તૂપને થાઇ ભાષામાં 'ફ્રા-ચેદી' કહે છે. શ્રી પ્રસિદ્ધે સમજાવ્યું કે મૂળ સંસ્કૃત 'વર-ચૈત્ય' શબ્દના અપભ્રંશમાંથી 'ફ્રા ચેદી' શબ્દ નીપજ્યો છે.

આ ચેદી, ચૈત્ય અથવા સ્તૂપના ઉદ્ભવની ચર્ચા નીકળતાં મને જાણવા મળ્યું કે બૌદ્ધ ધર્મગ્રંથ 'ધમ્મપદમ'ના ઉલ્લેખ અનુસાર તથાગત-બુદ્ધના એક પ્રિય શિષ્યને એક વૃષભે (આખલાએ) શીંગડાં વડે મારી નાખેલા. તેમની ભસ્મ ઉપર બુદ્ધે એક સ્તૂપ ઊભો કરાવ્યો હતો અને ત્યારથી બૌદ્ધ ધર્મમાં આવા સ્તૂપ કે ચૈત્ય રચવાની પ્રણાલિકા શરૂ થઈ. આવા ચૈત્યોનાં ચાર મુખ્ય પ્રકાર છે. 'ધાતુ ચૈત્ય'માં ભગવાન બુદ્ધના અવશેષો હોય છે; 'પરિભોગ-ચૈત્ય'માં બુદ્ધનાં ઉપકરણો (વસ્ત્ર, માધુકરી ઇત્યાદી) રાખ્યાં હોય છે; 'ધમ્મ-ચૈત્ય'માં ધર્મ ગ્રંથો હોય છે, ને ઉદ્દેશિક-ચૈત્ય'માં બુદ્ધની પ્રતિમા ગોઠવી હોય છે.

થાઇલૅન્ડના 'ફ્રા-ચેદી'ની રચના ભારતનાં મંદિર-શિખરોને અનુરૂપ હોય છે. નીચેના ઘંટાકાર ગર્ભ ઉપર નારી વેદી હોય છે; તે ઉપર 'કમળનાં ફૂલો'ની હાર ઊંચે સુધી જતી હોય છે; તેની ઉપર 'કેળની કળી' જેવી લાંબી, પાતળી દાંડી ઊંચે સુધી જતી હોય છે; અને સૌથી ઉપર ગોળ નાનો 'કુંભ' હોય છે જે 'ઝાકળનું બિંદુ' કહેવાય છે. 'કમળનાં ફૂલો'નો નીચલો ભાગ 'હેમ' કહેવાય છે. થાઈ વિદ્વાનોના મત પ્રમાણે આ શબ્દ સંસ્કૃતના 'હેમ' (સોનું) પરથી જ નીપજ્યો છે, જે વળી 'હિમ' (બરફ) શબ્દમાંથી નીપજ્યો છે. થાઈ વિદ્વાનો માને છે કે ભારતના મંદિર-શિખરનો આકાર હિમાલયના કૈલાસ શિખર પરથી ઘટાવેલો છે અને થાઈ-ભાષામાં તેઓ હિમાલયને 'હેમબંફોત' (હેમપર્વત) કહે છે.

'વાટ'ના પ્રાંગણમા આવેલા 'મંડપ'માં ધર્મશાસ્ત્રો રાખવામાં આવે છે. મંડપ સામાન્યરીતે ચોરસ આકારનો હોય છે. લદ્દાબહેને જણાવ્યું કે વાટનો ઘંટ સવારે ૪ વાગ્યે વાગે છે જ્યારે બધા ભિક્ષુઓ ઊઠે છે; સાંજે છ વાગ્યે ઘંટારવ થયા પછી ભિક્ષુઓ મઠાધિપતિની આજ્ઞા વિના વાટની બહાર જઈ શકતા નથી, અને રાત્રે ૮ વાગ્યે ભિક્ષુઓનો પ્રાર્થનાનો સમય હોય છે.

વાટ-ફ્રા-કેઓ(નીલમ-બુદ્ધ-મંદિર)ના પ્રવેશદ્વાર ઉપર થાઈ



નીલમ-મંદિરના પ્રાંગણ ફરતી ભમતી(અભ્યંતરમાર્ગ)ની ભીંતો પર આલેખેલી રામાયણકથામાંનું એક ભિત્તિચિત્ર, જેમાં અતિ દીર્ઘ નિદ્રામાં પડેલા હનુમાનના મુખમાં મહેલો બંધાઈ ગએલાં!

શૈલીનું શિખર આવેલું છે. અંદર પેસતાં બે મહાકાય દ્વારપાલો હાથમાં મોટા દંડ લઇને ઊભા છે. દસ–બાર ફીટ ઊંચી આ મૂર્તિઓ થાઈ શિલ્પની લાક્ષણિક કૃતિ છે. તેમની મુખમુદ્રા, મસ્તક પરનો મુકુટ, તેમની વેશભૂષા, હવામાં ઊંચે ઊડી રહેલા વસ્ત્રોના છેડા તથા તેમના અલંકારો, બધાં જ વિશિષ્ટ થાઈ શૈલીનાં છે. થાઇ લોકોને પચરંગી વસ્તુઓ ઘણી પ્રિય લાગે છે અને તેથી તેમનાં મંદિરો બધાં વિવિધ રંગનાં ને ઝાકઝમાળ હોય છે. મંદિરોનાં છાપરાં લાલ તથા લીલા રંગનાં સપાટ નળિયાંથી મંડિત હોય છે, જાણે કે લીલી કિનારનો લાલ ગાલીચો જ પાથર્યો ન હોય! વાટનાં શિખરો ઉપર તેમજ પ્રાંગણમાંનાં બધાં ચેદી તથા પ્રાંગ ઉપર ચીનાઈ માટીનાં ભાંગેલાં વાસણોના પચરંગી ટુકડાઓ જડી દીધેલા હોય છે, આથી દૂરથી સૂર્યના પ્રકાશમા આ મંદિર–શિખરો કોઈ ભવ્ય, રત્નજડિત રાજમુકુટ જેવાં ઝળહળે છે અને બહુ મનોરમ લાગે છે; પરંતુ નજીક જતાં જ ચીનાઈ માટીના આ ભાંગેલા ટુકડા આપણી મુગ્ધતાને પણ ભાંગે છે અને નિરાશ કરે છે.

વાટ–ફ્રા–કેઓમાં પ્રવેશ્યા એટલે અંદર પ્રાંગણ ફરતી ભમતી આવી. આ ભમતી(અભ્યંતરમાર્ગ)ની આખી દીવાલ પર રામાયણની કથાનાં મોટાં, રંગીન ભિત્તિચિત્રો આલેખ્યાં છે. જાવા–બાલીની પેઠે આ 'પ્રદેશ–થાઇ'ના લોક–જીવનમાં પણ રામાયણની કથા ઓતપ્રોત થઈ ગએલી છે; અને જાવાની જેમ અહીં પણ મૂળ કથાનકમાં ઘણા પાઠભેદ થયા છે તથા નવા પ્રસંગો ઉમેરાયા છે. બલકે અહીં તો થાઈ લોકોની આગવી રુચિ તથા પ્રતિભા પ્રમાણે વાલ્મીકિના રામાયણને ઘટાવીને એક નવું જ થાઈ–રામાયણ યોજવામાં આવ્યું છે એમ કહી શકાય. થાઈ–લોકો તેને 'રામાકિઅન' કહે છે જે સંસ્કૃત 'રામ–આખ્યાન'નું જ સ્પષ્ટ અપભ્રંશ લાગે છે. પરાક્રમ તથા પ્રણયલીલાને પસંદ કરનારા થાઈ લોકોએ મૂળ રામાયણના નૈતિક બોધપાઠ તથા આધ્યાત્મિક ઉપદેશને સાવ વિસારે પાડીને આપણને ચકિત કરી દે તથા મૂંઝવણમાં મૂકી દે તેવા પ્રસંગો આ 'રામાખ્યાન'માં ઉમેર્યા છે. જાવા–બાલી તેમજ 'પ્રદેશ–થાઇ'માં રામાયણના મુખ્ય પાત્ર રામ નહિ પરંતુ પરાક્રમી વાનર–દેવ હનુમાન છે. અરે, આ પ્રણય–પ્રિય થાઈ કવિઓએ તો વાલ્મીકિના પરમ ભક્ત તથા જિતેન્દ્રિય હનુમાનજીને રમૂજી, ટીખળી, વિલાસી, લંપટ તથા વિષયાસક્ત ચીતર્યા છે અને તેમને નામે કેટલી યે પ્રણય-ક્રીડા જોડી કાઢી છે! આપણા બ્રહ્મચર્યના દેવ, પવનસુત મારુતિ હનુમાનજીની આવી કામોન્મત્ત દશા જોઇને મને થએલો આઘાત નાનોસૂનો નહોતો. શ્રી પ્રસિદ્ધ દરેક ભિત્તિચિત્ર સમજાવતા ગયા અને આખું 'રામાખ્યાન' જોઈ વળતાં દોઢ કલાક થઈ ગયો. થાઈ–ભાષામાં 'રામાખ્યાન' સૌથી મોટો ગ્રંથ છે અને તે સંખ્યાબંધ પુસ્તકોમાં વહેંચાએલો છે. લદ્દાબહેન પાસેથી જાણવા મળ્યું કે થોડાં વર્ષો અગાઉ સ્વામી સત્યાનંદ પુરિએ આ રામાખ્યાનનો ટૂંકો અંગ્રેજી અનુવાદ પ્રકટ કર્યો છે.

રામાખ્યાનનાં ભિત્તિચિત્રો જોવામાં અનાયાસે જ નીલમ-બુદ્ધના મંદિરની પ્રદક્ષિણા થઈ ગઇ. હવે અમે મુખ્ય મંદિર 'બોટ' પર આવ્યાં. અંદરના ગર્ભ-ગૃહ (વિહાર્ન)માં તો કેવળ પૂજારીઓ જ જઈ શકે તેથી અમે કાંઈક દૂરથી જ આ કરુણાવતાર તથાગત બુદ્ધને ઘૂંટણિયે પડીને પ્રણામ કર્યા ને દ્વાર પર ઊભેલા પૂજારીના હાથમાં પુષ્પો તથા ધૂપ આપ્યાં.

નીલ-મણિમાં કંડારેલી આ અત્યંત સુરેખ, બુદ્ધની મૂર્તિને કદાચ જગતભરની બધી પૂજાતી બુદ્ધ-પ્રતિમાઓમાં સૌથી મહત્ત્વની કહી શ્રી પ્રસિદ્ધે તેનો ટૂંકો ઇતિહાસ કહ્યો, કે ઈ. ૧૪૩૬માં ઉત્તર સિયામના ચેંગરાય ગામના એક મોટા સ્તૂપ ઉપર વીજળી પડી અને તે સ્તૂપ તૂટી પડ્યો ત્યારે તેમાંથી આ મૂર્તિ જડી આવી. પછી તે સિયામનાં જુદાંજુદાં શહેરોમાં સ્થાપિત થઈ અને અયોધ્યા આવી. છેવટે બુદ્ધ સંવત્ ૨૩૨૭(ઈ. સ. ૧૭૮૪)માં ક્રુંગથેબ(બૅંગકૉક)ના હાલના આ વાટ-ફ્રા-કેઓ મંદિરમાં એ નીલ-મણિના બુદ્ધ પ્રતિષ્ઠાપિત થયા.

અમે દર્શને ગયાં ત્યારે ભગવાન બુદ્ધની પ્રતિમાને એક પ્રકારના કસબી કંબલમાં લપેટી હતી ને તેનું કેવળ મુખ ખુલ્લું હતું. શ્રી પ્રસિદ્ધે સમજાવ્યું કે વર્ષની ત્રણ મુખ્ય ઋતુઓ પ્રમાણે આ મૂર્તિની વેશભૂષા સજાવવામાં આવે છે. શિયાળો હમણાં જ શરૂ થયો હોવાથી આમ વસ્ત્રો લપેટ્યાં હતાં, જ્યારે ઉનાળામાં તો મુખ્યત્વે રત્નજડિત અલંકારો જ સજવામાં આવે છે. ચોમાસામાં વક્ષઃસ્થલ, ડાબા હાથ તથા પગ ઉપર વસ્ત્ર પહેરાવે છે અને જમણો હાથ તથા ખભો ખુલ્લા હોય છે.

આ નીલમ-બુદ્ધ પદ્માસન વાળીને ધ્યાન-મુદ્રામા બેઠા છે અને ખોળામાં ડાબા હાથના પંજા ઉપર જમણો હાથ મૂકેલો છે. મસ્તક પર વાળના નાનાનાના ગુચ્છાઓનો લાક્ષણિક ઉષ્નીશ છે ને કપાળમાં સહેજ લંબગોળ, સુંદર ચાંદલો છે. શિર પર લાક્ષણિક થાઈ શૈલીની ઊભી, અણીદાર શિખા ચમકે છે. પ્રસિદ્ધ સમજાવ્યું કે આ શિખા અગ્નિની પાવક શિખાની જેમ જ્ઞાન–જ્યોતનું પ્રતીક છે.

બુદ્ધ-ગયા પાસે, નિરંજના નદીને તીરે, પીપળાના વૃક્ષ નીચે આસન જમાવીને બેઠેલા તપસ્વી સિદ્ધાર્થનું મને સ્મરણ થયું:

"इहासने शुष्यतु मे शरीरं, त्वगस्थिमांस विलयं च यातु।
अप्राप्य बोधिं बहुकल्पदुर्लभां नैवासनात् कायमिदं चलिष्यति॥"

એવા તેમના પ્રખર, અડગ નિર્ધારે તેમને આત્મજ્ઞાન અપાવ્યું. તેઓ સિદ્ધાર્થ મટી બુદ્ધ બન્યા અને કરુણાથી પ્રેરાઈને સકળ માનવજાતને સદા ધર્મોપદેશ તથા પ્રેરણા આપતા રહ્યા. એવા એ કરુણાવતાર તથાગતને ચરણે અમે ફરી પ્રણિપાત કર્યો.

વાટ–ફ્રા–કેઓના પ્રાંગણમાં સંખ્યાબંધ નાનાં મંદિરો તથા સ્તૂપો છે. તે પૈકીના એક નાના સુંદર મંદિરને ફ્રા-ગંધર્વરાજ કહે છે. નીલમ-બુદ્ધના મંદિરને છીપ જડેલાં મનોહર દ્વાર છે ને મુખ્ય મંદિરની પાછળ એક 'મહામંડપ' તથા એક ઊંચો ભવ્ય ચેદી (સ્તૂપ) આવેલા છે. આ મહાકાય ચેદી પર સોનેરી વરખ લગાડ્યા હતા, અને સૂર્યાસ્તનાં કિરણોમાં હિમાલયનું કોઈ ઉત્તુંગ શિખર સુવર્ણરંગે ચમકે તેમ એ શોભી રહ્યો હતો. વાટના પૂર્વભાગમાં નવ નાના ઊંચા સ્તૂપો 'પ્રાંગ' છે. તે દરેકનો વર્ણ જુદો છે અને તે નવ ગ્રહનાં પ્રતીક છે. મંદિરના ઉત્તર ભાગમાં કંબોજ (કૅમ્બોડીઆ)ના વિશ્વવિખ્યાત અંકોર–વાટ મંદિરની નાની પ્રતિકૃતિ પણ ગોઠવેલી છે. (ચાલુ)

કવિ નાનાલાલની વિશાળી વૈષ્ણવતા

કૃ. દ. ડા.ની સહીથી લખાએલી જેમની કવિતાઓ ગુજરાતની ત્રણત્રણ પેઢીએ ગળથૂથીમાંથી ભણી, અને જે પોતાના જમાનામાં 'કવીશ્વર'નું બિરદ પામ્યા તે દલપતરામના સૌથી નાના પુત્ર નાનાલાલે પિતાથી સવાયા થઈ 'દલપતકુળની અખંડજ્યોત કાવ્યોપાસના'ને ૧૧૪ વર્ષની અવધે પહોંચાડી. 'ગુજરાતી ભાષા ને કવિતા જેમના થકી ઊજળી છે, એ ગુજરાતના પ્રથમ પંક્તિના અગ્રગણ્ય કવિ'નું ઓળખાણ આપવાનું ન હોય. છંદોબદ્ધ ગેય અને અછાંદસ કવિતા, રાસ ગઝલો લગ્નગીતો ને બાળકાવ્યો, અર્ઘ્યાજલિઓ ચિત્રકાવ્યો ને કથાકાવ્યો, મહાકાવ્ય ને પુરાણકાવ્ય, અભિનવ શૈલીનાં નાટકો નવલકથાઓ ને લઘુકથાઓ, સાહિત્યવિવેચન શિષ્ટ સાહિત્યના અનુવાદો ને વ્યાખ્યાનલેખો, માહિતી સમૃદ્ધ ચરિત્રગ્રંથ ને ધર્મવિચાર—એમ અનેકરૂપી તથા ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ વિપુલ એવા એમના સાહિત્યસર્જનમાં સૌથી અંતિમ ને 'વિરાટ' કહેવાએલું કાવ્ય તે 'હરિસંહિતા'; જેનાં બાર મંડળોમાં, મહાભારતના યુદ્ધ પછી સોળમે વર્ષે શ્રી કૃષ્ણે પોતાના ૧૦૦-મા વર્ષથી આરંભીને ૧૧૬મા વર્ષ સુધી કરેલી તીર્થયાત્રાની ભારતપરિક્રમણાનો કથાવિસ્તાર છે. કવિએ પોતે તેને 'પ્રેમલક્ષણાભક્તિનું મહિમાગીત' કહ્યું છે. શ્રીમદ્ ભાગવત પેઠે તેનાં ૪૪,૦૦૦ચરણો લખવા ધારેલાં, તેમાંથી તેઓ મૃત્યુ પહેલાં ૨૭,૦૦૦ ચરણો લખી શકેલા.

ઈ. ૧૯૪૬માં થએલા એમના અવસાન પછી એમની સ્મૃતિ કાયમ રાખવા 'મહાકવિ નાનાલાલ સ્મારક ટ્રસ્ટે' જે સતત અને સ્થિર પ્રવૃત્તિઓ કર્યા કરી છે તેના કળશ રૂપે ટ્રસ્ટે કવિની એ અધૂરી પણ 'મહત્તમ' કૃતિનું મરણોત્તર પ્રકાશન ગયા માસમાં વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના હસ્તે કરાવ્યું. તેના ત્રણ ગ્રંથમાં કવિશ્રીમાં જીવનભર વહેતી રહેલી ધર્મભાવનાથી રસબસતી કાવ્યગંગા વહે છે.

પોતાની એ ધર્મભાવના (જેને કવિ 'વૈષ્ણવતા' કહે છે) કઈ પેરે ઘડાઈને પોષાઇ તેનું આત્મકથાત્મક વર્ણન કવિએ તેની પ્રસ્તાવનામાં કર્યું છે. વાચકોને રસપ્રેરક થઈ પડે એવી એ ઘડતરકથા આ સામે ઉતારવા સાથે, આ અંકના કેન્દ્રમાં જોડેલી પૂર્તિમાં, એમના જીવનઘડતરના જુદાજુદા કાળની છબિઓ પણ આપી છે.

"મારી વિશાળી વૈષ્ણવતાનું ઘડતર અનેક વિવિધતાનું ઋણી છે, ને એનાં વિકાસ-પગથિયાં મારા સમગ્ર જીવનમાં—પથરાએલાં પડેલાં છે. આયુષ્યભરનો હું તો અખંડ ભક્તિમાર્ગી છું. મારા ભક્તિમાર્ગના ને મારા Puritanism(શુભ્ર ભાવના)ના પાયા બાળવયથી માતાપિતા ને સ્વામી સંપ્રદાયે રોપેલા છે. 'नारायण हरे। श्री सच्चिदानद प्रभो !'નો દલપત-ચોકઠામાંનો સાધુઘોષ સાંભળી લોટછલકાતું છાલિયું સંતઝોળીમાં ભરવા બા મોકલતાં; રાત્રિએ રાત્રિએ અમદાવાદના સ્વામીમંદિરના સભામંડપને પશ્ચિમ ઓટલે બેસી ભાગવતકથા સાંભળતો ને હરિ નામની માળા ફેરવતો; સાંજે સાંજે સાયંઆરતીના ડંકા વગાડતો; જળઝૂલણી એકાદશીના ગણપતિ-વરઘોડાઓમાં શ્રી હરિનો પ્રતિહાર થઈ છડી પોકારતો. વડતાળમાં યે ખૂબ રહ્યો છું. ગોમતી-ઘાટની આંબાજાંબુની વૃક્ષાવળો ચડ્યો છું એ ચક્ષુઓમાં તરે છે. બારની વયે સાવરકુંડલે મે માસમાં કાજીસાહેબને ત્યાં ફારસી ભણવા જતો ત્યાં એ વૃદ્ધ કાજીસાહેબના મુખેથી સ્વામીસંપ્રદાયનાં પ્રશસ્તિવેણ સાંભળ્યાં છે.

'૯૩થી દવેસાહેબનો સત્સંગ-મહિમા જોયો. '૯૪માં એલ્ફિન્સ્ટનકૉલેજના વિદ્યાર્થી-આશ્રમે જમતાં અબોટિયું પે'રતો, સ્વામી-તિલક કરતો, સૌ અળગો બેસતો. પછી '૯૬થી અમદાવાદ-પૂના-મુંબાઈના પ્રાર્થનાસમાજોનો સંપર્ક થયો. એમણે પણ મારા ભક્તિમાર્ગને ને શુભ્રભાવનાને દૃઢતર કીધાં, મારી વૈષ્ણવતાને વિશાળી કીધી. ૧૯૦૦ના શ્રી અમદાવાદ પ્રાર્થનાસમાજના વાર્ષિકોત્સવે 'ઉદ્ધવ's mission to ગોકુળ'નું અંગ્રેજી વ્યાખ્યાન આપી ભક્તિમાર્ગની પરમોન્નતતાનું પ્રતિપાદન કીધું હતું; એવામાં જ મુંબાઈ પ્રાર્થનાસમાજમાં 'Faith of Philosophy'ના વ્યાખ્યાનમાં ભક્તિયોગનું પ્રેરણાત્મક સ્વરૂપ વર્ણવ્યું હતું, ને એની યે પૂર્વે '૯૯માં, પૂના પ્રાર્થનાસમાજમાં 'મારા લગ્નસ્નેહનો વિશ્વક્રમમાં હેતુ' એ સંસારશાસ્ત્રના લેખનું અંગ્રેજી ભાષાન્તર વાંચ્યું હતું. ડેક્કન કૉલેજમાં સમસ્ત કૉલેજની એક જાહેર ધર્મસભા સ્થાપી હતી, જેનો મૂળભૂત સિદ્ધાંત એ હતો કે સહુ કોઈ પોતપોતાના ધર્મમતનું પ્રતિપાદન કરે, કોઈ કોઇના ધર્મમતનું ખંડન ન કરે. પ્રાર્થનાસમાજોમાંના મારા વીસ પચ્ચીસેક ધર્મોપદેશો 'ધર્મમંથન'ને નામે છપાવવાની જાહેરાત વર્ષોથી થઈ ગઈ છે.

'૯૮-'૯૯માં બી.એ.ના વર્ગમાં ઐચ્છિક વિષય ફિલસૂફીને અંગે યુરોપની ફિલસૂફી ભણવાની આવી. કૅન્ટનો યુરોપમોહક જ્ઞાનવાદ તો આપણી જ્ઞાનેન્દ્રિયના પાયા પર રચાએલો ભાસ્યો; પણ ઍરિસ્ટૉટલે મહાસૂત્ર શીખવ્યું કે The True, the Moral, the Beautiful are one; ને માર્ટિનોની કવિતામય બાનીએ યુરોપના પૂર્વાચાર્યોની ગુણાવળો ને અધૂરપો ભણાવી. ૨૦મી સદીના બેસતા વર્ષના અરસામાં પ્રાર્થનાસમાજના ધર્મોપદેશક—સાધુ થવાના કોડ થયા હતા; ડૉ. માર્ટિનોવાળી ઑક્સફર્ડમાંની ફિલસૂફીની માંચેસ્ટર કૉલેજની વાર્ષિક એક સો પાઉન્ડની વિદ્યાર્થીવૃત્તિ માટે અરજી કરી હતી; પણ એ વર્ષે એ વિદ્યાર્થીવૃત્તિ શ્રી બિપિનચંદ્ર પાલને અપાઈ હતી.

કવિતાના મનોરથોને અંગે નરસિંહ, મીરાં, દયારામ ને સ્વામીસંપ્રદાયના કાવ્યમહર્ષિઓનો મને રસિક પરિચય થયો હતો. પછી આવી મારા સમશ્લોકી ગીતા-ભાષાન્તરની દશવર્ષી: ૧૯૦૧ થી ૧૯૧૦. હિન્દુ મહાધર્મના સર્વ સંપ્રદાયોનો એ સર્વમાન્ય મહાગ્રંથ. એ દસકામાં અનેક પ્રસંગો મારી વિશાળી વૈષ્ણવતા ઘડતા આવી ગયા. ૧૯૦૨માં સાદરાના સ્વામી-મંદિરે પધારતા સાધુસંતોને અમે રસોઈ આપતા, અને મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા પણ કીધી હતી. ૧૯૧૪ના એપ્રિલ—મેમાં સદ્ગત સાધુ શ્રી વિઠ્ઠલરાવ શિંદેની સંગાથે બ્રહ્મસંપ્રદાયના પ્રચારાર્થે રાજકોટ-ગોંડળ-જૂનાગઢ-ભાવનગરનું પર્યટન થયું. સાધુ શિંદેને ગુજરાતી ભાષા આવડે નહિ એટલે અંગ્રેજી વ્યાખ્યાનો કરતા; ને એ સૌરાષ્ટ્ર-પર્યટનનો અડધઝાઝેરો ભાર મારે શિરે આવેલો.

જૂનાગઢમાં ગિરનાર જોયો, રાજર્ષિ અશોકનો શિલાલેખ જોયો, 'ગિરનારને ચરણે'-નું કાવ્ય લખ્યું. નરસિંહનો ચૉરો ને દામોકુંડ જોયા, નાટક-તખ્તા ઉપર સ્વયં નરસિંહને જોયો. ભાવનગરમાં કાન્તને ત્યાં 'સૌરાષ્ટ્રના સાધુ' શ્રી અમૃતલાલ પઢિયારનો આજીવન સત્સંગ સાંપડ્યો. કાન્તની અતીવ દ્રવતી મૃદુતા નિહાળી સાધુ શિંદેએ કહ્યું હતું કે 'હરિ મને જગતમાંથી માતા પસંદ કરવાનું કહે તો હું મણિભાઇને માતા કરું.' પઢિયાર-સત્સંગે 'સૌનું કરો કલ્યાણ'નું ભજન નિત્યશઃ ગાતી મુંબાઈમાંની શ્રી જાદવજી મહારાજની સત્સંગમંડળીનો ૧૯૦૫થી સમાગમ થયો. મારી સરી પડેલી હરિમાળા એ સાલમાં શ્રી જાદવજી મહારાજે પાછી આપી, ને 'यज्ञानां जपयज्ञोऽस्मि'નો મહિમા પિછાણ્યો. પછી

૧૯૧૦માં કરાચીની નવવિધાન બ્રહ્મસમાજના સાધુ ડૉ. રૂમેન મુંબઇ આવ્યા હતા, એમણે મને એકતારો વસાવરાવ્યો. માળા ને એકતારો બન્નેયે આજે મારા ભજન-સંગાથી છે.

રાજકોટવાસનાં આદિ વર્ષોમાં જ ત્યાંના મિસ્ત્રી લક્ષ્મણ કાનજી, તારમાસ્તર હેબળી, પોલીસ હેડ ક્લાર્ક કૃષ્ણરાવ ગણેશ, એ સેવાભાવી થિયોસોફી મંડળનો ગાઢ પરિચય થયો. લક્ષ્મણભાઇ સુથાર હતા, ને હું એમને 'ક્રાઈસ્ટના નાતીલા' કહી સંબોધતો. એ સૌની સંગાથે અન્ત્યજશાળા કાઢી, રાત્રિશાળા કાઢી, હિન્દુ કન્યાશાળા કાઢી. રાજકોટમાં રામાનુજી અનંતપ્રસાદજીનાં કીર્તનો સાંભળ્યાં, ને પરિચય થયો. આર્યસમાજના ને થિયોસોફીના ધર્મોપદેશકોને જમવા નોતરતો. રાજકુમારો જમવા આવતા. હિન્દુ-ઇસ્લામી-પારસી-અંગ્રેજનું પાટલે બેસી પાયસનું જમણ થયું હતું. પ્રાર્થનાસમાજ સ્થપાઈ હતી. થોડાક માસ આઠ-દસેકના Students' Brotherhood ને ટેનિસનનું Akbar's Dream ભણાવ્યું હતું; ને મુંબાઈના 'Students' Brotherhood'ના સ્થાપક પ્રો. એન. જી. વેલિનકર પણ એકદા અમારા અતિથિ થઈ આવ્યા હતા. બ્રહ્માનંદ કેશવચન્દ્રસેનના દૌહિત્ર–કુચબિહારના પ્રિન્સ વિક્ટરને ચાપાણી અર્થે નોતર્યા હતા. સ્વામીનારાયણના આચાર્યશ્રીની ઘેર પધરામણી કીધી હતી. દુષ્કાળનાં વર્ષોમાં ગુજરાત-સૌરાષ્ટ્રની સહાયતાએ નીકળેલાં સ્વ. જમનાબહેન સક્કઈ અને અન્ય મુંબાઈવાસી આઠેક સન્નારીઓ અમારાં મહેમાન હતાં.

મહાકવિ પ્રેમાનંદનાં 'સુદામાચરિત્ર' અને 'મામેરું' મારી નિત્યપ્રિય કાવ્ય-બેલડી છે; રાજકુમાર કૉલેજમાં બહુ ભણાવ્યાં છે; રાજકોટ, ભાવનગર, મુંબાઇ, અમદાવાદ, ડાકોરજીમાં એમનાં જાહેર પ્રવચનો કીધાં છે. અને પછી આવ્યાં મારાં વલ્લભસંપ્રદાયી ષોડશગ્રંથોનાં ને સ્વામીસંપ્રદાયી શિક્ષાપત્રીનાં સમશ્લોકી ભાષાન્તરો. દરમિયાન સ્વ. પઢિયારજી સાથે, સ્વ. મહારાજ લાખાજીરાજ સંગાથે, તેમજ સ્વયંભાવે પણ ડાકોરયાત્રાઓ થતી. દયારામભાઇ ને તેમના ગુરુ ઇચ્છારામ ભટ્ટજી મહારાજ; શ્રી કૃષ્ણના બાળસ્વરૂપને હીંચકાવતા ને રાધેશ્યામની ધૂન મચાવતા હરિદાસ મહારાજ; ગોમતીજીનાં પગથિયાંને બ્રહ્મમહેલ માની અહોરાત ત્યાં નિવસતા સાધુરામજી મહારાજ, અને માઇલેક છેટે ખેતરમાંના કોઠલામાં નિવસતા મુનિમહારાજનાં દર્શનો કીધાં; અને અલ્પ જાણીતું નવું મહાસત્ય જાણ્યું, કે ડાકોરજી ભક્તિતીર્થ તો છે જ, ઉપરાંત તપોવન છે. ડાકોરજીની ત્યારે તપોભૂમિ હતી. ગોમતીઘાટની ખાખટેકરી, પાજ-બાંધ્યું હરિગોપન સ્થાન, અને પાળેપાળે ઝાડઝુંડ-ઝૂકેલું અનંતવાહી ગોમતીદર્શન: એમણે કહ્યું કે, બર્કે કહેલાં The Beautiful અને The Sublime બે જ નથી, પણ ત્રીજી The Mystic અનુભૂતિ પણ છે. એ mystic મંત્રને પછીનાં ઉપનિષદ-ભાષાન્તરોએ દૃઢીભૂત કીધો. એ અરસામાં પઢિયારજી સંગાથે પાવાગઢ, ચાંદોદ-કરનાળી, કબીરવડ ને શુક્લતીર્થની યાત્રાઓ થઈ; સ્વ. લાખાજીરાજની સંગાથે શ્રી અમરનાથની તળેટીમાંના સૂર્યમંદિર-માર્તંડનાં ખંડેરની યાત્રા થઈ. મથુરાં ને વૃન્દાવનમાં બે-બે કલાક એકલપંડે રહી આવ્યો; જૈનોનું પાલિતાણા, શૈવોનું સિદ્ધપુર, વૈષ્ણવી પ્રભાસ, આરાસુરી અંબાજી, ઈસ્લામી ઉનાવામાં મીરા દાતાર ને જૂનાગઢમાં જમિયલશા પીર, પારસીઓનું ઉદવાડા, વેદાન્તી પ્રીતમનું સન્દેસર, રાયચન્દ્રજીનું અગાસ અને મહર્ષિ દયાનંદના જન્મસ્થાન ટંકારાની ત્રણેક યાત્રાઓ થઇ હતી, અને અનુભવ્યું હતું કે, સાંપ્રદાયિક માનસને યાત્રાઓ બ્રહ્મદૃષ્ટિની વિશાળતા બક્ષે છે. ભક્તરાજોનાં દર્શનનું પણ સદ્‌ભાગ્ય મને મળ્યું છે. જગતતખ્તા ઉપર સ્વામીસંતો, દલપતરામ, કાશીરામભાઇ, પઢિયારજી, જાદવજી મહારાજ, અનંતપ્રસાદજી, ડૉ. રૂમેન, સમર્પણી દલાલસાહેબ: ને નાટકતખ્તા ઉપર નરસિંહ મહેતા.

મારી પરમ મિત્રમંડળી યે અનેકમતવાદી હતી. કાન્ત સ્વીડનબોર્ગી ખ્રિસ્તી હતા, પઢિયાર વેદાન્તી ભક્ત હતા, બાવા મોહનદાસજી ભજનિક હતા, રણજિતરામ લોકસેવાને જ ધર્મ માનતા, પ્રો. ગજ્જર કેવળ materialist નિરીશ્વરવાદી હતા. મતભેદોને કારણે અમારે કદી મૈત્રીભેદ પડેલો નથી. મુંબઇ-સુપા-સોનગઢ નિજ ગુરુકુલ-ઉત્સવોમાં, અમદાવાદ શત્રુંજયનાં જૈનમંડળો શ્રી મહાવીર-જયન્તીઓમાં, ખ્રિસ્તીઓ ખ્રિસ્તીજયન્તીમાં, સ્વામીસંપ્રદાયીઓ એમની ધર્મસભાઓમાં પ્રમુખ થવા નોતરતાં. સ્થાનકવાસી જૈન પરિષદ ને રાજપુત્ર ક્ષત્રિય પરિષદ નિજ પરિષદોમાં, વલ્લભસંપ્રદાયીઓ, રાયચન્દ્ર-પ્રશંસકો, ને ઇસ્લામીઓ નિજ સમારંભોમાં બોલાવતા. મુંબઇમાં હાજી મહમ્મદ અલારખિયા શિવજીને ત્યાં, એમની ત્રીજા માળની બંગલીમાં હિન્દુ ઇસ્લામી પારસી અંગ્રેજ પ્રાર્થનાસમાજી સદ્‌ભાવે મળતા હળતા અને કવિતાની, કલાની, ઇતિહાસની, ફિલસૂફીની આનંદગોષ્ઠિઓ કરતા.

ચાંદોદ-કરનાળીનાં તીર્થધામોમાં આર્યસમાજી ધર્મોપદેશકના પ્રમુખપદે સનાતની અગ્રણીની ને સનાતની અગ્રણીને પ્રમુખપદે આર્યસમાજી ધર્મોપદેશકની વ્યાખ્યાન-યોજનાઓ કીધી હતી. ચાંદોદમાં દયારામભાઈના મહોલ્લાનું 'કંગાલપુરી' નામ ફેરવી 'દયારામપુરી' નામ પાડ્યું હતું. રાસ રચાતા ને સાથેસાથે પ્રેમભક્તિ ભજનાવલિમાંનાં ભજનો પણ લખાતાં. કાઠિયાવાડમાં ભજનો તો ભાણસાહેબ, ભીમસાહેબ, જીવણસાહેબ, લાલા ભગત, જેલાભગત, મુંડિયાબાવા, ગિરિનારનો શિવરાત્રિનો મહા-મેળો એ બધાનાં તલ્લીનતાથી સાંભળ્યાં છે. આણુંદ–આર્યસમાજે ધર્મપરિષદના પ્રમુખપદે આમંત્ર્યો હતો. અમદાવાદમાં સ્વામીમંદિરે નરનારાયણદેવના શતાબ્દી પાટમહોત્સવને અવસરે ગુજરાતની સર્વધર્મપરિષદ ભરવાનો મનોરથ જાગ્યો હતો. અને એમ સહુ મારા બ્રહ્મદર્શનને વિશાળું ને વિશાળું કરતાં હતાં. હિન્દુ-ઇસ્લામી ગરીબ-શ્રીમંતની રાજકોટમાં સેવાસમાજ સ્થાપી હતી ને લખપતિનો પટ્ટણીપુત્ર રેલવે મજૂરહડતાળમાં રંકોનો સામાન સારતો હતો.

'૩૫ના ડિસેમ્બરમાં 'વેણુવિહાર' કાવ્યમાંનો ચમત્કાર અમદાવાદમાં ઘર-આગણે દીઠો; 'હરિદર્શન' કાવ્યમાંનો '૧૩નો દ્વારિકા-ચમત્કાર સાંભળ્યો હતો; '૪૧માં જાહ્નુકાંઠે દ્વારિકાપ્રલયનું કાવ્ય લખાયું. છેલ્લે છેલ્લે '૪૨ના ફૂલદોલનો મહોત્સવ અમે—બાળકી જ્યોતિ, મણિબા ને હું—દ્વારિકામાં કીધો, ને દ્વારિકામાં ને બેટમાં 'હરિદર્શન'ની ને 'વેણુવિહાર'ની કથાઓ કીધી. આફ્રિકા ઊછળતા દ્વારિકા-સાગરનો વિસ્તીર્ણ પથરાએલો શમશમાકાર સૂનકાર; જમનાજીનાં બે સ્વરૂપ સરખાં ગોમતીજીનાં શાંત અને ઉન્મત્ત બે સ્વરૂપદર્શનો; આથમતા સૂર્યાસ્તમાં સુવર્ણ તેજસ્વી બેટનાં દેવમંદિરો ને મહેલાતો; હરિમંદિરના ચોથા માળની ઘુમ્મટ-અગાસીમાંથી ચતુર્દિશાનું અસીમ દર્શન; શ્રી હરિનો ષોડશોપચારી પૂજનવિધિ, હરિમંદિરે ઊડતી રંગપીચકારીઓ ને ગુલાલવાદળીઓ: એ સહુએ છેવટના મંત્રો પૂર્યા; પણ ધ્વજાગરો તો ચડાવ્યો પેલા અંતરીક્ષ માપતા, જ્યાં-ત્યાંથી દર્શન દેતા, ધર્મની દીવાદાંડીસમા શ્રી હરિના મહાધ્વજે. '૪૨ના માર્ચ અધવચાળ પાછા અમદાવાદ આવી, એપ્રિલથી વયનું ૬૬મું વર્ષ બેસતાં, આ 'હરિસંહિતા'નો આદર કીધો. આ સૌ છે મારી વિશાળી વૈષ્ણવતાનાં સાત્ત્વિકવર્ણા વિકાસપગથિયાં; ને 'હરિ-સંહિતા' છે મારી વિશાળી વૈષ્ણવતાનું મહાગીત."

('હરિસંહિતા'ની પ્રસ્તાવનામાંથી)





જે એકને જ 'કવિવર' શબ્દથી ઓળખાવી શકાય તે યુગના ગુજરાતના પ્રથમ પક્તિના અને અગ્રગણ્ય' કવિ નાનાલાલના અંતિમ ને વિશાળ કથાકાવ્ય 'હરિસંહિતા'નું અવસાનોત્તર પ્રકાશન, ગયે મહિને (તા. ૨૮-૧૧-૧૯૫૯ના રોજ) ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના હસ્તે, અમદાવાદમાં મહાકવિ નાનાલાલ સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે થયું. એ સાહિત્યમંગલના ઉપલક્ષ્યમાં આપેલી આ 'ચિત્રપૂર્તિ'માંનાં ૨ ૩ ૪ ૧૨ ૧૩ ૧૮ અને ૧૯ નંબરનાં ચિત્રો તે પ્રસંગે પ્રકટેલી 'સ્મરણિકા'માંથી ટ્રસ્ટના સૌજન્યથી આપ્યાં છે.

ગઈ સદીના પ્રતિષ્ઠિત લોકપ્રિય કવિ દલપતરામના ચોથા પુત્ર કવિ ન્હાનાલાલનો જન્મ ઈ. ૧૮૭૭ની ૧૬મી માર્ચે અમદાવાદમાં થયો. ૧૮૯૩માં મૅટ્રિક થઈ, પછીનાં વર્ષોમાં મુંબાઈ, પૂના અને અમદાવાદની કૉલેજોમાં શિક્ષણ લઇ ૧૯૦૧માં એમ. એ. થયા. દરમ્યાન કાવ્યસાધના તો ચાલુ જ હતી. ૧૮૯૭માં 'પ્રેમભક્તિ' ઉપનામથી તેમનું એક કાવ્ય છપાયું. બીજે વર્ષે નવતર શૈલીનું 'વસંતોત્સવ' લખ્યું રાજકુમારો માટેની શાળાઓ—સાદરાની સ્કૉટ કૉલેજ ને રાજકોટની રાજકુમાર કૉલેજમાં ૧૯૦૨થી ૧૯૦૪ અને ૧૯૦૪થી ૧૯૧૭ સુધી અધ્યાપક રહ્યા. વચ્ચે રાજકોટ રાજ્યના સરન્યાયાધીશ અને નાયબ દીવાન પદે રહ્યા. 'વસંતોત્સવ' ને 'કેટલાંક કાવ્યો'એ ૧૯૦૫માં કાન્ત સમા કવિ પાસેથી 'ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચન્દ્રરાજ' એ પોતાની જ પંક્તિમાં ઉમળકાભર્યો આવકાર મેળવ્યો. ૧૯૧૭ સુધીમાં 'કેટલાંક કાવ્યો' ભાગ ૨, 'ઇન્દુકુમાર' ને 'જયાજયંત' જેવી યશોદાયી કૃતિઓ પ્રકટ થઈ.

૧૯૧૮માં સૌરાષ્ટ્ર એજન્સીના શિક્ષણાધિકારી નિમાયા. ૧૯૨૦ના રાષ્ટ્રીય જાગૃતિના જુવાળ વખતે '૨૧માં એ સરકારી નોકરીનું રાજીનામું આપી અમદાવાદમાં નિવાસ કર્યો, અને ૧૯૪૬ની ૯મી જાન્યુઆરીએ દેહ પડ્યો ત્યાં સુધી ભગવતી સરસ્વતીની અખંડ આરાધનામાં શેષ જીવન વિતાવ્યું આ ગાળામાં ગુજરાતે પ્રેમથી તેમના સુવર્ણ તથા મણિ-મહોત્સવો ઊજવ્યા હતા.

કવિશ્રી ન્હાનાલાલનું સાહિત્યસર્જન ઇયત્તા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ વિપુલ છે. કવિ તરીકે તેઓ રોમૅન્ટિક પ્રકૃતિના, ઉત્કટ કલ્પનાબળવાળા ભાવનાવિહારી છે. એમની વાણીનું અપૂર્વ માધુર્ય તેમજ ભાવનાઓ ને વિચારોનું ઉન્નતત્વ ને સૌંદર્ય એમની વિશિષ્ટ સિદ્ધિ છે. દિશાકાળની પાર પહોંચી જતી, રમ્ય-ભવ્ય ચિત્રો ખડાં કરતી વિશાળ કલ્પના તો એમની અનન્ય કવિસંપત્તિ છે. એમણે કરેલું પ્રકૃતિસૌંદર્ય તથા વસંત ને સ્નેહનું ગાન તેમના 'પ્રેમભક્તિ' ઉપનામના પૂર્વાર્ધને, અને સંયમ-સદાચારનો તેમનો આગ્રહ તથા પ્રભુશ્રદ્ધા તેના ઉત્તરાર્ધને સાર્થ કરે છે. તેમનાં ઊર્મિગીતો ગુજરાતી ભાષાની ઉત્તમ ગીતસમૃદ્ધિ છે. કવિતાનાં ઊંચાં શિખરોને સ્પર્શી આવનારી રચનાઓ જેમના કાવ્યરાશિમાંથી અનલ્પ સંખ્યામાં મળે એવા છેલ્લાં સો વર્ષના અર્વાચીન યુગના કવિઓમાં તેમનું નામ મોખરે મુકાશે.


—અનંતરાય રાવળ

કે. દ. ડા. →

એવી સહીથી લખાએલી જેમની કવિતાઓ ગુજરાતની ત્રણત્રણ પેઢી ગળથૂથીમાંથી ભાગી તે કવિ દલપતરામ ડાહ્યાભાઈના સૌથી નાના પુત્ર નાનાલાલે, પિતાથી સવાયા થઇને, એ 'દલપતકુળની અખંડજ્યોત કાવ્યોપાસના'ને ૧૧૪ વર્ષની અવધે પહોંચાડી.



[પિતા-પુત્રના યશોજ્જ્વલ જીવનકાળનાં બે વિરલ ચિત્રો]



૧૬-૩-૧૮૭૭] કવિવર નાનાલાલ [૯-૧-૧૯૪૬



૧૪-૫-૧૮૮૦] કવિપત્ની માણેકબા [૨૨-૧૧-૧૯૪૯

પરિચયપુસ્તિકાઓ

લોકશાહી નાગરિકે જાણવી જોઈએ એવી મૂળભૂત હકીકતોને સાવ સાદી પણ રોચક ભાષામાં સમજાવતી, તે તે વિષયના જાણકારો પાસે તૈયાર કરાવડાવેલી ને પખવાડિયે પખવાડિયે પ્રકટતી બીજી આઠ 'પરિચય-પુસ્તિકાઓ', તે તેના લેખકોના ટૂંકા પરિચય સાથે—મણકા ૧૯ થી ૨૬. આ પ્રવૃત્તિને સાંપડી રહેલી લોકપ્રિયતા આપણી વિકસતી જતી જિજ્ઞાસુ વૃત્તિ પર સુખદ પ્રકાશ પાડે છે.

આ બધી યોજનાઓ શા માટે? લેખક: રાજકારણ અને અર્થકારણના પ્રતિષ્ઠિત વિદ્વાન શ્રી વાડીલાલ ડગલી; **લોકશાહી જ શા માટે?** લેખિકા: રાજ્યશાસ્ત્રનાં સુજ્ઞ અભ્યાસી શ્રી ઉષા મહેતા; **ઘરની જીવાત**: લેખક: જિજ્ઞાસુ પ્રકૃતિવિદ અને વાર્તાકાર-પત્રકાર શ્રી વિજયગુપ્ત મૌર્ય; **ધર્મ ક્યાં છે?** લેખક: ધર્મ અને તત્ત્વવિદ્યાના માન્ય તજ્જ્ઞ પંડિત સુખલાલજી; **મુશાયરાની કથા**: લેખક: જાણીતા કવિ અને સાહિત્યાભ્યાસી શ્રી હરીન્દ્ર દવે; **પ્રજા અને પોલીસ**: લેખક: કાયદાકાનૂન વિષયના જાણકાર શ્રી પ્રભુદાસ પટવારી; **સંસ્થાનું ચારિત્ર**: લેખક: ગુજરાતની કેળવણી અને સંસ્કાર-જીવનના પ્રતિનિધિ ચિંતક શ્રી નાનાભાઈ ભટ્ટ; **ક્ષયરોગ રાજરોગ નથી**: લેખક: દાક્તરી વિદ્યાના અનુભવી અભ્યાસી ડૉ. ઇન્દુકુમાર ભટ્ટ.

પુસ્તિકાઓના સંપાદક: શ્રી વાડીલાલ ડગલી; પ્રકાશક: પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, રુસ્તમ હાઉસ, ૪થે માળે, ૨૯ વીર નરીમાન રોડ, મુંબાઈ-૧; છૂટક પુસ્તિકાઓના મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ-૧; લવાજમ: વાર્ષિક રૂ. ૮ (પરદેશમાં શિ. ૧૬), ને ત્રિવાર્ષિક રૂ. ૨૦ (પરદેશમાં શિ. ૪૦); છૂટી નકલના ૪૦ નવા પૈસા.

શબ્દકથા—'વીરપસલી'

જ્ઞાતિભેદે વીરપસલી શ્રાવણ મહિનાના પહેલા કે બીજા રવિવારે, પહેલા સોમવારે, કે પૂનમે ઊજવાય છે. બહેનને જમાડીને ભાઈ તેને ભેટ આપે છે. કેટલાકમાં દોરો કે રાખડી બાંધે છે.

'વીરપસલી'માં 'વીર' એટલે માત્ર 'ભાઈ' એટલું જ નહીં, પણ 'બહેનનો ભાઈ'. 'ભાઈ' માટે 'વીર' શબ્દ બહેન જ વાપરે—હવે તો, 'વાપરે' કહેવા કરતાં 'વાપરતી' કહેવા જેવી પરિસ્થિતિ આવતી જાય છે,—પહેલાં એ વિશેષ વપરાતો. લોકગીતો ને લોકકથાઓમાં તે વારંવાર મળે છે. ગ્રામીણ અને અશિક્ષિત કે અલ્પશિક્ષિતની ભાષામાં હજી પણ વપરાય છે. બાકી તો 'વીર' એટલે 'શૂરું' (એક ભૂતપ્રકાર પણ ખરો).

'ભાઈ' અર્થના 'વીર' શબ્દની જેમ 'પસલી' પણ અમુક મર્યાદામાં વપરાતો શબ્દ છે,—તેના મૂળ અર્થની દૃષ્ટિએ તો વિશેષ. 'પસલી' એટલે વિશિષ્ટ પ્રસંગે ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ તો ખરી જ. પણ મૂળ તો 'પસલી'—'પસલો' એટલે 'ખોબો.' ભેટથી બહેનનો ખોબો ભરવામાં આવતો એટલે તે 'પસલી' કહેવાઇ.

સૌરાષ્ટ્રમાં વપરાતા 'પસ' શબ્દમાં આ અર્થ જળવાઈ રહ્યો છે. 'પસ'='પોશ'. 'પસ ભરવો' એટલે 'પોશ ભરવી'—સીમંતના, લગ્નના કે બહારગામ જવાના પ્રસંગે માંગલિક વિધિથી ખોબામાં નાળિયેર વગેરે સાથે વધાઈ આપવી. સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે 'પસ' પુંલિંગમાં વપરાય છે. સાહચર્યથી 'પસ' એવી ભેટ માટે પણ વપરાય છે,—'પસલી'ની જેમ જ.

સંસ્કૃતમાં 'પ્રસૃતિ' એટલે 'અંજલિ'. તેને મળતો 'પસત' ને પ્રાકૃતમાં 'પસઅ' છે. કેટલીક અર્વાચીન ઉત્તર ભારતીય ભાષાઓમાં આ શબ્દ ઉચ્ચારફેરે જળવાઈ રહ્યો છે. ગુજરાતી 'પસ'ને મળતો હિંદી ને મરાઠીમાં 'પસા' છે. સિંધી 'પહો' એટલે 'રૂનો દોથો'. હિંદી ને નેપાળીમાં વપરાતો 'પસર'='ખોબો' એ પણ અંશતઃ આપણા શબ્દ સાથે સંકળાએલો છે.

'વીરપસલી'ના ને 'પસ ભરવા'ના વિધિ સાથે 'પસલી' ને 'પસ' (ને 'પોશ') એ શબ્દો પણ હવે તો ક્રમેક્રમે ભૂંસાઈ જાય તો ના નહિ.

—હરિવલ્લભ ભાયાણી

પ્રકીર્ણ

ગાયત્રીવિજ્ઞાન: ગાયત્રીવિષયક સાહિત્ય પ્રકટ કરતું, એપ્રિલ '૫૯થી પ્રકાશિત થએલું, નવું જ ધાર્મિક માસિક, સંપાદક અને પ્રાપ્તિસ્થાન: પ્રો. અવધૂત, સોનાવાલા ચાલ, મોહન પ્રિન્ટિંગ સામે, ગોરેગાંવ (પૂર્વ), મુંબાઈ-૪૪, લવાજમ: હિંદમાં રૂ. ૫, પરદેશમાં શિ. ૧૫ કે રૂ. ૧૦, છૂટક: ૦–૫૦.

ભક્તો ને ભગવાન (ભાગ ૧લો): ભક્તો ને ભગવાનની પુરાણોમાં આવતી તથા લોકમુખે સંભળાતી નવ આખ્યાન-કથાઓ, ગદ્યમાં સમજણ સાથે, લેખક અને પ્રકાશક: શ્રી રતિલાલ ગૌરીશંકર ઓઝા 'કવિ કુંડલાકર', દ્વારા શ્રી જગદીશરાય ર. ઓઝા, શાળામાં, મુ. લિખાળા, સાવરકુંડલા થઇને (સૌરાષ્ટ્ર), રૂા. ૫.

પુરુષોત્તમ વિશ્રામ માવજી: કલારસિક ને સાહિત્યકાર એ ગર્ભશ્રીમંત શેઠનું દ્વારકા ખાતેનું કલાકારીગરી-ખચિત સુંદર મકાન 'સિંધુ સદન' કન્યાશાળા રૂપે 'સરસ્વતીમંદિર'-ને નામે ફેરવાયું એ પ્રસંગે, તે ઉદારચેતા મહાજનનું પ્રકટ કરવામાં આવેલું, શ્રી કલ્યાણરાય ન. જોષીએ લખેલું જીવનચરિત્ર, ૬ ફોટો સાથે, પ્રકાશક: શ્રી હંસરાજ પુરુષોત્તમ વિશ્રામ, 'વૂડલૅન્ડ્સ' પેડર રોડ, મુંબાઈ-૨૬.

સાહિત્યિક સમસ્યા

આ નીચે બાર પુસ્તકોનાં શીર્ષકો તેના કર્તાઓનાં નામ સાથે આપ્યાં છે, ને તેની સામે તેના વિષયનો નિર્દેશ છે, પણ એ સર્વ અસ્તવ્યસ્ત છે. તમે ગુજરાતી સાહિત્યના સંપર્કમાં હશો તો તે સર્વને તેના સાચા સ્થાને એકબીજાની સામે ગોઠવી શકશો. ઉત્તરો નીચે આપ્યા છે.

શીર્ષક	કર્તા	વિષય
૧ અરધે રસ્તે	ચન્દ્રવદન મહેતા	કાવ્યસંગ્રહ
૨ પાનગોષ્ઠિ	ચુનીલાલ મડિયા	ટાગોર-ગીતોનો સંગ્રહ
૩ આરાધના	ઉમાશંકર જોષી	હળવા નિબંધોનો સંગ્રહ
૪ રંગદા	કનૈયાલાલ મુનશી	નવલકથા
૫ પિયાસી	ઈશ્વર પેટલીકર	કાવ્યસંગ્રહ
૬ ધ્વનિ	ગુલાબદાસ બ્રોકર	આત્મલક્ષી નિબંધો
૭ મારી હૈયાસગડી	સુન્દરમ્	નાટિકાસંગ્રહ
૮ બાંધ ગઠરિયાં	રાજેન્દ્ર શાહ	આત્મકથા
૯ શ્રાવણી મેળો	મનસુખલાલ ઝવેરી	એકાંકી નાટ્યો
૧૦ રવીન્દ્રવીણા	કિશનસિંહ ચાવડા	વાર્તાસંગ્રહ
૧૧ અમાસના તારા	ધૂમકેતુ	સ્મરણમાળા
૧૨ જ્વલંત અગ્નિ	ઝવેરચંદ મેઘાણી	વાર્તાસંગ્રહ

ઉત્તર: ૧-૪-૮; ૨-૧૧-૩; ૩-૯-૧; ૪-૨-૭; ૫-૭-૧૨; ૬-૮-૫; ૭-૫-૪; ૮-૧-૧૧; ૯-૩-૧૦; ૧૦-૧૨-૨; ૧૧-૧૦-૬; ૧૨-૬-૯.

નટવરલાલ માળવી

એમની 'વગર પૈસાના વૈદ'ની માળામાં રજૂ કરે છે . . . .

'જીવન'નું જાદુ

એક દિવસે 'ક' કોઈકને ત્યાં મહેમાન થએલા ત્યાં પૂરણપોળી (ઉર્ફે વેઢમી) વધારે ખવાઈ ગઈ,–કહો કે ખાવી પડી. ત્યાંથી વળી ગામમાં બીજાને ત્યાં જમવા જવાનું થયું, ત્યાં પણ વધારે જમવું પડ્યું. પરિણામે પીડા થઈ. કોઠો ઝાઝું ઘી જીરવી શકે નહિ. પાંચસાત વાર 'ત્રિજોરી'ની મુલાકાતે જવું પડ્યું.

રાત્રે યજમાને જમવા બોલાવ્યા: 'ચાલો, વાળુ કરી લઈએ.' 'ક' એ ના કહી; જણાવ્યું: 'જમવું તો નથી, પણ આવું તો છું. મારે રાઈ-તેલ ગળવાં છે, એટલે ચાલો.' અને બંને ગયા રસોડે. 'ક'એ ઘરનાં બાઈને કહ્યું: 'બહેન, મને પાવલી'ક ભાર રાઈ આપો, ને ઉપર બે-ચાર ટીપાં તેલ પાડી આપો.' બહેને આપ્યાં, એટલે 'ક'એ બંનેને કરમોડી (આ શબ્દ પણ હવે ઓછો જ કાને પડે છે, ભુલાવાભુંસાવા લાગ્યો છે) બધું મોંમાં નાખ્યું, ઉપર બે ઘૂંટડા પાણી પી ગળે ઉતારી દીધું;—ચાવવા કરવાની જરૂરત નહિ. યજમાને પૂછ્યું: 'આ શું કર્યું?'

યજમાનની ઉંમર હશે ત્રેસઠચોસઠ વરસની. 'ક'ની દસેક વર્ષ ઓછી, બાવનત્રેપન વરસની. યજમાન વનવટાઉ, મહેમાન વનવાસી.

'ક' એ જરા સ્મિત કર્યું, કહ્યું: 'શું કર્યું? મેં ઝાડા બંધ કરી દીધા. દિવસે અપચાને લીધે પાંચસાત વખત જવું પડેલું. હવે કશી તકલીફ થશે નહિ. રાત્રે એક વાર પણ ઊઠવું નહિ પડે. આ રાઈતેલનું મિશ્રણ તુરત જ અસર શરૂ કરી દે છે. આ રીતે મેં અનેક વખત કર્યું છે અને જેને 'વાબળ'ના રેચ કહે છે તેના પર આગળો માર્યો છે. વધારે પડતું ઘી પેટમાં ગયું, અણપચ રહ્યું, તેમાંથી વાયુ ઉત્પન્ન થયો. એ વાયુનું રાઈ રૂપી અગ્નિ શોષણ કરી લેશે અને તેને બાળી મૂકશે. રાઈ અગ્નિનું સ્વરૂપ છે. છાતીમાં શરદી હોય તેને બાળવા પણ એનાં પોટીસ મૂકવાની પ્રથા પહેલાં હતી. હવે તેના 'ડબ્બા' (ઍન્ટીફ્લોજેસ્ટાઈન આદિ) તૈયાર વેચાય છે, અને ઘરઘરાઉ જે વગર ખર્ચે થઈ શકતું તેને માટે પરાધીનતા આવી છે. વાબળના રેચ બંધ કરવાનો આ પ્રયોગ સહેલામાં સહેલો, નખર્ચી ને તાત્કાલિક અસર કરનારો છે. દેશી દવા—આયુર્વેદિક પ્રયોગો બહુ ધીરી અસર કરનારા છે એવી એક માન્યતા લાંબા વખતથી આપણા દેશમાં છે, પણ એ વાતમાં કેટલું સત્ય છે એ મને હજુ સમજાયું નથી. મને તો ઘણી વાર એથી ઊંધા જ અનુભવ થયા છે.'

હોડરિયામાં ગામડે એક મિત્રને ત્યાં રાતવાસો કર્યો. બીજે દિવસે મુખ્ય યજમાનને ત્યાં જવાનું હતું. મોટરમાં બેઠો, એટલે ઠાકોરભાઈએ કહ્યું: 'પેલું વૈદકનું પુસ્તક છે ને, નટવરભાઈ, તે તમે અહીં ના મોકલતા. કતારગામમાં મારાં બા રહે છે, ત્યાં તેમને જ એ આપી દેજો.'

પૂછ્યું: 'કેમ?'

બોલ્યા: 'એ બધી દવાઓ અહીં મળે નહિ, એટલે એનો ઉપયોગ શો? બધી દેશી વનસ્પતિ, અહીં ક્યાંય ઊગે પણ નહિ, એટલે એ પુસ્તકનો અહીં કશો ઉપયોગ નહિ થાય.'

મેં પૂછ્યું: 'તમારા ઘરમાં રાઈ નથી?' . . . . . 'છે.'

'મરી? હળદ?' . . . . 'છે.'

'હીંગ, અજમો, મીઠું? સૂંઠ, લવંગ, એળચી?'

'છે. છે. છે.'

'બસ ત્યારે, એ જ છે આપણી ચાલુ દવાઓ. એ સિવાય બધી ઘણીય છે, પણ આ બધીઓના ય દરેકના દશવીસપચીસ દવાઈ ઉપયોગો છે, ને તેમાંના બેચાર કરી જોશો એ ચોપડીમાંથી, તો ય એ ચોપડીનું મૂલ્ય અહીંનું અહીં વસૂલ થઈ જશે.'

ઠાકોરભાઈ હસી પડ્યા: 'ભલે ભલે, અહીં જ મોકલજો એ ગ્રંથ.'

આયુર્વેદ એ મહાસાગર છે. એની શરૂઆત 'પાણી'થી થાય છે, ને અંત ગણો તો–અંત તો ક્યાંથી હોય અનંત—ના, પણ ગણવો હોય તો કદાચ હિરણ્યગર્ભ પોટલી રસને ગણી શકીએ.

પણ એ વાત એટલે જ રાખીએ.

'ક'ની વાત સાંભળી યજમાને કહ્યું: 'ત્યારે ભાઈસા'બ, મને પણ કંઈ એવો ઉપાય બતાવોને. જમી રહું, પછી તમને બધી વાત કહું.' જમીને યજમાને પોતાનું દુઃખબયાન કર્યું: 'મને એક ભારે તકલીફ છે. તેને લીધે હું ક્યાંય બહારગામ જવાની હિંમત નથી કરતો, કોઈને ત્યાં રાતવાસો નથી કરી શકતો, મિત્રોનો ય મહેમાન બની નથી શકતો. રાત્રે કલાકે કલાકે મારે ઊઠવું પડે છે, ચોકડીમાં જવા, લગભગ આઠેક વાર. એથી મારી ઊંઘમાં ભારે ખલેલ પહોંચે છે. મારા ઘરમાં તો મેં એવી રચના કરી લીધેલી છે, કે હું ઊઠું, જરા અવાજ થાય, બાર ઊઘડે દેવાય, તેની ખલેલ કોઈને થવા પામે નહિ. પણ પારકે ઘેર સૂવાનું થાય, ને રાત્રે આઠવાર ચોકડીએ જવા ઊઠવું પડે તો ઇતરોની ઊંઘ બગડે, હેરાન થાય, મને મનમાં ગાળો દે. એટલે ક્યાંય નથી જઈ શકતો. દવાઓ ખૂબ ખૂબ ખાધી, સોયા પણ ખોસાવ્યા, પણ કશું વળ્યું નથી.'

'ક' એ કહ્યું: 'સાહેબ, આપનો ઉપાય તો અતિ સહેલો છે, અને કરવો હશે તો આજથી ય શરૂ થઈ શકશે. આપની મૂત્રનલિકાની શિરાઓ ઢીલી ને નબળી થએલી છે. તેમાં શરદી વ્યાપેલી છે તેનું આ પરિણામ છે એવું મારું ધારવું છે, ને એ શરદીને દૂર કરવાથી સારો જેવો લાભ થઈ જશે. ઉપાય સાવ સહેલો છે. રોજ રાત્રે, સૂતાં પૂર્વે ગરમ પાણીમાં કટિની નીચેનો ભાગ ડૂબે તેમ ૪૦–૪૫ મિનિટ બેસવું. એથી પેલી શિરાઓને ગરમાવો મળશે, શરદીજન્ય શિથિલતા ઓછી થવા માંડશે ને આપની ધારણશક્તિ વધશે. બીજો ઉપાય છે, પણ તે જરા વખત લે તેવો છે, તુરત થઈ શકે નહિ. તેનો મને પોતાને અનુભવ નથી, બીજા પાસેથી જાણેલોસાંભળેલો ઉપચાર છે. સોનાનો શુદ્ધ રવો પાએક (૧/૪) તોલા જેવડો મેળવી, ગરમ ઊકળતા પાણીમાં તેને દસેક મિનિટ સગડી પર રાખવો; પછી તે પાણી પી જવું. પણ તે પછીથી કરજો. હાલ તો ઉષ્ણકટિસ્નાન ચાલુ કરો, અને જુઓ તેનું જાદુ.'

યજમાન તો ખુશખુશ થઈ ગયા. કહે: 'આ તો બહુ સહેલું ભાઈ! આપણે તો ગરમ પાણી માટે ચાંપ જ દાબવાની છે.'

રાત્રે સાડાનવેકે આ વાત થઈ, અને તેમણે તો તે જ રાતથી પ્રયોગ શરૂ કરી દીધો. રાત્રે દસેક વાગે ૪૦ મિનિટ ગરમ પાણીમાં બેઠા.

બીજે દિવસે સવારે દાતણ કરતાં પહેલાં જ તેઓ ખુશખુશાલ વદને 'ક' પાસે આવી કહેવા લાગ્યા: 'ભાઈસા'બ, તમારો ઉપાય તો ખરેખર જાદુ જેવો જ છે. મને તો એક જ દિવસમાં ચમત્કાર દેખાઈ ગયો. આજે આઠને બદલે ચાર જ વાર ઊઠવું પડ્યું, ખાસ્સો અરધોઅરધ ફેર પડી ગયો! આ દવા તો ઘણી ફક્કડ! ખરચ નહિ, તકલીફ નહિ, દુઃખ નહિ, ઢીંચારો નહિ, પરાધીનતા નહિ. ખરેખર જાદુ જ છે જો!'

'ક' એ જણાવ્યું: 'પણ સાહેબ, હવે આજે રાત્રે બેસશો, તો કાલે ચારની બે પાળી નહિ થઈ જાય, એ ધ્યાન રાખજો. આ તો છે પ્રયોગ.

આપે ઓછામાં ઓછા છ મહિના આ રીતે કુંડીમાં બેસવું જોઈશે... ને યાદ આવ્યું ત્યારે કહી દઉં છું. સને ૧૯૨૭માં સુરતમાં એક વ્યાખ્યાન કરતાં, કંઈક મુદ્દો નીકળ્યાથી સ્વ. સાક્ષરશ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે ગર્જના કરેલી કે Independence is not an acquisition; it is a habit. Health is not an acquisition; it is a habit. તંદુરસ્તી કોઈ એવી દોલત નથી કે જે મેળવી રાખો ને ધીમેધીમે વાપર્યા કરો. તંદુરસ્તી તો એક પ્રકારની ટેવ છે, એક જાતનો સ્વભાવ જ છે. આઝાદીનું પણ એવું જ છે. એ પણ છે એક પ્રકારનો સ્વભાવ, એક પ્રકારની રોજિંદી કમાઈ, નહિ કે ભેળી કરી રાખેલી દોલતના વ્યાજનો અણમહેનતિયો ઉપયોગ. એમ, તંદુરસ્ત રહેવા માટે પણ તેને અનુસરતી ટેવો જ પાડી દેવી પડે. છઆઠ મહિના આ જળોપચાર ચાલુ રાખશો, તો આઠ પરથી આપ બેત્રણ પાળી પર આવી જશો, ને એટલાથી સંતોષ રાખજો. ત્રેસઠ ચોસઠની ઉંમર છે, તે જોતાં બે કે ત્રણ વાર જવું પડે તો તે વધારે ન કહેવાય. આખરે તો, વયના વધવા સાથે શરીરને ઘસારો લાગે તેથી થોડીક શિથિલતા સ્વાભાવિક ગણાય. આપણે પોતે શરીર જાળવવા ખૂબખૂબ મહેતન લીધી હોય, કાળજી રાખી હોય, તો યે કૌટુંબિક ને સામાજિક અસરો થોડો ભાવ ભજવે જ ભજવે. અલબત્ત, જેઓ નિયમિત રૂપે યોગાસનો કરે, પ્રાણાયામ કરે તેઓ એવી શિથિલતાને ઠીકઠીક ખાળી શકે છે. પણ તે બધું આપનાથી બનવું મુશ્કેલ ભાસે છે. આ સહેલો પ્રયોગ ચાલુ રાખો, બને તો આઠેપંદરે દહાડે સોનાનો રવો બનાવી લઈ તેનો ઉપયોગ પણ સૂચવ્યા મુજબ કરો, તો આપને જોઈતી સ્વસ્થતા સાંપડશે. એમ થશે તો આપને ત્યાં મહેમાન તરીકે રહ્યાની સાર્થકતાનો સંતોષ મને સાંપડશે.'

બન્યું તેવું જ લખ્યું છે. વધુ જાણ તો પછી થવા પામી નહિ. પણ કુદરતની માનવીને મદદ કરવાની, તેને આરોગ્ય નવાજવાની સનાતન તત્પરતા પર મને શ્રદ્ધા છે, ન નાઠે ન ટળે એવી શ્રદ્ધા છે.

સંસ્કૃતમાં પાણીનાં અનેક નામ છે, અને તેમાંનાં ઘણાંખરાં ગુણવાચક છે. ઘણીખરી ચીજવસ્તુનાં કે પ્રથાનાં નામો જે તે વસ્તુના ગુણદોષનો નિર્દેશ કરનારાં જ હોય છે, અને માણસો જરાક ઊંડા ઊતરે તો શબ્દની અંદરથી જ ઘણું જ્ઞાન મળી જાય તેવી સંસ્કૃત ભાષાની રચના છે. 'ધોતિયું' શબ્દ 'ધૌત' પરથી નીકળેલો છે—રોજ જ જેને ધોઈને પહેરવાનું, ધોએલું જ પહેરવાનું વસ્ત્ર તે ધૌત-ધોતિયું! એટલે કે વાસી સૂતી વેળા વાપરેલું, વગર ધોએલું અસ્વચ્છ વસ્ત્ર વાપરવું નહિ એવી આખી ફિલસૂફી આ જીવનપ્રથાએ એ શબ્દમાં સમાવી દીધી છે. પણ એ તો આડફંટી વાત થઈ ગઈ.

પાણીને સંસ્કૃતમાં 'ઔષધ' કહ્યું છે, 'જીવન' પણ કહ્યું છે ('ઔષધં જીવનં તોયં...'). પાણી એ 'ઓસડ' તો છે, પણ એ જ જીવન છે, એમ કહેવામાં અતિશયોક્તિદોષ આવે તેમ નથી; ને સંસ્કૃત શબ્દવિધાયકોએ પાણીને એ નામ પણ બહુ જ કુશળતાપૂર્વક આપેલું છે એમાં શંકા નથી. માણસ અનાજ વગર, મૅક્સ્વીની પેઠે, ૮૦-૯૦ દિવસ જીવી શકે કદાચ; ઘણા દાખલા બન્યા છે. પણ પાણી વગર ત્રણ જ દિવસ જ જીવે, તરફડાટનો પાર રહે નહિ, તેના વિના લોહી જ સુકાવા માંડે. પાણી વડે રુધિરના અભિસરણને સહાય મળે છે, સારી જેવી સહાય.

આ પાણી પંચમહાભૂતમાં ગણાય છે, જીવન જ છે. જીવનનો સ્તંભ છે, અને રોગિષ્ઠ એટલે કે ઓછા જીવનતત્ત્વવાળાં બનેલા અવયવોને નવું જીવન આપવા સમર્થ નીવડે છે. ઉપર્યુક્ત કિસ્સામાં બન્યું હતું તેમ.

પાણીના—ફક્ત પાણીના પ્રયોગો વડે હોજરી પણ સુધારી શકાય છે, શક્તિતત્ત્વ વધારી શકાય છે, વાયુના અનેક દોષો પણ દૂર કરી શકાય છે. કેટલીક વાર ટાઢું પાણી, કેટલીક વાર ગરમ (એટલે કે જળ ને અગ્નિ બે મહાભૂતોનું મિશ્રણ) વાપરવું પડે; કોઈ વાર વનસ્પતિયુક્ત, કદીક ઉદ્ભિજ્જ કે ખનિજ પદાર્થયુક્ત વાપરવાની જરૂર પડે. સુવાવડી બાઈઓને નગોડના પાણી વડે સ્નાન કરાવવાનો પ્રયોગ સૈકડો વરસથી આપણે ત્યાં ચાલુ છે. એ જ રીતે અમુક સંજોગમાં લીમડાનું પાણી, અમુકમાં આમળાનું પાણી, અમુકમાં બીજાં દ્રવ્યોવાળું પાણી વાપર્યાથી રોગો મટે છે. જલોદર મટ્યાનો એક કિસ્સો અતિ ઠરેલ, પ્રૌઢ, વિશ્વાસપાત્ર વ્યક્તિ પાસેથી જાણવા મળ્યો છે: વાત કહેનાર ભાઈની બહેનનો જ કિસ્સો. બાઈને જલોદરનો રોગ થએલો (ઉદરમાં જળનો ભરાવો થઈ જાય તે; ને તેથી જ જળોદર). પાંચસાત વરસ હેરાનગતી ભોગવી. વૈદડૉક્ટર, રસીદીંચારા આદિ રાબેતા મુજબ. પથારીવશ થઈ ગઈ. ઘરનાં પોતીકાં માણસ પણ થાકી જવા આવ્યાં હતાં.

ભાઈને ઘેર શરાફી પેઢી હતી. જમીનો પણ ખરી. તેથી જમીન પર કામ કરતા દુબળા-હાળીઓનો અવરજવર રહે જ. પેલી બાઈની માંદગીની જાણ, કંઈક કામે મળવા આવેલા એક તળાવિયા (જેનું સુધરેલું નામ હળપતિ) ભાઈને થઈ. બે હાથ જોડીને તે બોલ્યો: 'શેઠ, આ બધી દવાદારૂની ધમાલ માંડી વાળો ને મજ ગરીબની એક દવા અજમાવો. બહેનને ચોક્કસ મટી જશે.

ડૂબેલાં—ડૂબતાં માણસો, તે તણખલું ઝાલી લેવા તૈયાર જ હતાં.

તળાવિયો તો બીજે જ દહાડે કોઈક પાંદડાનો ઢગલો લઈ આવ્યો: મસ મોટું પોટલું જ. પછી સૂચના આપી: 'આ પાંદડાં ઉકાળીને બહેનને તેનાથી જ નવડાવો, ને પીવા માગે ત્યારે પણ એમાંનું જ ચોખ્ખું પાણી આપવું; નર્યું પાણી આપવું નહિ.' થોડી ઘણી પરહેજી તો પાળવાની સ્તો.

આઠેક દિવસમાં તો એ લગભગ મૃત્યુવાટ પેખતી બેઠેલી બાઈનું પેટ ઓસરી ગયું, બેસી ગયું, તબિયત સુધરવા લાગી. મહિનામાં તો ગાડી પાટે ચડી ગઈ. પછીથી દસ વરસ આયુષ્ય ભોગવ્યું. અવસાન થયું તે બીજા જ કોઈ રોગથી.

એ પાંદડાં હતાં પુનર્નવા અથવા સાટોડીનાં. ઘણા વૈદોની જાણમાં આ પ્રયોગ છે. પણ હમણાં હમણાં આવા નખર્ચી પ્રયોગ પરની શ્રદ્ધા ઓસરી ગએલી દેખાય છે. પૈસા ખરચ્યા વિના, સારી પેઠે પૈસા ખરચ્યા વિના સાજા થવાય જ નહિ એ માન્યતા વ્યાપક થવા લાગી છે.

આમ, પાણીને જુદેજુદે પ્રકારે, જુદેજુદે રૂપે, જુદેજુદે મિશ્રણે વાપરી અનેક રોગોમાંથી મુક્ત થઈ શકાય છે. પણ પાયો એક જ— 'જીવન' પર શ્રદ્ધા હોય તો!

(લેખક સાથે પત્રવ્યવહાર કરવાનું સરનામું: 'ગાંડીવ' કાર્યાલય, હવાડિયો ચકલો, સૂરત. જવાબ માટે ટિકિટ બીડવી જરૂરી છે.)

'સ્વ. સુકાની'ની અભ્યસનીય લેખમાળા

પ્રકરણ - ૬

પ્રાચીન ભારતીય વહાણવટું

સમુદ્રપત્તનો

૫૦

આટલાં બધાં બંદરો એક જ કાળે ગાજતાં હોય એ ગબ્બર વહાણવટું ને વેપાર દેખાડે છે. આ બંદરો વિષે કેટલીક બહુ જ કૌતુકભરી માહિતી પણ પેરિપ્લસના લેખકે સાચવી રાખી છે. બાર્બરિકમ્ બંદર આજના ઠઠ્ઠા અથવા લારી બંદર પાસે હશે એમ કલ્પના છે. આ કલ્પના આજના નકશા ઉપર રચાઇ છે. વાસ્તવિક રીતે તો બે હજાર વર્ષ ઉપર એ ભાગમાં પાણી અને જમીન ક્યાં ક્યાં હશે એ બરાબર સમજીને પછી જ બાર્બરિકમ શોધવું જોઈએ. આજે ઘોડાબારી પાસે અક્ષાંશ ૨૪, રેખાંશ ૬૮ આશરે સિંધુ સાગરને મળે છે, પરંતુ તે કાળે અક્ષાંશ ૨૩થી અને રેખાંશ ૬૯ સુધીમાં સિંધુ-મુખો પથરાયાં પડ્યાં હતાં, એટલે એ બંદરોનાં સ્થળ આજે રહ્યાં જણાય છે એ ન પણ હોય એ દેખીતું છે. આ વાત નીચે કહેલી દરેક બંદરની ઓળખાણ માટે સમજવાની છે.

૫૧

બર્બર દેશમાં (સામે કાંઠે એટલે કે હબ્બાશ અને એની દક્ષિણની આફ્રિકાની કંઠારે) જવા માટેનાં વહાણો અને બર્બર દેશની ખેપ કરીને આવતાં વહાણો આ બંદરે લાંગરતાં હશે, તેથી આ બંદર પોતે પણ બર્બર બંદર કહેવાયું હશે. અહીં કદાચ બર્બરોની સારી જેવી વસતિ પણ હોવી જોઇએ. આ બંદર ઠઠ્ઠાથી ઘોડાબારીવાળી જ નહિ, પણ ઠેઠ કોરી નાળ સુધીની કોઇ પણ નાળમાં હોવાનો સંભવ છે.

બે હજાર વર્ષ ઉપર આ બંદરેથી કુષ્ઠ, ગૂગળ, લીસિયમ્ (?) અને જટામાસી વગેરે ઔષધિઓ, નીલમણિ નીલોત્પલ વગેરે જવાહર, તિબ્બતી રંગેલાં ચામડાં, સુતરાઉ કાપડ, કાંતેલું રેશમ ને ગળી વગેરેની નિકાસ થતી હતી. આયાતની મુખ્ય જણસો આ પ્રમાણે હતી: નકશીદાર કાપડ, પાતળું કાપડ, પોખરાજ, પરવાળાં, 'શિલાપુષ્પ'. કાચનાં રૂપાંનાં અને સોનાનાં વાસણો અને થોડોક દારૂ.

૫૨

બાર્બરિકમ્થી પછી વહાણો આગળ ભરૂચ તરફ જતાં. આજે જે ભારતની વાયવ્યમાં અને મધ્યમાં દેશો છે એને આ યવને 'આર્યક' અને ટૉલમીએ 'લારિક' નામ આપ્યાં છે. કચ્છના રણને સંસ્કૃત 'ઇરીણ' ઉપરથી તે 'ઇરિનન્' કહે છે. અહીં યાદ રાખવાની જરૂર છે કે કચ્છનું રણ જે આજે ૧૬૦ ગાઉ અને ૬૦ ગાઉ (એટલે ૯૬૦૦ ચોરસ માઇલ)-ના વિસ્તારથી છે તે તે કાળે ઓછું હતું.

૫૩

બંદરો વિષેનું 'પેરિપ્લસ' જેટલું જ અગત્યનું બીજું સાહિત્ય તે મહાનિદ્દેશ, મિલિન્દપન્હ, વસુદેવ હિંડી, સમુચ્ચયરાઈ વગેરે બૌદ્ધ ને જૈન ધર્મગ્રંથો છે. સંસ્કૃત ગ્રંથોમાના રડ્યાખડ્યા નિર્દેશો ઉચિત સ્થળે નિર્દિષ્ટ કર્યા છે, પરંતુ મહાભારત અને રામાયણમાં આવતા નિર્દેશો બહુ ધ્યાન ખેંચે એવા છે, છતાં એ નિર્દેશો પણ બૌદ્ધ સાહિત્યમાંથી પાછળથી ઊંચકેલા નહિ તો ય તાત્કાલીન જ ગણી શકાય.

મહાભારતમાં શૂર્પારક (સોપારા), સાગરદ્વીપ (આંડામાન નિકોબાર?)*, કોલ્લગીરી (બ્રહ્મપત્તન), મુરચીપત્તન (મ્યુઝિ રસ), કાંચાનૂરા, તામ્રદ્વીપ (ખંભાત કે ચોલેરા), પાંડ્ય (પૂર્વ બંગાલ), દ્રવિડ (શોળમંડલ), ઓડ્ર (ઉત્કલ આન્ધ્ર, તલવન (?), કિરાત (?) ઇષ્ટ્રકર્ણિક (?) એ સર્વ સાથે



જાવા વસાવવા જતા સાહસિક ભારતીય ઉપનિવેશકો
બોરોબુદુર મંદિરની ભીંત પરનું શિલ્પ

કન્યા કુમારીથી ચિત્તાગોંગ સુધીના પૂર્વસાગરના ભૂભાગ પણ દર્શાવાયો છે. પરદેશના સાગરતટો ને બંદરોમાં રોમ, અન્તાખી (Antiokh) અને યવનપુરનો નિર્દેશ પણ આવે છે.

૫૪

વસુદેવહિંડીમાં ચંપા (ભાગલપુર), તામ્રલિપ્તિ (તામલુક), પ્રિયંગુપત્તન (?), જાવા, સિંહલ, બર્બર (બર્બરિકન્: પેરિપ્લસ) યવન, ઉમ્બરાવતી (?) અને સિન્ધુ-સાગરસંગમ (શાહબંદરથી કોટેશ્વર સુધી)ના ઉલ્લેખ છે. મહાનિદ્દેશમાં ઉપરનાં અનેક નામો ઉપરાંત 'સુરટ્ટ' બંદર આવે છે એ સૂરતનું પ્રાચીન નામ જણાય છે ને સૌરાષ્ટ્રમાં એવું કોઈ બંદર ન હોય તો સૂરત હશે એમ લાગે છે. પરંતુ એનાં પર્યાય નામોમાં કુમ્બ અને નિકુમ્બ આવે છે એ સિંહલનું નેગુમ્બુ (નીર+કોડમ્બુ : ગાયની ખરી; કોલમ્બોથી છ એક ગાઉ ઉત્તરમાં) હોય કે એના નામ ઉપરથી નામ લેતું બીજું કોઇ ભારતીય બંદર હોય.

૫૫

પરદેશી બંદરોમાં તક્કોલ અથવા કક્કોલ (સુવર્ણભૂમિમાં) મદ્રાસ પાસેનું તક્કોલમ્ અથવા આન્ધ્ર દેશનું શ્રી કાકુલમ્ પાસે આવેલું બારૂઆ પણ હોઇ શકે; વેસુંગ (પોસીન, બસીન–બ્રહ્મદેશમાં), અને દન્તપુર, જાતકોનું પ્રખ્યાત બંદર તે તમીળકોનું પૂર્વ કિનારા ઉપરનું પલૂર (ચરિત્રવાલસા પાસે ભીમ્મુનિપત્તનમ્ અથવા ઉત્કલનું છત્રપુર), બંગ (જાવામાં સુમાત્રામાં) અને વેરાવળ તથા વારાણસી.

૫૬

આ બંદરો સાથે ભારત જબ્બર ને વિધવિધ આયાત તથા નિકાસ હજારો વર્ષ સુધી અનાહતપણે કર્યા કરતું હતું અને આ વેપાર ભારતીય વહાણો ને વહાણવટીઓ જ કરતા હતા. આ વેપારે અને આ વહાણવટાએ તે કાળના સભ્ય યુરોપમાં ઊંચા કાપડ માટે સિન્ધુવાચક શબ્દ સિંડન Sindon શબ્દ સંભવિત બનાવ્યો, કરોળિયાની જાળ જેવી ઝીણી વણાટને મસુલીપટ્ટન ઉપરથી મસલિન-Muslin નામ અપાવ્યું; પશ્ચિમના દેશોને ઘી ખાતા કરી વૈદિક ઋષિઓના 'આયુર્વૈ ઘૃતમ'નો મહિમા અને માંગ ઉભારી, કોસ્ટસ Costus ઉપજાવ્યું. જેણે આખા અગ્નિએશિયાને સંસ્કૃતમય બૌદ્ધ અને ભારતીય બનાવી નાખ્યું એ આ વેપાર, ને આ વહાણ, ને આ વહાણવટીઓ જ. (ચાલુ)

*ત્યાં નરભક્ષી ને નિષાદ હતા એ વાત આંડામાન નિકોબારને વધારે લાગુ પડે છે તેમ જાવા-સુમાત્રાને પણ લાગુ પડે છે. પણ જાવા યવદ્વીપ જ કહેવાયો છે ને સુમાત્રાને જોતાવેંત જ દ્વીપ ન લાગે એટલો એ મોટો છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળાનો છેલ્લો હપતો

રોગ અને તેનું નિવારણ

આવતે વર્ષે આ લોકપ્રિય લેખકની નવી જ લેખમાળા શરૂ થશે

બાળક પૂર્વજોની શારીરિક અને માનસિક લાક્ષણિકતાઓથી સજ્જ થઈ દુનિયાની સફરે આવે છે. શરીરના બાંધાથી માંડી દૃષ્ટિના દોષો ને વાળનો રંગ સુદ્ધાં વારસાગત ઊતરી આવે છે. મનની વૃત્તિઓ, વર્તન, બુદ્ધિમત્તા, શારીરિક બળ અને દીર્ઘાયુત્વ પણ વારસાગત પ્રાપ્ત થાય છે. આ વારસાગત બળો ને નબળાઇઓબહારના સંજોગોની પ્રબળ અસર નીચે ફેરફાર પામે છે. અરે, બાળકના જન્મ અગાઉથી બાહ્ય સંજોગોની અસર તેના પર શરૂ થાય છે. માતા તંદુરસ્ત હોય અને સારું પોષણ પામી હોય તો બાળક સુદૃઢ અવતરે છે. જો સગર્ભાવસ્થા દરમિયાન માતાને પૂરતું પોષણ ન મળે તો બાળક માંદલું, ઓછા વજનનું અને ટૂંકા આયુષ્યવાળું અવતરે છે. સગર્ભાવસ્થા દરમિયાન માતાને થએલો ચેપી રોગ ગર્ભસ્થ બાળક ઉપર માઠી અસરો ઉપજાવે છે. રોગના કારણભૂત સામાજિક કારણો—જેવાં કે ગંદાં અને હવાઉજાસ વિનાનાં ઘર, ગીચ વસતિ, ગરીબાઈ ને અજ્ઞાન એકઠાં મળવાથી બાળકની જિંદગી જોખમમાં મુકાય છે. આ કારણોસર ઓરી, ઉટાંટિયું ને વરાધ જેવા બાળપણના રોગોનું જોખમ પણ વધી જાય છે.

બાળકની જિંદગીનું પહેલું વર્ષ કટોકટીનું લેખાય છે. આ વર્ષ હેમખેમ પસાર કરી તે જિંદગીમાં આગળ વધતાં તેની જિંદગી બાહ્ય સંજોગોને વધારે આધીન બને છે. આમાં એ સ્વસ્થવૃત્તના જેટલા નિયમો પાળે એટલું એનું આરોગ્ય સારું જળવાય છે. પ્રથમ ધ્યાન આપવાનું છે ચોખ્ખા પાણી માટે. શહેરો અને મોટાં ગામોમાં હવે પાણીના નળની વ્યવસ્થા હોવાથી ચોખ્ખા પાણીનો પ્રશ્ન ઉકેલાઇ ગયો છે. ખાવાની બાબતમાં માણસમાત્રે વિવેક વાપરવાનું કહેવાપણું ન હોય. ફૅશનેબલ કપડાં અને સિનેમાદિનો મોહ પડતો મૂકી એમાંથી બચતી રકમ દૂધ–શાક પાછળ ખર્ચવાથી મોટા ભાગના રોગો અને અશક્તિમાંથી અવશ્ય મુક્તિ મળે છે. ખાતાં અગાઉ હાથપગ અને મોઢું ધોવાનો આગ્રહ રાખવો જોઇએ. બાળકો માટે તો આ સૂત્ર આગ્રહપૂર્વક અમલમાં મૂકવું જોઇએ. ખાતાં અગાઉ અને મળત્યાગ બાદ સાબુ કે માટી વતી હાથપગ ધોવાનું આચરણમાં મુકાય તો કેટલા યે ચેપી રોગો ને પેટના રોગોમાંથી મુક્તિ મળે એ નિ:સંશય છે. હિંદુઓ માટે હાથપગ ધોવાનો આચારધર્મ એટલે સુધી આદેશાયો છે કે જો પગની પાની કોરી રહી જાય તો ત્યાંથી કલિ પ્રવેશવાનો ભય દર્શાવાયો છે. અત્યારના વૈદક-વિજ્ઞાનની દૃષ્ટિએ આ હકીકત સાચી સમજાય છે. જો મળત્યાગ પછી પુષ્કળ પાણી વતી પગની પાની બરાબર ન ધોવાય તો ખુલ્લામાં ઉઘાડા પગે મળત્યાગ માટે બેસનારાને ચોંટેલી હૂકવર્મ-(કૃમિ)ની ઇયળોને પગની પાનીના ચીરાઓમાંથી શરીર-પ્રવેશ સાવ સુલભ બને છે. કળિ એટલે રોગ.

આ સદીની શરૂઆતથી તો આરોગ્ય-પ્રાપ્તિ ને રોગ-નિવારણની દિશામાં માનવીને મહાન વિજય સાંપડ્યો છે. વિજ્ઞાનની એ અજબ સિદ્ધિ છે. ચેપી રોગના અટકાવ માટે શોધાએલી રસીઓના વપરાશથી કૉલેરા, પ્લેગ, બળીઆ, બાળલકવા, ડિફ્થેરીઆ, ધનુર્વા ને ક્ષય વગેરે પ્રાણઘાતક રોગો ઉપર અજબ અંકુશ આવ્યો છે. સલ્ફા અને ઍન્ટીબાયૉટિક ઔષધિઓના પ્રતાપે બાળકોના ઝાડા, ટાઇફૉઇડ, ક્ષય અને જીવાણુઓથી થતા બધા ચેપી રોગોનું જોર ઘટ્યું છે. આ રોગોથી થતાં મરણનું પ્રમાણ અજાયબરીતે ઓછું થયું છે. ડી.ડી.ટી. પાઉડરના છંટકાવથી મચ્છરોનો નાશ થવાથી મરણોનો રાજા કહેવાતો મલેરિયા હવે નહિવત્ થઈ ગયો છે. પશ્ચિમના દેશોમાં તો ટાઇફૉઇડ, મલેરિયા, કૉલેરા, બળીઆ વગેરે ભયાનક રોગોને દેશવટો આપવામાં આવ્યો છે. આપણા દેશમાં પણ ચેપી રોગો ઉપર અસરકારક અંકુશ પ્રાપ્ત થયો છે. પરિણામે આપણી આયુ મર્યાદામાં વધારો થયો છે. પશ્ચિમમાં આયુમર્યાદા ૪૭ની વધી ૬૭ થઈ છે જ્યારે આપણા દેશમાં ૨૭ની ૩૨ થઈ છે. આ પરિસ્થિતિમાં માનવીમાત્ર રોગ-નિવારણમાં કેટલો ભાગ ભજવી શકે તે સ્પષ્ટ જાણવું જોઇએ.

પ્રથમ તો રોગ થવાનાં કારણોની જાણકારી હોવી જરૂરી છે, જે જ્ઞાનને અમલી બનાવવાથી રોગના સકંજામાં આવી ન પડાય. આપણે પૈસા કપડાં ને બીજી કેટલીયે ચીજો જાળવીને સાચવીએ છીએ ને કાળજીથી વાપરીએ છીએ. માત્ર શરીરની બાબતમાં તદ્દન બેદરકાર છીએ. એ માંદું પડે તો વૈદ્ય દાક્તર પાસે જઈ 'સમરાવી' આવીએ છીએ, જેમ બગડેલાં રેડિયો ને ઘડિયાળ સમરાવી આવીએ છીએ તેમ! મતલબ કે શરીર પરત્વે આપણે ખૂબ જ બેદરકાર રહીએ છીએ, એટલું જ નહિ પણ આપણે અનેક પ્રજ્ઞાપરાધ કરીકરીને કેટલા યે રોગોના ભોગ બનીએ છીએ. વિવેકી ગણાતા માણસ માટે આ ઓછું શોચનીય છે?

બીજું, રોગની શરૂઆતનાં ચિહ્નોનું જ્ઞાન હોવું જરૂરી છે. કેટલાક ઉગ્ર રોગોનાં શરૂઆતનાં ચિહ્નો એટલાં તો નજીવાં હોય છે કે એ માંદગીને મામૂલી લેખી ધ્યાન આપવામાં ન આવે તો પાછળથી પુષ્કળ પૈસા ખર્ચવા છતાં ય પરેશાની અને પસ્તાવો ભોગવવા વખત આવે છે. આવી માંદગીમાં ડિફ્થેરીઆ, ઍપેન્ડિસાઇટિસ, ધનુર્વા, એક્લેમશિયા, ક્ષય, મેનિનજાઇટિસ અને કૅન્સર વગેરેનો સમાવેશ થાય છે.

ત્રીજું, પોતાની અને સ્વજનની માંદગી દરમિયાન જાળવવાના કેટલાક સાદા અને સરળ નિયમો છે, જે ન જળવાયાથી માંદગીનો ફેલાવો થાય છે તથા સ્વજનો અને ગામલોકો રોગના ભોગ બને છે.

ચોથું, પછાત દેશોનાં દૂષણો આમાં આગળપડતાં ચાર છે: ગરીબાઈ, અભણતા, અપૂર્ણ પોષણ ને રોગો. અરે, રોગો કરતાં પણ વધારે ખરાબ એવાં ચાર દૂષણો આ રહ્યાં: અજ્ઞાનતા, વહેમ, ઊંટવૈદુ અને મંત્રજંત્ર, જે રોગોની જડ ઘાલવામાં મોટા ભાગે કારણભૂત બને છે. સ્પુટનિકના આ જમાનામાં જ્યારે રૉકેટ ચંદ્ર ઉપર સફળરીતે ઊતર્યું છે ત્યારે પણ હજુ આપણે રોગોના કારણરૂપ માન્યતામાંથી ઊંચા નથી આવ્યા એ ઓછું શોચનીય નથી? ઓરી-અછબડા ને બળીઆના કારણરૂપ હજી આપણે કલ્પિત બળીઆ-બાપજીનાં પૂજા-અર્ચન કરીએ છીએ, ને લાપોટિયાં મટયા બાદ એજ દેવને ગોળની ગાંગડીઓ ચડાવીએ છીએ! હજી પણ ફળિયાની મધ્યમાં પાણીના કુંડાળામાં લીંબુની ફાડ કે કુલડીના ઉતાર જોવામાં આવે છે. હજુ પણ દુસ્સાધ્ય માંદગી ને માનસિક રોગનું કારણ ભૂતપ્રેતનો વળગાડ સમજી ભૂવાઓના ધંધા ધીકતા રખાય છે. હોળીના અરસામાં બાળકને થઈ આવતો કોઇ પણ પ્રકારનો તાવ ઓરી-અછબડા ને બળીઆના કારણે માની લઈ લોકો બાળરોગીની દવા કરતાં અચકાય છે—એ બીકથી કે રખે આ રોગના દેવ કે માતા દવા કરાવવાથી કોપાયમાન થઈ બાળકને ભરખી જાય! ખરી રીતે તો રોગ જ રોગીને ભરખી જાય છે. આ રોગો દરમિયાન

આપણે બળીઆ-બાપજીના માત્ર કાલાવાલા કરવાનું સ્વીકાર્યું છે. આ માન્યતા આપણામાં એટલી તો જડ ઘાલી બેઠી છે કે ભણેલાગણેલા લોકો પણ એ વેળા થતા આડરોગોની દવા માટે આનાકાની કરતા રહી બાળરોગીની પરેશાની, યાતના અને મૃત્યુ તરફ મોં વકાસી જોઈ રહે છે!

અત્યારે શોધાએલાં અમૂલ્ય ઔષધોના સેવનથી મોટા ભાગના રોગ અને તેમની પરેશાનીમાંથી ઊગરી જવાય છે. તો દરેક નાગરિકે સમજવાની ચોથી બાબત એ છે કે રોગ થવાનાં કારણો હવે અગમ્ય રહ્યાં નથી. મોટા ભાગના રોગો ચેપી હોય છે ને તે થવાનું કારણ રોગ-જીવાણુઓ છે. થોડાક ચેપી રોગો માટે રોગનિવારક રસી તૈયાર થઈ છે, જેને અંગીકાર કરવાથી કેટલાક રોગો(ક્ષય, બળીઆ, ધનુર્વા ડિફ્થેરીઆ, ઉટાંટિયું, ટાઇફૉઇડ)માંથી અવશ્ય મુક્તિ મળે છે. ઓરી-અછબડા ને બળીઆ જેવા રોગો દરમિયાન બાળરોગીની દવા કરાવવાથી રોગીને દુઃખ ઓછું થઈ તેને મૃત્યુમાંથી ઉગારી લેવાય છે.

પાંચમું: માંદગીનાં બે લક્ષણો છે—પીડા ને વેદના. રોગને બહાર પાડનારાં આ બે સાધનો છે. શિરોવેદના કે પેટની ચૂંક લાંબો વખત ચાલુ રહે તો તે માંદગીનું કારણ ગણીને તાત્કાલિક સારવાર માટે દોડી જવું એ આગળ વધતા રોગને નિવારવાનું એક વિવેકી પગલું છે.

વિજ્ઞાનની પ્રગતિ સાથે ઔષધિ વિજ્ઞાનનો અનન્ય વિકાસ સધાયો છે. સલ્ફા અને ઍન્ટિબાયોટિક રામબાણ ઔષધિઓની શોધથી ચેપી રોગો ઉપર અકલ્પ્ય કાબૂ પ્રાપ્ત થયો છે. મોતના મોંમાં ધકેલાએલા રોગીને સહજમાં ઉગારી લેવાય છે, વળી ઔષધિવિજ્ઞાન ચોક્કસ પણ બન્યું છે. અગાઉની જેમ તાવ માટે કડવા ઉકાળા ને મરડા માટે જાયફળ ને ખસખસના શીરાનો જમાનો હવે રહ્યો નથી. હવે તો સારવાર થતાં અગાઉ તાવ ને મરડાનો પ્રકાર નક્કી થાય છે. તાવના તો ઘણા પ્રકાર છે, અને મરડાના પણ બે પ્રકાર છે અને એ માટે જુદી જુદી દવાઓ છે. ટાઢ વાઇને આવે એ મલેરિયા તાવ સમજી લેવાનો નથી. ન્યૂમોનિયા, ટાઇફૉઈડ ને બીજા ચેપી રોગોની શરૂઆતમાં પણ ટાઢ વાય છે. એકલાં લક્ષણો પરથી રોગનું નિદાન મુશ્કેલ છે. એક જમાનામાં આંખો, કાન, આંગળાં અને અનુભવના આધારે રોગ પરખાતા હતા, પણ હવે રોગ પારખવા માટે લોહી, ઝાડો, પેશાબ ને ગળફાની સૂક્ષ્મદર્શકયંત્ર નીચે તપાસ તથા શરીરના અંદરના અવયવોની એકસ-રે પરીક્ષા અનિવાર્ય થઇ પડી છે. આવી રીતે રોગ નિશ્ચિત થયા બાદ એના માટે વિશિષ્ટ ઔષધો વપરાય છે, જે ચોક્કસ રીતે રોગને મટાડે છે.

અમુક રોગ માટે અમુક જ ઔષધ ખાસ પ્રકારે ઉપયોગમાં લેવાય છે. વળી ઉમર અનુસાર પણ તેની ચોક્કસ માત્રા નિયત સમયે લેવાની હોય છે. ઓછી માત્રામાં ઔષધ લેવાથી રોગજીવાણુઓ અંકુશમાં આવવાને બદલે વકરી જાય છે. આમ હોઇ આજનાં ઔષધો આપમેળે લેવામાં જોખમ સમાએલું છે. હા, સમજદારીવાળા જ્ઞાનેપ્સુ માણસે રોગ પરત્વે વપરાતાં ઔષધોનાં નામ તો જાણવાં જોઇએ, પણ તેના ઉપયોગના નિર્ણય માટે દાક્તરનાં સલાહસૂચનો સ્વીકારવાનાં છે.

આંતરિક ને બાહ્ય સ્થિતિઓના કારણે પેદા થતી વિકારી અવસ્થા-પરંપરા એ માંદગી છે. માંદગી જીવન સાથે ઘડાએલી છે. જીવનનું એ એક લક્ષણ છે. કોઇ ને કોઈ મુશ્કેલી વચ્ચે જીવન પસાર થતું હોય તો આરોગ્ય નહિ પણ માંદગી એ નિયમ છે. માંદગી સૌકોઇને સરખી રીતે આવે છે. માંદગી આવવા માટે 'સ્થિર વાતાવરણમાં આવતો પવન ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એ કોઈ જાણતું નથી' એ બાઈબલનું વાક્ય યથાથરીતે લાગુ પડે છે. જો આ હકીકત સત્ય છે તો પછી તુલસીદાસજીની પેલી શિખામણ યાદ કાં ન રાખવી કે 'આગ, રોગ, દેવું ને શત્રુને આગળ વધવા ન દેવાં.'


રોગ વધતો અટકાવવા બે બાબતો જરૂરી છે: એક તો રોગ ન થાય તે વિષે જાણવું જોઇએ. બીજું, રોગને શરૂમાં જ પકડવો જોઇએ. રોગને સૌ પ્રથમ પકડનાર તો રોગી જાતે જ છે; દાક્તર તો એની પરખ કરી ચિકિત્સા કરનાર છે. આ માટે વૈદકના પ્રાથમિક જ્ઞાનની જરૂર અવગણી ન શકાય. આપણે ધંધાકીય જ્ઞાનથી પાવરધા બનીએ છીએ, દેશના કાયદાઓથી માહિતગાર રહીએ છીએ, તો પછી સર્વ સાધનોના સાધનરૂપ શરીરને રક્ષનારા જ્ઞાનથી વંચિત કાં રહીએ? પેલી અંગ્રેજી કહેવતમાં–At 30 a man becomes a lawyer, at 40 a doctor, and at 50 a philosopher–કહ્યા પ્રમાણે માંદગી થવાનાં, અટકાવવાનાં અને એમાંથી ઊગરવાનાં કારણો જાણી લઈ આપણે સાચા અર્થમાં 'દાક્તર' કેમ ન બનીએ? નહિ તો પછી પેલી બીજી કહેવત આપણને લાગુ પડશે કે At forty a man becomes either a physician or a fool.

કૌશલકળાનો ખેલ

મોટા ચમત્કારો બતાવવાની સાથેસાથે જાદુગરો ઘણીવાર વચ્ચે-વચ્ચે નાના હાથચાલાકીના પ્રયોગો પણ બતાવતા જાય છે. એથી વૈવિધ્ય પણ જળવાય છે અને આવા આડખેલોમાં પ્રેક્ષકોનું ચિત્ત રોકાએલું રહે તેનો લાભ લઈ તે પછીના મોટા ખેલ માટેની પૂર્વતૈયારી પણ એ કરીલેતો જાયછે. માળામાં ક્રમવાર આપણે એવી કેટલીક યુક્તિઓ જોઈશું.

પહેલા ખેલમાં પાનાની એક કેટ લઈ સહજરીતે ચીપ્યાપછી એમાંથી એકાદ પાનું જુદું કાઢી પ્રેક્ષકો સાથે કંઈ ટોળ કરતાં કરતાં જાણે સહજરીતે જ મૂકતો હોય તેમ જાદુગર એ પાનાને ઊભું રાખી તેની ઉપર નજીકમાં પડેલો પ્યાલો કે બાટલી કે એવી કોઈ ચીજ ગોઠવી દે છે. (ચિત્ર ૧) તાસના પાના પર આમ કોઈ ચીજને સમતોલ ટકી રહેલી જોઈ સૌ આશ્ચર્ય પામે છે, પણ તેનું રહસ્ય કેટલું સરળ છે તે નીચેની આકૃતિઓ જોતાં જ સમજાઈ જશે કે તેણે પસંદ કરેલું પાનું અગાઉથી ખાસ તૈયાર કરેલું-દોઢું-હોય છે. (જુઓ ૨ અને ૩).


આ જ રીતે ક્યારેક તે પાનાની કેટ લઈ હથેળીમાં ઊંધી મૂકે છે. પછી એક છરી લઈ નાટકીય ઢબે તે કેટની વચ્ચેથી પસાર કરી (જુઓ ચિત્ર) પાનાની એક થોકડી જુદી પાડે છે ને તે ઊપાડીને સીધી પ્રેક્ષકો તરફ ધરી પોતે વગર જોયે એ ક્યું પાનું પ્રેક્ષકો જોઈ રહ્યા છે તે કહી દે છે. બહુ જ આસાન છે આ ખેલ. અક્કલ છરી વાપરવામાં જ છે. ચળકતી છરી જ્યારે કેટ વચ્ચેથી પસાર થાય છે ત્યારે તેના પરના પાનાનું પ્રતિબિંબ એ છરીમાં દેખાય છે. પ્રેક્ષકોને એનો ખ્યાલ જ નથી હોતો. તેઓ તો જાદુગરના નાટ્યાભિનયમાં જ મુગ્ધ થઈ ગયા હોય છે. આકૃતિ જોતાં આખી યુક્તિ વધુ સ્પષ્ટતાથી સમજાઈ જશે.



૧



૨





પચ્ચીસ વર્ષ પહેલાં

નાનો મોટો

તું નાનો હું મોટો:
એવો ખ્યાલ બધાનો ખોટો,
આ નાનો આ મોટો
એવો મૂરખ કરતા ગોટો.

ખારા જળનો દરિયો ભરીઓ
મીઠા જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથી યે
લોટો લાગે મોટો.

નાના છોડે મ્હેકી ઊઠે
જેવો ગુલાબ ગોટો;
ઊંચા ઊંચા તાડે તમને
જડશે એનો જોટો?

મન નાનું તે નાનો
જેનું મન મોટું તે મોટો;
પાપીને ત્યાં પ્રભુ જનમીઆ
બડો બાપ કે બેટો?

પ્રેમશંકર ભટ્ટ

માગશર ૧૯૯૧ અંક



પચ્ચીસ વર્ષ પહેલાં આવેલા આ નીચેના ચરિત્રના નાયકનું નામ તેમાં આપ્યું નથી; પણ આ સાથેની છબિ તથા અંદરની વિગતો પરથી વાચકો તેને ઓળખી શકશે.

'આજથી પોણોસો વર્ષ પહેલાં બિહાર પ્રાંતના જીરાદેરી નામના નાનકડા ગામમાં, શ્રીવાત્સવ કાયસ્થ કુળમાં, શક ૧૮૦૩ના માગશર સુદ પૂનમે, ૧૮૮૪ના ડિસેમ્બરના ત્રીજી તારીખે એમનો જન્મ થયો. એમના વડવાઓએ જુદાંજુદાં સંસ્થાનોમાં દીવાનગીરી કરેલી. પિતા મુનશી મહાદેવ સહાય એ નાનકડા ગામડામાં વૈદ હતા ને ગરીબોને મફત દવાઓ આપી રોગમુક્ત કરતા. એમનાં માતુશ્રીનું હૃદય એટલું વાત્સલ્યભર્યું અને અનુકંપાથી ઊભરાતું હતું કે ગરીબમાં ગરીબ માણસ પણ એમની સેવા પામ્યા વગર ન રહેતો. માતપિતાના એ વારસાને પરિણામે જ એ બાળક જતે દહાડે 'બિહારના બેલી' સમો બન્યો.

એ પ્રાંતમાં એ સમયે બાળક નિશાળે બેસે તે પહેલાં તેણે ઉર્દૂ શિક્ષણ મેળવી લેવું જરૂરી હતું. છસાત વર્ષની ઉંમરે એને એક મોલવીને ત્યાં ભણવા મોકલ્યો. ત્રણેક વરસમાં તેણે ફારસી ભાષા શીખી લીધી, એટલે તેને છપરા જિલ્લાની મુખ્ય નિશાળમાં આગળ અભ્યાસ માટે દાખલ કર્યો. તે વખતે એનાં જ્ઞાન અને ચાલાકીથી બધા શિક્ષકોનું ધ્યાન ખેંચાયું અને હેડમાસ્તરે તેને ઉપલા વર્ગમાં ચડાવવાનો બંદોબસ્ત કર્યો. તે પછી પોતાનું બધું ધ્રુવધ્યાન અભ્યાસમાં જ એટલી હદ સુધી પરોવ્યું કે શારીરિક વિકાસ ઉપર જરા પણ લક્ષ્ય રહ્યું નહિ. આજે પણ એમનું શરીર તદ્દન સુકલકડી અને દમપીડિત છે.

ઈ. ૧૯૦૨માં કલકત્તા યુનિવર્સિટીના વીસ હજાર વિદ્યાર્થીઓમાં બિહારના ખૂણાના ગામડાનો આ વિદ્યાર્થી પહેલો આવ્યો તે પછી કલકત્તા કૉલેજમાં જઈ, પ્રીવિયસની પરીક્ષામાં કુલ પચાસ રૂપીઆની ત્રણ સ્કૉલરશિપો મેળવીને તેણે બિહારનું નામ દીપાવ્યું.

આ અરસામાં ડૉન સોસાએટી નામની સંસ્થા સ્થપાઈ. તેના સંચાલક શ્રી સતીબાબુમાં ધાર્મિક ભાવનાઓનું પ્રબળ પૂર હતું. તેમાં જોડાઇને એમણે તેના માસિક 'ધ ડૉન'માં લેખો પણ લખવા માંડ્યા. એ ધાર્મિક શિક્ષણનાં બીજ આજના એમના સેવાધર્મમાં પરિણમ્યાં છે. એ દિવસોમાં સાર્વજનિક કાર્યો તરફની એમની મમતા જોઇ ભલભલા વિદ્વાનો પણ એમની પ્રશંસા કરતા. સિસ્ટર નિવેદિતાએ એમની તારીફ કરતાં કહેલું કે એ ભવિષ્યના નેતા છે. એ ઉક્તિ આજે ખરી પડી છે.

૧૯૦૬માં બી.એ.ની પરીક્ષામાં પહેલા વર્ગમાં આવવાથી યુનિવર્સિટી તરફથી એમને ૯૦ રૂપિયાની શિષ્યવૃત્તિ તથા ઓછામાં ઓછા બાર સોનાના ચાંદ મળ્યા, અને બિહારના આ વિદ્યાર્થીની ખ્યાતિ ચોમેર ફેલાઈ. તેમણે આગળ હવે એમ.એ. તેમજ એલએલ.બી.નો અભ્યાસ શરૂ કર્યો, પણ તેમનું દિલ પરદેશગમન તરફ વહેતું ગયું ને વિલાયત જવાની તૈયારીઓ કરવા માંડી. પરંતુ પિતા બીમાર હતા. એ માંદગી તથા મોટાભાઇ અને માતાની નારાજીને લીધે વિલાયતને બદલે તે કલકત્તા ગયા.

પિતા ગુજરી ગયા, ને વિલાયત જવાયું નહિ તેથી તે ગમગીન બની ગયા. અભ્યાસ પણ બરોબર થયો નહિ ને એમ.એ.ની પરીક્ષામાં બેઠા. પાસ તો થયા, પણ ઊંચો વર્ગ આવ્યો નહિ ને વિદ્યાર્થીજીવન પૂરું થયું. પણ તેમનું નામ યુનિવર્સિટીમાં મશહૂર થઈ ગયું હતું. કૉલેજની તેમની કારકીર્દિ અધ્યાપકોના દિલમાં પરોવાઈ રહી હતી. છેવટે શુભેચ્છકોના આગ્રહથી મુઝફ્ફરપુરની ભૂમિહાર બ્રાહ્મણ કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે તેઓ જોડાયા. સાથે ઇતિહાસ, અર્થશાસ્ત્ર ને રાજનીતિ શીખવવાનું કામ પણ હાથ ધર્યું, ને થોડો વખત પ્રિન્સિપલ તરીકે પણ કામ કર્યું.

પરંતુ શિક્ષણમાં બહુ રસ પડ્યો નહિ અને વકીલાતનાં સ્વપ્નાં સેવવા માંડ્યાં. છેવટે નોકરી છોડી કલકત્તા ગયા. ત્યાં એક વકીલ સાથે જોડાઇને કામ શીખવા માંડ્યુ અને ૧૯૧૦માં વકીલાતની પરીક્ષા પાસ કરી.

આ અરસામાં સ્વ. ગોખલેએ સર્વન્ટસ ઑવ ઇન્ડિયા સોસાએટીની સ્થાપના કરી અને દરેક પ્રાંતમાંથી સારાસારા માણસો ચૂંટીને એ સંસ્થામાં ગોઠવવા માંડ્યા. બિહાર માટે તેમણે મિત્રોની સલાહ પૂછતાં આ ઝળહળતા રત્નની જ ભલામણ થઈ.

જેની નસેનસમાં સેવાના ધબકારા વાગતા, જેના લોહીમાં સેવાનાં રજકણો વહેતાં, જેના શિક્ષણમાં સેવાનાં બીજ રોપાયાં હતાં તેની પાસે સેવાની વાત આવતાં તે હરખાયા ને એ સંસ્થામાં જોડાવાની ઇચ્છા કરી. ઘેર આ વાત લખી.

મોટાભાઇને આથી આઘાત થયો ને બંને મળ્યા ત્યારે બંનેની આંખોમાંથી આંસુની ધારા ચાલી. બે કલાકની ચર્ચાને અંતે મોટાભાઈને લાગતો આઘાત તે જોઈ શક્યા નહિ ને પોતાની વહેતી ઊર્મિઓને દાબી દઈને તે નિર્ણય બંધ રાખ્યો.

હવે કલકત્તે જઈ વકીલાત શરૂ કરી. એ વેળા ત્યાંની હાઇકોર્ટમાં સારામાં સારા વકીલ-બૅરિસ્ટરો હતા, છતાં તેમનું કાર્ય દીપી આવ્યું. લૉર્ડ સિંહા, ડૉ. સર રાસબિહારી ઘોષ, સ્વ. દેશબંધુ દાસ, સ્વ. હસન ઈમામ, સર સુલતાન મહમદ, સર ગણેશદત્ત સિંહ અને શ્રી સહાય જેવા એ વેળાના નિષ્ણાતો પણ એમની કુશળતાથી ચકિત થયા અને એ સૌની હરોળમાં એમનું નામ ગણાવા લાગ્યું. કીર્તિ તથા ધન તેમને ચરણે આવ્યાં. ત્યાંથી તેમણે પટણા હાઇકોર્ટમાં આવી વકીલાત શરૂ કરી. અહીં તો ધનના ઢગલા થવા લાગ્યા. પણ એ બધું ધન ઘરમાં આવવાને બદલે બીજે રસ્તે વહેવા લાગ્યું. એ ધનમાંથી કેટલા યે ગરીબ વિદ્યાર્થીઓ શિક્ષણ પામ્યા, કેટલા યે નિરાધારોને રોજી કમાવાનાં સાધન થયાં, કેટલા યે અનાથ અપંગોને જીવનગુજારો થયો

ને છેવટે માસિક ત્રણ હજારની ધીકતી કમાણી-વાળી એ વકીલાત તેમણે દેશસેવા માટે છોડી ત્યારે પૂરી પંદર રૂપરડીયે પૂંજી નહોતી.

કલકત્તાથી તે પટણામાં વકીલાત કરવા આવ્યા એ જ વર્ષે લખનૌ મહાસભામાં એમણે અને બાબુ વ્રજકિશોરે ચંપારણના ખેડૂતોના અત્યાચાર સંબંધમાં આંદોલન શરૂ કર્યું હતું. શ્રી રાજકુમાર શુક્લ જ્યારે મહાત્મા ગાંધીજીને ખેડૂતોની દુર્દશા દેખાડવા પટણા તેડી લાવ્યા એ વખતે તેઓ ત્યાં ન હતા. આથી મહાત્માજી તિરહુતના કમિશનરને મળ્યા. કમિશનરે એમને તિરહુતમાંથી બહાર જવાનો હુકમ કર્યો, પરંતુ તે તો તપાસ કરવા આગળ વધવા માંડયા. ગાંધીજીની ધરપકડ થઈ અને મુકદ્દમો ચાલ્યો. છેવટે સરકારે મુકદ્દમો ઉઠાવી લીધો ને ગાંધીજીએ કાર્યનો આરંભ કર્યો.

આ ખબર મળતાં જ તે સ્વયંસેવકો લઈ મહાત્માજી પાસે પહોંચી ગયા. ખેડૂતોના મહાન કાર્યમાં ગાંધીજીનો જે વિજય થયો, તેણે એમના ઉપર ગંભીર અસર કરી.

૧૯૨૦માં એમના પ્રમુખપદે બિહાર રાજનૈતિક સંમેલન ભરાયું. આ વર્ષે તેમણે વકીલાતનો ત્યાગ કર્યો અને હજારો રૂપિયાની આમદાની ફેંકી દઈ દેશસેવામાં જોડાયા. સેનેટના સભ્ય તરીકેનું પણ રાજીનામું આપ્યું અને પોતાને મળેલો 'રાય બહાદુર'નો ઇલકાબ ત્યજી દીધો. પટણામાં રાષ્ટ્રીય મહાવિદ્યાલય ને બિહારવિદ્યાપીઠની સ્થાપના કરીને આખા બિહારમાં ઠેરઠેર રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી.

૧૯૩૦–૩૨ની સર્વવ્યાપી ચળવળમાં તેમણે બિહાર પ્રાંતનું નેતૃત્વ પોતાના હાથમાં લીધું. આ લડતમાં તેમના પર ત્રણ કારાગૃહવાસના પ્રસંગ આવ્યા. ત્રીજા તુરંગવાસના અંત ભાગમાં આજારી પડવાથી તેમનો છૂટકારો થયો. આ દરમ્યાન તેઓ બે વાર કૉંગ્રેસના કામચલાઉ અધ્યક્ષ નિમાયા હતા. ૧૯૩૦માં જગન્નાથપુરીમાં ભરાનાર કૉંગ્રેસના અધિવેશનના અધ્યક્ષપદે એમની પસંદગી થઈ પણ કાયદાભંગના યુદ્ધને લીધે એ થઈ શક્યું નહિ. આથી ૧૯૩૪માં મુંબાઈ મહાસભાના અધ્યક્ષપદનો મુકુટ એમને શિરે મુકાયો.'



હિંદી ભાષા ઉપર પણ એમને પ્રેમ છે. ઈ. ૧૯૧૩ના હિંદી સંમેલનના તેઓ સ્વાગતમંત્રી હતા. ૧૯૨૩માં કાનડામાં હિંદી સંમેલનના પ્રમુખ ચૂંટાયા હતા. સ્વભાવે તે તદ્દન સાદા ને ઋજુ વૃત્તિના છે. સૌજન્ય તો તેમનામાં એટલું બધું ઓતપ્રોત છે કે એમના નમ્રપણા આગળ ખુદ નમ્રતાએ પણ નમ્ર બનવું જોઇએ. એમની નમ્રવૃત્તિ, સૌજન્ય, દયા, પ્રેમ, સહાનુભૂતિ ઇત્યાદિ ગુણોને લીધે બધાઓને જ તેમને માટે પ્રેમ અને આદર થાય છે.

ગયા અંકમાં સર્પો વિષે આપેલું તેનું પરિશિષ્ટ: સાપની જીભ કેવળ સ્પર્શ અને શ્રવણ પૂરતા ઉપયોગની છે. એનાથી એ નથી સ્વાદ લઇ શકતો કે નથી બોલી શકતો. એ જીભથી નથી પાણી પિવાતું કે નથી કંઇ ચાટી શકાતું. આપણી કે અન્ય પશુપંખી પેઠે તે બોલી શકતો નથી. અર્થાત્ એને કોઇ પણ પ્રકારની વાણી નથી. માત્ર ફેફસાંમાં પુષ્કળ હવા ભરીને એકદમ બહાર કાઢી સુસવાટા જેવો અવાજ કરી શકે છે. પોતાના શરીરના વ્યાસ કરતાં અનેકગણું મોટું પ્રાણી તે ગળી શકે છે તે એનાં જડબાંની વિશિષ્ટ રચનાને લીધે જ.

ગળવાથી તે રૂંધાઈ ગૂંગળાઇને મરતો નથી તેનું કારણ પણ એ વિશિષ્ટ રચના જ છે. જ્યારે સાપ શિકાર ગળવા માંડે છે ત્યારે પોતાની શ્વાસનળીને ગળામાંથી ખેંચીને મોંમાં લાવે છે અને નીચેના જડબાનાં હાડકાં જ્યાં છૂટાં હોય છે ત્યાં, દાઢી આગળના પોલાણમાં શ્વાસનળીનું મોં ગોઠવી દે છે. પછી ઉપરથી શિકાર ગળતો જાય અને સાથેસાથે નીચેની શ્વાસનળીથી શ્વાસ પણ લેતો જાય.

સાપને ઝાઝી ભૂખ લાગતી નથી. ઘણી વાર અજગર જેવા તો બારબાર મહિનાની લાંઘણ ખેંચી કાઢે છે. એને સ્વાદનું ભાન નથી એટલે જે આવ્યું તે આંખો મીંચી આરોગવા માંડે છે. પછી ભલેને એ લાકડાનો દંડો કે પાથરવાનો કામળો હોય: એ પચે નહિ ત્યારે ભાન આવે કે આ તો બન્યા! એટલે પછી ઓકી કાઢે.

સાપની આંખોની તારા પણ વિચિત્ર હોય છે. દિવસે રખડનાર સાપ હોય તો એ ગોળ હોય છે. નક્તંચર હોય તો તે ઊભી કે આડી. જેમ ઋતુ પરત્વે સાબરનાં શીંગડાં ખરી પડે, પક્ષીઓનાં પીછાં, પ્રાણીઓના વાળ, માણસના શરીર પરની ચામડી પણ જતી રહી નવી આવે, તે જ પ્રમાણે સાપની ખાલ પણ ઊતરી જાય છે, જેને 'કાંચળી' કહે છે.

તેની વિષગ્રંથી–ઝેર–કોથળી ખરી રીતે તો 'વાદળી' spongeના જેવી હોય છે—કાગળના પરબીડીઆ જેવી પોલી નહિ. જે જાતના વિષનો પ્રતિકાર કરવાનો હોય તે જ જાતના સર્પના વિષમાંથી બનાવેલું ઍન્ટીવેનીન જ સફળ નીવડે છે. તેથી દંશ થતાં વેંત જ કરડનાર સાપને ઓળખવો અનિવાર્ય છે. દંશની જગ્યાએ ઘસવા પોટાશ્યમ પરમૅંગેનેટ ન મળે તો બ્લીચિંગ પાઉડર ઘસવાથી પણ અસર થાય છે. નદીમાં જોવામાં આવતાં 'ડેડાં' નિર્દોષ સર્પજાતિ છે. આંધળી ચાકળણ એ અજગરના વર્ગનો સર્પ છે.



બ્રિજ

લેખક · શ્રી સાધુરામ દવે

ભિલ્લુએ બિડ આપેલી ભાતમાં ટેકો

(Supporting or raising the partner's opening suit bid)

'કુમાર'ના ૪૩૦મા અંકમાં, ભિલ્લુએ જ્યારે બિડની શરૂઆત કરી હોય ત્યારે આપણે શી રીતનો જવાબ આપવો તેની અમુક સમજણ જોઈ. હવે એ જ લખાણ આગળ ચાલે છે. ફરીથી યાદ રાખો કે ભિલ્લુની બિડની શરૂઆત પછી, તેના ડાબા હાથનો સામાવાળો પસાર (Pass) બોલ્યો છે અને ત્યારે તમારે શી રીતનો જવાબ આપવો તેની જ આમાં સમજણ છે. ભિલ્લુએ જે ભાતની બિડ આપી હોય તે જ સરમાં આપણે વધુમાં વધુ હાથ કરી શકીએ તેમ જણાવાથી, તેને તે જ ભાતમાં શી રીતે સારો ટેકો (support) આપવો તેની માહિતી આ લખાણમાં જોઈશું.

આપણે આગળ જોઈ ગયા કે બંને ભિલ્લુઓનાં ભેગાં સરનાં પાનાંની સંખ્યા, એ સરનાં ફક્ત ભારે જ પાન કરતાં વધુ ઉપયોગી છે. આમ પણ સર વિનાની રમત કરતાં, સરથી રમવાની બાજી સામાન્ય રીતે વધુ રમાય છે. તેમાં પણ મોટી ભાતના (કાળી અને લાલ–major suits) સરમાં કૉન્ટ્રૅક્ટ રમવો એ વધુ લાભદાયી હોય છે. નાની ભાતમાં રમવા, મોટી ભાતના કૉન્ટ્રૅક્ટથી હમેશાં એક હાથ વધુ કરવાનો રહે છે એ જ તેનું નુકસાન છે. ભિલ્લુએ બતાવેલી ભાતને ટેકો આપવા, આપણામાં તે જ ભાતનાં અમુક પાનાં તો હોવાં જ જોઇએ અને તે કેવાં હોય તો ટેકો આપી શકીએ તેની સમજણ હવે જુઓ. આવા ટેકાને આપણે 'યોગ્ય ટેકો' (adequate trump support) કહીશું. એને માટે, નીચેનાં ઓછામાં ઓછાં પાનાં તો હોવાં જ જોઇએ.

A x x; K x x, Q x x, અથવા J 10 x યા તેથી વધુ. એટલે કે J 10 કે Q આથી ઓછામાં ઓછાં ત્રણ સરનાં પાનાં તમારામાં હોય તો જ તેને યોગ્ય ટેકો કહી શકાય; અથવા તો સરનાં ગમે તે ચાર પાનાં દા.ત. 5 4 3 2. આ **સરના યોગ્ય ટેકાની વ્યાખ્યા બરાબર સમજી લો.**

પરંતુ તમારો ભિલ્લુ, તમારા ટેકા સિવાય, બે વાર તે જ ભાતમાં બિડ આપે (if he rebids) તો રાણી સાથે બીજું કોઈ પણ સરનું પાનું, યા ગમે તેવાં હલકાં પણ સરનાં ત્રણ પાનાં એ સરનો જોઇતો યોગ્ય ટેકો ગણાય. ભિલ્લુની એક જ ભાતની ફરીની બિડ (rebid) ચોક્કસ તેનામાં સરનાં ઓછામાં ઓછાં પાંચ પાનાં દર્શાવે છે. માટે અહીં Q x યા x x x એ સરનો ચોક્કસ યોગ્ય ટેકો ગણી શકાય.

નીચેના બે નિયમો પણ બરાબર સમજો :

(૧) ભિલ્લુની કોઈ પણ ભાતની એકની બિડ હોય (એટલે કે તે ભાતના સરથી સાત હાથ કરવાના) અને તમારામાં ૧½થી ૨ મુખ્ય હાથ અને જોઇતો સરનો ટેકો હોય તો તે એકની બિડને, બેમાં તમારે ફેરવવી.

(૨) તમારી બાજીમાં ૧ મુખ્ય હાથ હોય, સરનાં ગમે તે ત્રણ પાનાં હોય અને કોઈ પણ બીજી ભાત એકલવાયી (singleton) હોય તો પણ એકની બિડને તમારે બેમાં લઈ જવી. એટલે કે ભિલ્લુને તેની ભાતમાં, ટેકો આપવો.

(૩) તમારામાં ૧ મુખ્ય હાથ હોય, સરનાં ગમે તે ચાર પાનાં હોય અને કોઈ પણ બીજી ભાતનાં બે જ પાનાં (doubleton) હોય તો પણ તેવી જ રીતે ટેકો આપવો–એટલે કે તે જ ભાતમાં ૭ના ૮ હાથ કરવાની બિડ આપવી.

દૃષ્ટાંત નીચે જુઓ : ભિલ્લુ ૧ કાળી (1 S) બોલે તો નીચેની કોઈ પણ બાજી તમારી હોય તો, બે કાળી (2 S) બોલી, તેને ટેકો આપો.

♠ Q x x	♠ K x x	♠ x x x x	♠ x x x x
♥ A Q x	♥ x	♥ K J x x	♥ x x
♦ x x x	♦ x x x x x	♦ x	♦ A x x x
♣ K x x x	♣ R J x x	♣ J x x x	♣ x x x

મોટી ભાતમાં બેવડો ટેકો (Double raise in majors)

ભિલ્લુની મોટી ભાતની (કાળી અને લાલ) ૧ની બિડને, જ્યારે તમે ૩માં ફેરવો ત્યારે તે બેવડો ટેકો (double raise) કહેવાય. આવા ટેકા બાદ, પૂરો દાવ યા ગેઈમ (game) પૂરી ન બોલાય ત્યાં સુધી (એટલે કે લીટી નીચે ૧૦૦ પૉઇન્ટ) આ બિડની હરાજી (auction) અટકે નહિ. બંને ભિલ્લુઓએ, પૂરી 'ગેઇમ' બોલાતાં સુધી, બિડ ચાલુ જ (open) રાખવી. **આમાં અપવાદ હોઈ શકે જ નહિ.** એ કૉન્ટ્રૅક્ટ ભલે પછી જવલ્લે જ બીજી ભાતમાં, યા સર વિનાની બાજીમાં (no trumps) રમાય, પરંતુ game પૂરી ન બોલાય ત્યાં સુધી આ બિડ અકાળ મૃત્યુ ન પામે (bidding should not die out).

આવા મોટા ટેકા માટે સ્વાભાવિક રીતે જ તમારી બાજી ઘણી સારી હોવી જોઇએ. આપણો ભિલ્લુ જો પસાર બોલ્યો હોય તો પણ આપણે જાતે જ બિડની શરૂઆત કરી શકીએ તેવાં સારાં પાનાં આપણી પાસે હોવાં જોઇએ.(We ourselves should have an almost opening hand). આવા બેવડા ટેકા માટે ભિલ્લુની ભાતનાં ઓછામાં ઓછાં ચાર પાન તો આપણામાં હોવાં જ જોઇએ. આથી મુખ્ય હાથ (honour tricks) પણ અમુક હોવા જોઇએ. તેનું કોષ્ટક નીચે જુઓ :

अ સરનાં ગમે તે પાંચ પાનાં અને ૨+મુખ્ય હાથ. આમાં ૧+મુખ્ય હાથ, સર સિવાયની ભાતમાં હોવો જોઇએ.

ब J 10 યા Q સાથે સરનાં ચાર પાનાં અને ૨½ મુખ્ય હાથ. આમાં ૧½ મુખ્ય હાથ સર વિનાની ભાતમાં.

क સરનાં ગમે તેવાં હલકાં ચાર પાનાં અને ૩ મુખ્ય હાથ.

દૃષ્ટાંત નીચે જુઓ : ભિલ્લુ ૧ લાલ (1 H) બોલ્યો હોય તો તમારી નીચેની કોઇ પણ બાજીમા તમે ૩ લાલ (નવ હાથ બોલો).

♠ K Q x x	♠ x x x x	♠ A x x
♥ x x x x x	♥ J 10 x x	♥ x x x x
♦ A x x	♦ A J x	♦ A x x
♣ x	♣ A x	♣ K Q x

'પ્રીએમ્પ્ટિવ' ટેકો (Preemptive raise)

ગુજરાતીમાં આનો ચોક્કસ શબ્દપ્રયોગ મને જડતો નથી. આ બિડનો અર્થ એવો છે કે શરૂમાં જ અમુક વધુ હાથ કરવાના બોલી, સામાવાળાઓને તેમની બિડ આપવામાં મુશ્કેલી મૂકવી.નાની ભાતમાં (ચોકડી કે ફુલ્લી) બેવડો યા ત્રેવડો ટેકો આપીને આ બિડ આપી શકાય. આપણો ભિલ્લુ 1 D યા 1 C બોલ્યો હોય તો આપણે 3 D યા 3 C બોલી અથવા આપણા ભિલ્લુની 1 S કે 1 Hની બિડને 4 S યા 4 Hમાં ફેરવી, આપણે સામાવાળાઓને બોલતાં સામાન્ય રીતે અટકાવી શકીએ. આવી બિડને 'પ્રીએમ્પ્ટિવ બિડ' કહેવામાં આવે છે. આવી જ બિડનો એક બીજો પ્રકાર પણ છે તે આપણે ફરી કોઈક વાર જોઈશું. અહીં જણાવેલી આવી પથ્થર નાખવાની બિડ એ જવાબ આપવા પૂરતી જ દર્શાવી છે—શરૂઆતની (opening bid) નહિ તે

ખાસ ધ્યાન આપો. આવી બિડ માટે મોટે ભાગે તમારામાં પાંચ સર હોવા જોઇએ અથવા ઘણા જ મજબૂત ચાર જેવા કે A J 10 x, યા K Q 10 x. હવે નીચેની વિગત બરાબર જુઓ :

અ 1 D કે 1 Cની બિડને ફેરવવા ૧½ થી ૨½ મુખ્ય હાથ અને પાંચ સર જોઇએ.

બ 1 S કે 1 Hની બિડને ૪માં ફેરવવા ૧ થી ૧½ મુખ્ય હાથ, પાંચથી છ સરનાં પાનાં, એકલવાયું કોઈ પણ બીજી ભાતનું પાન (singleton) અથવા કોઈ ભાત ખાલી (void) અને બીજી કોઈ ભાતનાં પાંચ પાનાં, એટલે કે મોટે ભાગે તમારાં, જવાબ આપનાર તરીકે પાનાંની વહેંચણી ૫, ૫, ૨, ૧; ૫, ૫, ૩, ૦; ૬, ૫, ૧, ૧ કે એવી જ જાતની રહેશે. સરનાં પાનાં, પાંચ યા છ સમજી લેવાનાં છે.

એટલે કે ત્રણ વધુના ટેકા માટે તમારા મુખ્ય હાથની જરૂરિયાત ઓછી જ છે, પરંતુ તમને ખાત્રી અહીં એ જ છે કે ભિલ્લુએ દર્શાવેલી ભાતમાં જ રમવામાં gameની શકયતા છે. આગળ કોઈ 'સ્લામ'ની શકયતા નથી ને એટલે જ, તમારી બિડ તમે અહીં ગેઈમ પૂરી કરવા પૂરતી એકદમ ચઢાવી દો છો. (winding up the contract)

દૃષ્ટાંત : ભિલ્લુ 1 C બોલ્યો હોય તો નીચેનાં પાનાંથી 3 C બોલો.

♠ A x x	♠ x
♥ x x	♥ K J x
♦ x x x	♦ x x x x x
♣ A Q x x x	♣ K Q 10 x

નાની ભાત એટલે કે ચોકડી યા ફુલ્લીમાં (minor suits) આવો બેવડો ટેકો, દાવ પૂરો થતાં સુધી બિડ કરવાની ફરજ પાડતો નથી (not game force) પરંતુ મોટી ભાતમાં તે ફરજિયાત છે.

ભિલ્લુ 1 S બોલ્યો હોય તો નીચેની તમારી કોઇ પણ બાજીમાં 4 S બોલો.

♠ Q x x x x	♠ x x x x x x	♠ A x x x x x
♥ x	♥ —	♥ x
♦ A x x x x	♦ x x x x x	♦ x
♣ x x	♣ A x	♣ x x x x x

1 S કે 1 Hથી 4 S યા 4 Hનો ત્રણ પગથિયાંનો કૂદકો મારી શકાય, પરંતુ 1 C કે 1 Dથી 4 C યા 4 Dની બિડ, તદ્દન મોટી જ સમજવી; કારણ કે મોટે ભાગે 3 N. T.માં રમવાની તક હોય તે આપણે વધુ તપાસ કર્યા વિના, ફેંકી દઈએ છીએ. અમુક સંજોગોમાં 1 D કે 1 Cની બિડ, સીધી જ પાંચમાં ફેરવાય છે અને એ રીતે એ 'સમાપ્તિ બિડ'(closing bid)થઇ. પરંતુ નાની ભાતમાં ત્રણનો સીધો કૂદકો એટલે કે ૭ થી ૧૦ હાથ કરવાની સીધી બિડ વપરાતી જ નથી.

સામાન્ય સંજોગોમાં તો મોટી ભાતમાં જ રમવું લાભદાયક છે; કારણ કે તેમાં પૂરો દાવ (game) કરવા, ફક્ત ૧૦ હાથની જ જરૂર છે પરંતુ નાની ભાતમાં ૧૧ હાથ કરવાના સમજી, તે ભાત જ ન બતાવવી એ બિલકુલ સલાહભર્યું નથી. દરેક બાજીમાં કાંઈ game થતી નથી અને કેટલીય વાર અધૂરી ગેઇમનો સ્કોર (part score)એટલે કે ૧૦૦ અંકથી નીચેનો, નાની ભાતમાં શકય હોય છે તે વખતે આપણે રહી જઇએ. માટે નાની ભાત ઉપર સૂગ લાવવી નહિ. મેં કેટલીય વાર જોયું છે કે મોટી ભાતના સરમાં રમવાના શોખીનો અને સર વિનાની બાજીના (No Trumps) અખંડ રસિયા, ચોકડી અને ફૂલ્લી સામે તિરસ્કારથી જુએ છે અને સરવાળે સારો એવો માર પણ ખાય છે.

તા. ક. ૧. મુંબાઈમાં અખિલ હિંદ બ્રિજ ચેમ્પીઅનશિપ નવેમ્બર માસમાં રમાઈ તેમાં હૈદ્રાબાદની ટીમે વિજય મેળવ્યો. આવતા વર્ષે બ્રિજની યુરોપીય હરીફાઈમાં, હિંદની ટીમ પણ, પ્રથમ વાર તે મેચ રમવા, ઈટલી જશે.

૨. કેટલાક વાચકો પૂછે છે કે કોઈ પણ એક હાથમાં (in any one hand) એના તેરે ય પત્તામાં, એક પણ મોટું પાનું (honour card) ન હોય તો એ બાજી ફોક કરાય કે કેમ? એટલે કે એ બાજી છોડી દઇને, ફરી પાનાં વહેંચાય કે કેમ? આ રિવાજ પહેલાં Auction Bridge રમતાં રખાતો. હવે તો તે સદંતર નીકળી જ ગયો છે.

૩. 'બિઝીક'ની રમત વિશે કેટલાક ભાઇઓએ વિગતવાર લેખ માગ્યો છે. હવે એ રમત ભૂંસાતી જાય છે અને વધુમાં તેમાં પાનાંની ચાર જોડીની જરૂરિઆત હોવાથી, ખર્ચાળ પણ થાય છે. એટલે જ તેનું લખાણ આપ્યું નથી.છતાં જો કોઈ ખાસ મુદ્દા ઉપર કોઈ વાચકને મુશ્કેલી હોય, તે મને લખશે તો તે ભાઇને બારોબર જવાબ મોકલીશ.

૪. પાનાંની રમતોમાં જે વાચકોએ રસ લઈ, જરા પણ મારા રૂબરૂ ઓળખાણ વિના, નૂતન વર્ષાભિનંદન મોકલ્યાં છે તે સર્વેનો હું આભાર માનું છું.

પ્રશ્નના ઉકેલ

'કુમાર'ના અંક ૪૩૦માં છપાએલા અને વાચકોને અંક મોડો મળવાને લીધે તેમ જ ઉત્તરનાં પાનાંમાં લાલના ગુલામની ગેરહાજરીને કારણે, ફરી ૪૩૧માં રજૂ કરેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ :

પ્રશ્ન પહેલો

પશ્ચિમની પહેલી ♣ Kની ઊતરમાં, દક્ષિણ ફુલ્લીનો A રમી હાથ કરે છે. ઉત્તરમાંથી ચોકડીની ફિશ. પછી દક્ષિણ લાલ રમી, ઉત્તરમાં જઇ, કાળીની દૂરી ત્યાંથી રમી, પોતે કાપી લે છે. ફરી લાલની ઊતર કરી, ઉત્તરમાં જઈ, ત્યાંથી કાળીની રાણી રમી, કાપી લેશે. ત્યાર બાદ ફરી એક વાર લાલ રમી, ઉત્તરના લાલના બાદશાહનો હાથ કરે છે. ત્યાંથી પછી લાલનો એક્કો રમશે; તેમાં દક્ષિણ ♦ Aની ફિશ નાખી દેશે. દરેકના સર હવે ખલાસ થાય છે. ઉત્તરમાંથી હવે કાળીનો એક્કો રમી, ચોકડીના બાદશાહને તેમાં વહેતો મૂકે છે, અને હવે ઉત્તરનાં બાકીનાં ચોકડીનાં પાનાં ગુરુ પાનાં બની જાય છે. આમ તેરેય હાથ થઈ જાય છે.

પ્રશ્ન બીજો

પશ્ચિમના પ્રથમ કાળીના 7ની ઊતરમાં, દક્ષિણ કાળીના Aનો હાથ કરે છે. અને કાળીના Q Jમાં ઉત્તરના ♥ K ફિશ તરીકે ફેંકી દે છે. પછી લાલના Q J 10માં ઉત્તરના ચોકડીના A K Qને બફાવા દે છે. અને ચોકડીની લાંબી લંગારના હાથ કરી, છેલ્લે ♣ 2 ઉપર, ઉત્તરના ♣ Aનો હાથ કરી લે છે.

આ બંને પ્રશ્નોમાં ફિશ છોડવાની આવડત જરૂરી છે. તે ઉપરાંત પ્રવેશ પત્તાં (entry cards) સાચવવાની જરૂરીઆત પણ સમજવા જેવી છે. પોતાના હાથમાં ઊતર આવી જઈ, આગળ માર્ગ ન જડે તે પહેલાં (before our hand is blocked) આપણાં યા 'ડમી'નાં પાનાંની ચાળવણી, કેવી ખૂબીથી કરવી તે સમજ આમાં બતાવવામાં આવેલી છે. ઘણા વાચકોને આ પ્રશ્નો ગમ્યા છે અને ૧૯ સાચા જવાબો મળ્યા છે તે આનંદની વાત છે. સાચા જવાબ મોકલનારનાં નામ નીચે આપ્યાં છે. તે સર્વેને અભિનંદન.

(૧) જી. એમ. દવે (૨) વેણીલાલ મોતીલાલ ડૉકટરીઆ—બંને ભરૂચના; (૩) એમ. એ. શાહ, વડાલા; (૪) શાંતિલાલ ઝવેરી, કાંદીવલી; (૫) વાસુદેવ રાવળ, વીલેપારલે; (૬) શ્રવણ નીલકંઠ મશરૂવાળા, શાંતાકુઝ; (૭) પી. એમ. મહેતા, (૮) રતિલાલ એસ. માણેક, (૯) ગીરધરલાલ ત્રિકમદાસ પારેખ,—છેલ્લા ત્રણ કલકત્તાથી; (૧૦) તુરાબ એચ. ખેતી, (૧૧) કનુ આર ડાભી, (૧૨) એસ. એમ. ભટ્ટ,—છેલ્લા ત્રણ જૂનાગઢના; (૧૩) ત્રિભુનદાસ આર્ય, બહાદરપુર; (૧૪) મનહર-

લાલ બુટાલા, સરદોઈ; (૧૫) મનહર ભદ્રેશ્વરા, અમરેલી; (૧૬) એચ. પી. છાયા, ઉપલેટા; (૧૭) ડી. એન. દેસાઈ, સૂરત; (૧૮) બાલુભાઈ દેસાઇ, લખનૌ; (૧૯) આર. જી. આકોલકર, કારવણ.


પેટલાદથી શ્રી રસિકલાલ પરીખ, શ્રી નિરંજન મહેતા વીલેપારલેથી, તથા શ્રી ઉમરશી કાનજી, કચ્છ એ ત્રણેયના એક પ્રશ્નના જવાબ સાચા છે.

નવો પ્રશ્ન

મુંબાઇથી 'કુમાર'ના એક વાચક ભાઇ, નીચેનો પ્રશ્ન જે તેમણે આઠ દસ વર્ષ પહેલાં ત્યાંના કોઇ છાપામાં વાંચેલો અને નોંધી રાખેલો, તે લખી મોકલે છે. પ્રશ્ન ખૂબ સુંદર છે અને તેથી જ અહીં રજૂ કર્યો છે. પ્રશ્ન પ્રથમ કક્ષાનો છે તે નિઃશંક છે; તો જુઓ પ્રશ્ન નીચે :

♠ 5
♥ 8 5
♦ A K 4
♣ A K 8 5 4 3 2

♠ K 10 7
♥ 9
♦ Q 10 8 3
♣ Q J 10 9 7



♠ 8 6 4 3 2
♥ Q 7 6 2
♦ J 6 2
♣ 6

♠ A Q J 9
♥ A K J 10 4 3
♦ 9 7 5
♣ —

ઉત્તર દક્ષિણ ભિલ્લુઓએ 7 Hનો કૉન્ટ્રેક્ટ જાહેર કર્યો છે. એટલે લાલના સરમાં 'ગ્રાન્ડ સ્લામ' તેઓએ કરવાનો છે; યા તો **લાલના સરમાં તેને તેર હાથ કરવાના છે. પહેલી ઊતર, પશ્ચિમની છે અને તે ♣Q (કુલ્લાંની રાણી) પ્રથમ રમે છે.** ઉત્તમ કોટિના બચાવ સામે, ઉત્તર દક્ષિણે તેરે તેર હાથ કરવાના છે. તો તે શી રીતે થાય?

આવા પ્રશ્નોમાં બે ત્રણ વિકલ્પો આવતા હોય તે, દરેક જવાબ મોકલનારે બરાબર બતાવવા જોઈએ બચાવ ઉત્તમ કોટિનો જ સમજવો. તા. ૩૧-૧૨-૫૯ સુધીમાં જેમના જે સાચા જવાબો મળશે તેમનાં નામ છાપીશું. જવાબ મોકલવાનું સરનામું: Sadhuram M. Dave, 33 Rithorden Road, Vepery Madras-7.

અનુસંધાન] **દ્વીપાન્વિતા** [પૃ. ૪૯૮થી

અમે ખૂંદી વળતા. દિવસો સુધી ખાધાપીધા વિના બસ માતૃભૂમિને મુક્ત કરવા અનેકાનેક યાતનાઓ વેઠી... એ કષ્ટ તે વખતે કષ્ટ નો'તું લાગતું. એ જ અમારું સાચું જીવન હતું, જીવતર અમારું ધન્ય હતું. પણ...'

એમની સુક્કી નિસ્તેજ આંખમાં આછી ભીનાશ પ્રગટી, અવાજ કંઈક કથળ્યો, ને તંગ બનેલી મુખરેખાઓ કંઈક નરમ બની. દ્વીપાન્વિતાએ પાણીનો ગ્લાસ ધર્યો અને એમની પાસે બેસી ઋજુતાથી એમનો નિર્જીવ હાથ પોતાના હાથમાં લઇને પંપાળવા માંડી. વૃદ્ધની આંખના ખૂણામાંથી એક આંસુ સરી પડ્યું, એમના મુખ ઉપર નરી નિઃસહાયતા હતી કે બીજું કંઇ તે મને ન કળાયું.

'બાપુ, આપણા મહેમાનો તો તમને મળવા આવ્યાં હતાં, હું જ અહીં એમને તમારી પાસે લઇ આવી હતી...' પણ એની એવી કોમળ વાણીની કંઈ અસર થાય તે પહેલાં મારા તરફ દૃષ્ટિ સ્થિર કરીને એ બોલ્યા, 'આ દીપી, એનું નામ દ્વીપાન્વિતા વિષ્ણુદાએ પાડેલું. એની મા સુવાવડની યાતનામાં સપડાઇને મૃત્યુ પામી ત્યારે હું તો આંદામાનની જેલમાં હતો. વિષ્ણુના ઘરનાંએ એને ઉછેરીને મોટી કરી. ત્યાં જેલમાં બેઠાંબેઠાં વિષ્ણુએ એનું નામ પાડયું 'દ્વીપાન્વિતા ભારતી'. દૂર દૂર એ આંદામાન, નિકોબાર, નીચે લંકા, અને પશ્ચિમમાં લક્ષદ્વીપ અને બેટદ્વારકા જેવા અસંખ્ય દ્વીપોથી વીંટળાએલી મા ભારતી! અમારાં મન-અંતરમાં સદા એ જ મૂર્તિ રમતી અને અમે ગાતાં, 'શા માટે મા તારાં શુષ્ક નયન? શા માટે મા તારા રૂક્ષ કેશ?!' અને અવનીબાબુના પેલા ચિત્ર જેવી સર્વાંગસંપૂર્ણ, સદાવાત્સલ્ય ઝરતી, વિદ્યાધારી અન્નપૂર્ણા મા ભારતીને જગવવા અમે સ્વપ્ન રચતા... પણ વર્ષોનો એ કાળો કારાવાસ, અનેકાનેક અત્યાચાર, એ ફાંસીના ગાળા, બધું જ જાણે મિથ્યા, બધું જ વ્યર્થ...!' દસ દસ વર્ષ થયાં દેશ આઝાદ થયો છે, પણ આ અમારી આઝાદી! કેમ એ આઝાદીનું અમને ગૌરવ નથી?' એમનો શ્વાસ રૂંધાતો હતો છતાં એ મારા તરફ આંગળી ચીંધીને બોલ્યા, 'એનું કારણ તમે છો કિશોરબાબુ, તમે અને તમારા જેવા સહસ્ર સહસ્ર યુવાનો. આઝાદી મળી ગઈ માનીને સુખસગવડનું જીવન ગોઠવવામાં પડી ગએલા પેલા આદર્શવાદી ધૂની યુવાનો—'

દ્વીપાન્વિતા કંઈક છોભીલી પડી ગઈ, હું મૂંઝાઇ ગયો, આવી કોઈ પરિસ્થિતિ માટે હું તૈયાર ન હતો, પણ ઊર્મિલાની આંખમાંથી આંસુ ઝરતાં હતાં, મૂકભાવે એ વૃદ્ધ પુરુષની વાતો તે આત્મસાત્ કરી રહી હતી.


પરંતુ અમારા કોઇના તરફ જોયા સિવાય, અમારી જુદીજુદી લાગણીની પરવા કર્યા સિવાય એ આગળ બોલ્યે ગયા, 'જાણો છો કિશોરબાબુ? આવી નિર્બળ અવસ્થામાં, અકાળ વાર્ધક્ય ભોગવતાં મારાથી બીજું કાંઇ થઈ શકતું નથી, અને મનોમન એક વસવસો મને રંજાડયા કરે છે. થાય છે કે માસ્તર દા ગયા, જતીન દા ગયા, ભગતસિંગ, ખુદીરામ અને બીજા સેંકડો ગયા, એક હું... હું શા માટે આ આઝાદી જોવા માટે જીવતો રહ્યો?'

'આ' ઉપરનો એમનો ભાર વિચિત્ર હતો અને એનો પ્રત્યાઘાત હું જીરવીને સ્વસ્થ થાઉં તે પહેલાં પોતાના બંને હાથે પિતાને આવરી લેતી એ સૂકી પાતળી યુવતી આર્દ્રતાથી બોલી ઊઠી: 'ન હિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ' એવો મંત્ર આપનાર બાપુ તમે... તમે આવું બોલો છો? બહુ અકળાયા છો કે શું?' વૃદ્ધ પિતાના રુગ્ણ શરીર ઉપર વધુ કોમળતાથી હાથ ફેરવતાં વળી એ બોલી, 'દિવસ ને રાત, અરે હું દસ વરસની થઈ ને તમે લાંબા કારાવાસમાંથી છૂટીને આવ્યા ત્યારથી મારા જીવનની ક્ષણક્ષણ, તમારી હૂંફ આપી મને મોટી કરતાં મને, અને મારા જેવાં અનેકને, તમે જે કંઇ પીરસ્યું છે એ વ્યર્થ નહિ જાય.' પછી ઝડપથી મારી સામે જોઈ લેતાં એણે છેવટે ઉમેર્યું, 'બીજાઓને ભલે થાક ચડયો હોય, પણ તમારાં આદર્યાં અમે અધૂરાં નહિ રાખીએ, એટલો સરખો ભરોસો પણ અમારામાં નહિ રાખો, બાપુ?'

સમરેશ ચક્રવર્તીના મુખ ઉપર તે પછી પ્રગટેલું પ્રફુલ્લિત સ્મિત, આંખના ખૂણા પાસેની કરચલીમાં સુકાઈ ગએલું અશ્રુબિન્દુ અને દ્વીપાન્વિતાના કોમળ હાથમાં સોંપાએલો એમનો નિર્બળ હાથ— વાયર ઉપર ઝૂલતા વીસ કૅન્ડલ-પાવરના બલ્બને અજવાળે એ ચિત્ર અનિમેષ નજરે જોવા હું ઇચ્છતો હતો, પણ મારી દૃષ્ટિ વળી વળીને એ ચિત્રથી દૂર સરી જવા, સંતાઈ જવા, ખોવાઈ જવા ઝાંવાં નાખતી હતી; પાલવથી આંસુ લ્હોતી ઊર્મિલા તરફથી અવલંબનની કોઈ આશા ન હતી. અને... અને મારા જમણા પગનો અંગૂઠો પાની નીચેની ભોંય ખોતરવાના મિથ્યા પ્રયત્નમાં લાગી ગયો......

એ વાતને દિવસો વીતી ગયા. તે પછી સમરેશબાબુના ઘર પાસેથી પસાર થતાં હું બીજી બાજુ જોઈ લઉં છું; દ્વીપાન્વિતા સામેથી ચાલી આવતી હોય તો હું આડો ફંટાઉં છું.

અનુસંધાન] **ડૉ. સેમ્યુઅલ જ્હૉન્સન** [પૃષ્ઠ ૪૯થી



ડૉ. જ્હૉન્સન અને બૉઝવેલ (સેમ્યુઅલ કૉલિગ્સનું આલેખન)

જ્હૉન્સનની રીતભાત જોકે બેહૂદી ને તેનું વર્તન ઘણે અંશે આપખુદ હતું; પરતુ સાથોસાથ તેનું હૃદય કોમલતમ હતું. તેનું પોતાનું ઘર વર્ષો સુધી અનેક ત્રાહિત, દુઃખી, દીન વ્યક્તિઓનો વિસામો બની રહ્યું હતું. સવારે ફરવા નીકળે ત્યારે રસ્તા પર ઊંઘતાં અનાથ બાળકોના હાથમાં તે પેનીઓ મૂકતો જતો, જેથી તેમની સવારના નાસ્તાની ચિંતા તો ટળે. જ્હૉન્સનના ચારિત્ર્યનાં સૌથી આગળ તરી આવતાં લક્ષણો છે પ્રામાણિકતા અને ધૈર્ય. આ ગુણો તેની સાહિત્યકૃતિઓમાં પણ અનેક રીતે મુદ્રિત થએલા જોવામાં આવે છે. તેના બાહ્ય દેખાવ વિષે બૉઝવેલ રચિત તેના ચરિત્ર **'ધ લાઈફ ઑવ ડૉ. જ્હૉન્સન'**માંથી ઘણી વિગતો જાણવા મળે છે: મોટું બિહામણું સ્વરૂપ, કંઠમાળને લીધે બેડાળ બનેલો ચહેરો, ઓછું ને ઝાંખું ભાળતી ચૂંચી આંખો, આવેશયુક્ત તૂટકતૂટક હલચલ, ઘેરો ઘોઘરો અવાજ, ઓળાયા વિનાના ઘાઘા જેવા માથાના વાળ ને વિગ; અને વાતચીત વસ્તુતત્ત્વ, બળ, બુદ્ધિ, તર્કશક્તિ અને પૂર્વગ્રહથી યુક્ત,—**સબળ, સઘન અને જાજરમાન. ખાણી-પીણીનો તેને જબરો શોખ હતો, અને ચાનો તો એ ગજબ-નો રસિયો હતો.**

જ્હૉન્સનને અંગ્રેજી સાહિત્યમાં અજર-અમર કરનાર છે તેની ખાસ કરીને બે કૃતિઓ: એક તો અંગ્રેજી ભાષાનો કોશ અને બીજી 'લાઈવ્ઝ ઑવ ધ પોએટ્સ'. 'લાઇવ્ઝ ઑવ ધ પોએટ્સ'માંનાં કેટલાંક ચરિત્ર જ્હૉન્સનના પૂર્વગ્રહને કારણે અવાસ્તવિક બન્યાં છે, વિવેચન પણ સમગ્રપણે સાહિત્યન્યાયી થયું નથી; પરતુ એ સિવાયનાં તેમના પ્રકાર-રીતિમાં સંપૂર્ણ, સમગ્રદર્શી તથા ઓછી આડંબરી અને વધુ સાહજિક તથા તેની પૂર્વેની કૃતિઓ કરતાં વધુ જીવંત શૈલીમાં લખાએલાં છે. જ્હૉન્સનની સઘન વિવેચનાની છાપ તેમાંથી વાચક ઝીલે છે.

પોતાના યુગબળનાં સર્વસામાન્ય લક્ષણો—પ્રાણવાન અર્થબોધ અને પ્રજાગૃત સંવેદનશીલતા—ડૉ. જ્હૉન્સને કોઈ પણ સાહિત્યકાર કરતાં વધુ પ્રમાણમાં આત્મસાત્ કર્યાં છે. તે એક સાહિત્યલેખક કરતાં સવિશેષ તો એક સાહિત્યવ્યક્તિ તરીકે અંગ્રેજી સાહિત્યમાં જીવે છે. તેના વર્તુળના સાહિત્યકારો કરતાં એક લેખક તરીકે તેની કક્ષા નીચી છે. તેના ગદ્યમાં ફીલ્ડિંગનો પ્રાણપ્રબકાર નથી, ગોલ્ડસ્મથની આનંદાનુભૂતિ નથી, ગિબનની ધીરગંભીરતા નથી કે બર્કની વાક્ચાતુરી નથી; છતાં એ સહુ કરતાં એક સાહિત્યવ્યક્તિ તરીકે તેની શક્તિ અનેકગણી વિશેષ—પરાકાષ્ઠા રૂપ છે, અને તેના સમકાલીન તેજસ્વી સાહિત્યકારોના મંડળનો તે ધ્રુવતારક બની રહે છે. જ્હૉન્સનની સાહિત્યસેવાનું મૂલ્યાંકન તેણે શું 'કર્યું' એ કરતાં તે શું 'હતો' એમાં સવિશેષ છે.

અંગ્રેજી ભાષામાં ચલણી બનેલી જ્હૉન્સનની ઉક્તિઓ

બે અંગ્રેજો મળે એટલે તેઓ સૌપહેલી વાત કાઢશે હવામાનની.


જે લંડનથી કંટાળેલો છે તે જિંદગીથી કંટાળેલો છે.


પત્ની સંસ્કૃત-પ્રાકૃતમાં વાતો કરે તે કરતાં પાટલા પર ભર્યું ભાણું પીરસે, એ પુરુષને વધુ પસંદ હોય છે.

સ્ત્રીના ઉપદેશ એટલે કૂતરાની પાછલા પગની ચાલ. કૂતરો પાછલે પગે બરાબર ચાલી શકતો નથી, અને કદાચ ચાલે તો યે તમને એનું આશ્ચર્ય થયા વગર ન રહે.

માણસ ભલે દુનિયા આખી ઘૂમી આવે, પણ ભોજન કરતાં ભાવતી બીજી કોઈ વસ્તુ તેને ક્યાં યે નહિ મળે.

ઢીલાં કપડાં પહેરવાથી જો સ્વર્ગમાં સ્થાન મળી જતું નથી, તો લાલચટક કપડાં પહેરવાથી યે નથી મળી જતું.





A
DICTIONARY
OF THE
ENGLISH LANGUAGE
IN WHICH
The WORDS are deduced from their ORIGINALS,
AND
ILLUSTRATED in their DIFFERENT SIONIFICATIONS
BY
EXAMPLES from the best WRITERS.
TO WHICH ARE PREFIXED,
A HISTORY of the LANGUAGE,
AND
AN ENGLISH GRAMMAR.
BY SAMUEL JOHNSON, A.M.
IN TWO VOLUMES.
VOL. I.
LONDON,
MDCCLV.

ડૉ. જ્હૉન્સનની છેલ્લી પ્રાર્થના તેના હસ્તાક્ષરોમાં. (જમણી બાજુ) તેની કીર્તિદા બનેલા અંગ્રેજી ભાષાના ઐતિહાસિક શબ્દકોશ (ઈ. ૧૭૫૫)નું મુખપૃષ્ઠ.



શોક ને મોહ સરી પડ્યા,
લાધ્યાં સ્નેહ ને કલ્યાણ;
ઝોળી ભરી ભરી લાવીએ,
અમને ચાખવાની આણ.

ન્હાનાલાલ

અમેરિકાનો પુરોધા સાહિત્યસર્જક વૉશિંગ્ટન ઇરવિંગ

આજે અમેરિકન સાહિત્યનું વિશ્વસાહિત્યમાં મૌલિક અને આગવું સ્થાન છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે અમેરિકન સાહિત્યને માટે વિશ્વસાહિત્યમાં માગ મુકાવનાર સર્વપ્રથમ અમેરિકન પ્રશિષ્ટ લેખક વૉશિંગ્ટન ઇરવિંગને થઇ ગયે માત્ર એક સૈકો જ હજુ વીતે છે. જગતના સાહિત્યનો રસિયો કોઇ પણ વાચક તેની 'રિપ વાન વિંકલ' અને 'લિજેન્ડ ઑવ ધ સ્લીપી હૉલો' જેવી કહાણીઓના નર્મલલિત સ્વપ્નિલ આનંદનો રસળતો પ્રસન્ન અનુભવ કર્યા વિના રહી ન શકે. અમેરિકાના અનેક સાહિત્યપ્રકારોનું ક્ષેત્ર ઈરવિંગના સફળ પ્રયત્નો દ્વારા જ ઉદ્‌ઘાટિત થયું અને વિકસ્યું. આ ૨૮મી નવેમ્બરે જગતસમસ્તે અમેરિકાના એ પુરોધા અને સમર્થ સાહિત્યસર્જકની ૧૦૦મી મૃત્યુતિથિ આદર-ભક્તિપૂર્વક મનાવી.

તેનો જન્મ સ્કૉટલંડથી ન્યૂ યૉર્ક સ્થાનાંતર કરી ગએલા સ્થિતિસંપન્ન વેપારી પિતાને ત્યાં ઈ. સ. ૧૭૮૩ની ૩જી એપ્રિલે થયો હતો. નાનપણથી તેની તબિયત ઘણી નાજુક રહેતી. શિક્ષણ પણ તેણે ત્રૂટકત્રૂટક જ લીધું હતું. તો વળી બીજી તરફ પિતાની સુંદરભવ્ય લાઇબ્રેરીનો તે ગ્રંથકીટ વાચક હતો. આમ તેનો સાહિત્યરસ નાનપણથી જ સ્વાભાવિકપણે પોષાઇને વિકસ્યો હતો. ઈ. ૧૭૯૯થી તેણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો; પરંતુ ક્ષયની આશંકા જાગતાં એ છોડીને સ્વાસ્થ્ય માટે તેને યુરોપની સફરે ઊપડવું પડ્યું. ૧૮૦૬માં ન્યૂ યૉર્ક આવીને તેણે કાયદાની પરીક્ષા પણ આપી, પરંતુ વકાલતની ખાસ પ્રૅક્ટિસ ન કરતાં ભાઇઓની લોખંડના સામાનનો જંગી વેપાર કરતી પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયો.

દરમ્યાન તેની સિસૃક્ષા સાકાર સ્વરૂપ લેતી જતી હતી. ૧૮૦૭માં તેનો 'સાલ્માગુંડી' નામનો આનંદપ્રેરક નર્મલેખોનો સંગ્રહ બહાર પડ્યો. તેની કીર્તિને પવનવેગે પ્રસારતું બીજું પ્રકાશન હતું 'એ હિસ્ટરી ઑવ ન્યૂ યૉર્ક બાય ડાયેડ્રિક નિકરબૉકર' (૧૮૦૯). આ પુસ્તકમાં તેણે અમેરિકાના ડચ વસાહતીઓના પ્રયત્નોને હળવી કલમે આલેખ્યા છે, ઉપરાંત અમેરિકાની સ્વીય સંસ્કૃતિની પૂર્વકલ્પના યે તેણે કરી છે. કવિ લૉર્ડ બાયરન તથા કવિ-નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટ તેની આ સાહિત્યકૃતિથી ઘણા જ પ્રભાવિત થયા હતા. ઇરવિંગની આ કૃતિ એ પ્રશિષ્ટ અંગ્રેજી સાહિત્યનો અચ્છો નમૂનો ગણાય છે. ૧૮૧૫માં તેણે યુરોપની બીજી સત્તર વર્ષની સફર કરી, તેમાં ઇંગ્લંડમાં કવિ ટૉમસ કૅમ્પબેલે તેને ઉમળકાભર્યો આવકાર આપ્યો, ઍબૉટ્સફર્ડ ખાતે સર વૉલ્ટર સ્કૉટની ચાર દહાડાની હૂંફાળી યજમાનગીરી પણ માણી.



૧૮૧૮માં પોતાની વેપાર-પેઢી ભાંગી પડતાં હવે સાહિત્ય સર્જનને જ તેણે પોતાનું જીવન અર્પણ કરી દીધું. ૧૮૧૯માં તેની કીર્તિદા

આપણાં જીવજંતુ : ૨૪

તીતીઘોડો



તીડ જેટલું તીતીઘોડાનું નામ આપણને પરિચિત નથી. પણ વસ્તુતઃ તીડ એ તીતીઘોડાની જ એક જાત છે. તીતીઘોડો કદમાં કંઈક મોટો ને દેખાવે બિહામણો. મોટા માથામાં બે મોટી આંખો ને મધ્યમસરની બે સ્પર્શેન્દ્રિયો–મૂછો. મૂછના મૂળમાં બે નાનકડી આંખો. મોટી આંખો દૂરનું જોવા માટે અને નાની નજીકનું. આંખો માથા બહાર ઊપસી આવેલી હોવાથી તેની મદદથી માથું ફેરવ્યા વિના પાછળ પણ જોઈ શકે. ઊધઈ, ચમરી, વંદો વગેરે જંતુઓની પેઠે મોંનો ઉપયોગ ખોરાકને કાતરી ખાવામાં કરે.

બીજાં જીવડાં પેઠે તેને પણ છાતીના ત્રણ ભાગ હોય છે. એ દરેક પર એકએક જોડ પગ, અને વચ્ચે બે જોડ પાંખ. પગ સાંધાવાળા. પાછલા પગ તો ઘણા મોટા ને મજબૂત. પગ ઉપર કાંટા. આગળની પાંખ સાંકડી ને જાડી, પાછળની પાંખ પાતળી ને અબરખ જેવી પારદર્શક. બેસે ત્યારે આગળની પાંખ ઢાંકી દઈ બંને પાંખ સંકેલી લે.

લાંબા ને જાડા પેટે દસથી અગિયાર સાંધા, દરેક પર શ્વાસ લેવાનું એકએક કાણું. પેટના પહેલા સાંધાની બંને બાજુએ એકએક કાન. પાછલા પગ ઉપર ખરબચડી કાકર, જેને આગલી પાંખના છેડા સાથે ઘસી કાન ફાડી નાખે એવો તીવ્ર અવાજ પેદા કરે.

ડાંગર, ઘઉં, બાજરી, શેરડી જેવી વિવિધ વનસ્પતિ પર જુદીજુદી જાત અને રંગના તીતીઘોડા થાય છે. ખાઉધરો ખૂબ. આખો દિવસ ખા ખા જ કર્યાં કરે. વનસ્પતિનાં પાન એ તેનો ખોરાક. ત્રણ ઇંચનો તીતીઘોડો પાંચ ફૂટ જેટલો મોટો કૂદકો મારી શકે!

પેટના છેડાના અણીદાર અવયવો વડે જમીનમાં ઊંડું કાણું પાડી તેમાં આખું પેટ ઘાલી દઈ માદા ચોખાના દાણા જેવાં લંબગોળ ૫૦-૧૦૦ જેટલાં ઇંડાં મૂકે અને પછી કાણું પૂરી દે. ત્યાં ઈંડાં વરસ આખું પડ્યાં રહે. બચ્ચાં મોટાં થાય તેમ શરીર પરની કાંચળી ઉતારતાં જાય. છ વખત કાંચળી ઉતાર્યાં પછી પાંખ આવે, ને ચાર મહિનામાં તો બચ્ચાં મોટાં અને પુખ્ત થઈ જાય.

ટપાલખાતાના ઊંદરડા

ઑક્ટોબર અંકમાં અમે આ વિષયમાં પ્રસિદ્ધ કરેલા પત્રના અનુસંધાનમાં બીજા એક ગ્રાહકનો પત્ર નીચે આપીએ છીએ :

'ગ્રાહક નં. ૮૪૫, શ્રી કાઠિયાવાડ ભાટિયા વિદ્યાર્થીભવન, (રાજકોટ). સવિનય નિવેદન કે ૧૯૫૯ના માહે ઑગષ્ટ અને સપ્ટેમ્બર એમ બે માસના સળંગ અંક નં. ૪૨૮ અને ૪૨૯ આજ તા. ૨-૧૦-૫૯ સુધીમાં અત્રે મળેલ નથી.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન અમદાવાદથી અહીં મોકલાતાં માસિક ('અખંડ આનંદ' ગ્રાહક નં. ૬૫૦૩) અને પાક્ષિક ('લોક-જીવન' ગ્રાહક નં. ૧૦૩૦) કોણ જાણે કેમ અને ક્યાં ગુમ થાય છે, અને એ વિષે (i) રાજકોટ હેડ પોસ્ટ ઑફિસને તથા (ii) રાજકોટ વિભાગના પોસ્ટલ સુપરિ૦ સાહેબને ત્રણેક વખત પત્રો લખવા છતાં આ સ્થિતિ ચાલુ છે.

એટલે આ બાબતમાં રાજકોટ ખાતેના આપના સ્થાનિક એજન્ટ પાસેથી ઉક્ત બે અંકો તેમજ તે પછીના અંકો અમને અહીં દર માસે નિયમિત મળે એવી ગોઠવણ કરવા વિનતિ છે, જેથી પ્રસ્તુત બાબતમાં પોસ્ટ ખાતાની ગરબડને લીધે આપને તકલીફ આપવી પડે નહિ. —જયંત ઉપાધ્યાય, સુપરિન્ટેન્ડેન્ટ.'

આ વિષય પરત્વે અગાઉ અમે લખ્યું છે તેમાં અમારે કશું ઉમેરવાનું નથી. રાજકોટમાં અમારે કોઈ એજન્ટ નથી. પણ આ દૂષણ દૂર કરવા માટે એજંટોનો આશરો લેવામાં તો બંને પક્ષને નુકસાન છે: અમને ખર્ચ વધશે અને ગ્રાહકોએ અંકો મેળવવાની વ્યવસ્થા કરવી પડશે. એના કરતાં તો જોરભેર ઝુંબેશ ઉપાડીને ટપાલખાતામાં પેઠેલા ઊંદરોનો ઉપાય કરવો જોઇએ.

'ધ સ્કેચ-બુક' બહાર પડી, જેમાં 'રિપ વાન વિંકલ' તથા 'ધ લિજેન્ડ ઑવ ધ સ્લીપી હૉલો' જેવી મર્માળી હાસ્યવાર્તાઓ તથા બીજાં ફુટકળ લેખો-નોંધોનો સમુચ્ચય છે. સંગીતમય ને તાલબદ્ધ શૈલી, શાંત મર્માળું હાસ્ય અને સ્વપ્નિલ આનંદ ધરાવતી ઉપર્યુક્ત બંને વાર્તાઓ આજ સુધી અમેરિકાનું લોકકથાનક જ બની રહી છે. ઇરવિંગની પરિપક્વ હાસ્યવૃત્તિનું એ બંને વાર્તાઓ ઉમદા પ્રમાણ છે. આ પુસ્તકે ઈરવિંગને ઍટલાન્ટિકની બંને બાજુઓએ–અમેરિકા અને યુરોપમાં–એકસરખો સાહિત્યયશ અપાવ્યો. ૧૮૨૨માં તે પૅરિસ ગયો, જ્યાં તેણે 'બ્રેઈસબ્રિજ હૉલ', અને તે પછી ૧૮૨૪માં 'ટ્રેઈલ્સ ઑવ એ ટ્રાવેલર' લખ્યાં. ૧૮૨૬માં મૅડ્રિડ ખાતેના અમેરિકન પ્રધાને કોલંબસને લગતાં ભાષાંતરો દ્વારા પોતાને મદદ કરવા તેને બોલાવ્યો. આ ભાષાંતરોએ સાહિત્યનું નહિવત્ ખેડાએલું નવું જ ક્ષેત્ર ઇરવિંગ માટે ખોલી આપ્યું. પરિણામે અનેક રોમાંચક ને રંગદર્શી સત્યકથાઓ મળી : 'હિસ્ટરી ઑવ ધ લાઈફ ઍન્ડ વૉયેજીઝ ઑવ કોલંબસ' (૧૮૨૮), 'ધ કૉન્ક્વેસ્ટ ઑવ ગ્રૅનેડા' (૧૮૨૯), 'વૉયેજીઝ ઑવ ધ કમ્પેનિયન્સ ઑવ કોલંબસ' (૧૮૩૧), 'ધી આલ્હમ્બ્રા' (૧૮૩૨), 'લિજેન્ડ્ઝ ઑવ ધ કૉન્ક્વેસ્ટ ઑવ સ્પેઈન' (૧૮૩૫), અને 'મોહમત ઍન્ડ હિઝ સક્સેસર્સ' (૧૮૪૯).

૧૮૨૯માં તે ફરી ઇંગ્લંડ ગયો. અહીં લંડન ખાતેના અમેરિકન પરદેશી એલચીખાતાના સેક્રેટરીની કામગીરી બજાવી, અને રૉયલ સોસાએટી ઑવ લિટરેચર તરફથી ચન્દ્રક તથા ઑક્સફર્ડ તરફથી એક માનદ ડિગ્રી મેળવી. ૧૮૩૨માં તે અમેરિકા પાછો ફર્યો. ખાસ અમેરિકન પ્રજાને ખુશ કરવા માટે તેણે 'એ ટૂર ઑન ધ પ્રેરીઝ' લખેલું, જે ૧૮૩૫માં પ્રસિદ્ધ થયું ૧૮૪૨માં તે સ્પેઇન ખાતેનો પ્રધાન નિમાયો, જે પદે ૧૮૪૬ સુધી રહ્યો. એ જ વર્ષે અમેરિકા આવીને તેણે 'લાઇફ ઑવ ગોલ્ડસ્મિથ' પ્રકટ કર્યું. 'વુલ્ફર્ટ્સ રૂસ્ટ' (૧૮૫૫) એ તેની કહાણીઓ અને નિબંધોનો સંગ્રહ છે. 'લાઇફ ઑવ વૉશિંગ્ટન' (૧૮૫૫-૯) એ તેની ચરિત્રલેખનકલાના સુંદરતમ ઉદાહરણ રૂપ શિરટોચ કૃતિ છે.

તે આજીવન અવિવાહિત રહ્યો હતો, અને આમ તેની યુવાનીની પ્રેયસી માટિલ્ડા હૉફમન (જેની સાથે તેની સગાઇ થએલી તે) અચાનક અવસાન પામતાં તેની સ્મૃતિને એ આખર સુધી વફાદારપણે વળગી રહ્યો હતો. ઈ. ૧૮૫૯ ની ૨૮મી નવેમ્બરે અમેરિકાના આ પુરોધા સાહિત્યકારનું અવસાન થયું.

જે વિષયને ઇરવિંગ સ્પર્શતો તેમાં એ નિજી કલ્પના તથા ઉન્મેષયુક્ત લલિત બાની અને નવતર શૈલી વડે આનંદ રેલાવી શકતો. અને તેની આ શક્તિએ અમેરિકન સાહિત્યને વિશ્વસાહિત્યમાં પ્રથમ વાર કાયમી સ્થાન અપાવ્યું. અમેરિકન સાહિત્યનાં આગળ તરી આવતાં લક્ષણો પૈકીનું હાસ્યવૃત્તિ એ પ્રધાન છે. તેનો વિકાસ જોકે થયો મોડો-મોડો, પરતુ એ પહેલાં વૉશિંગ્ટન ઇરવિંગે પોતાના સફળ પ્રયત્નો દ્વારા તેના શ્રીગણેશ માંડી દીધા હતા. અમેરિકન સાહિત્યનો ઈરવિંગ સર્વપ્રથમ વાર્તાકાર, તેનો સર્વપ્રથમ લલિત નિબંધકાર, તેનો સર્વપ્રથમ પ્રથિતયશ હાસ્યકાર, તથા તેનો લગભગ સર્વપ્રથમ જીવનચરિત્રકાર અને ઇતિહાસકાર પણ છે.

ક્ષારીય જલ

જગતભરમાં ચેકોસ્લોવાકિયા, આરોગ્યદાયક પાણીના પુષ્કળ ઝરાઓ ધરાવતા દેશ તરીકે જાણીતો છે. આ નાનકડા દેશમાં, નહિનહિ તો યે ૫૬ કરતાં યે વધુ આવા ઝરાઓ છે. એ સિવાયનાં બીજાં આરોગ્યધામો તો વળી પાછાં જુદાં. કુદરતીરીતે જ આરોગ્ય બક્ષે એવા ક્ષારીય જલવાળા અનેક ઝરાઓ ત્યાં છે. તેના પાણીમાં રોગ હરી લેવાની શક્તિ અને થાક ઉતારી નાખે એવો ગુણ છે. આ ઝરાઓનો સ્નાન અને અંતઃશ્વાસ માટે ખાસ ઉપયોગ થાય છે.

ચેકોસ્લોવાકિયાના લગભગ બધા જ ઝરાઓનાં પાણીમાં ખનિજ દ્રવ્યો છે, જે માનવશરીર માટે ઘણાં અસરકારક છે. એ જ ખનિજ દ્રવ્યો આમ તો ખોરાક અને ઔષધોમાં પણ હોય છે, છતાં ક્ષારીય જલમાં એ જે રીતે ભળી ગએલાં છે તેથી ખૂબ અકસીર નીવડે છે. તેમાં ઍસિડ કાર્બોનેટ્સ, ક્લોરાઇડ વગેરે તો હોય જ છે, પણ સોડિયમ, કૅલ્શ્યમ ને મૅગ્નેશીઆ ઉપરાંત લોઢું, પોટૅશ્યમ, મૅંગેનીઝ, તાંબું, કોબાલ્ટ અને ફૉસ્ફરસ જેવાં ખનિજ દ્રવ્યો પણ તેમાં મળી આવ્યા છે. ચેકોસ્લોવાકિયામાં આરોગ્યપ્રદ તત્ત્વોવાળાં એટલી બધી જાતનાં તો ક્ષારીય જલ છે કે જેટલાં જગતના બહુ ઓછા દેશોમાં મળ્યાં છે.

તબીબી માવજત માટે ઉત્તમ એવું આ ઝરાઓનું પાણી સઘળા પ્રકારના દરદીઓને આપવામાં આવે છે. વળી આ ઝરાઓ રમણીય વાતાવરણમાં આવેલા હોવાથી દરદીનું મન માંદગીમાંથી રાહત સાથે પ્રસન્નતા અનુભવે છે. સાજા થઈ ગયા પછી પણ દરદીઓ એ પીવાનું ચાલુ રાખે છે અને તે માટે ચેકોસ્લોવાકિયાના ક્ષારીય જલની જગતના બીજા દેશોમાં મોટા પાયા પર નિકાસ કરવામાં આવે છે.

ભોજનમાં પણ આ પાણીનો સાદા પીણા તરીકે ઉપયોગ થાય છે. તેમાં રહેલી સુવાસ અને ખાસ કરીને તેમાંના કાર્બન ડાયોક્સાઇડ દ્રવ્યને કારણ તે ખૂબ લોકપ્રિય થયું છે, જેની પ્રતીતિ તેના વધતા જતા ઉત્પાદન ઉપરથી મળે છે, કે ૧૯૪૮થી ૧૯૫૮ સુધીમાં તેના ઉત્પાદનમાં ૪૫૬ ટકા જેટલો વધારો થયો છે. આજે જગતભરમાં કેફી પીણાંઓનો વપરાશ વધી ગયો છે અને કેટલાક દેશો કેફી પીણાંના વપરાશને

ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છે. તેના અનુસંધાનમાં ચેકોસ્લોવાકિયાના ક્ષારીય જલનો કેફી પીણાંની જગ્યાએ ઉપયોગ થવા માંડ્યો છે અને તેથી તેની માંગમાં વધારો થતો જ જાય છે.


આ માંગ પૂરી પાડનાર ચેકોસ્લોવાકિયાના ઉત્પાદકો તેને વધુ ને વધુ રોચક બનાવવાના સતત પ્રયાસો કરતા આવ્યા છે અને તેને વધુ સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં જુદાંજુદાં ફળોનો રસ પણ ભેળવવામાં આવે છે.

દશાદેશ: 'ટેન કમાન્ડમેન્ટ્સ'

માનવજીવનની ઉન્નતિના પ્રબોધનો વ્યાપક પ્રેરક પ્રભાવ બે ધર્માદેશોએ પાડ્યો છે: એક તો ઈસુ ખ્રિસ્ત પહેલાં હજાર વર્ષે થઈ ગએલા મહાત્મા મોઝિઝને વિશ્વકલ્યાણ માટે મળેલા ઈશ્વર-પ્રેરિત દશાદેશો (ટેન કમાન્ડમેન્ટ્સ) એ અને ભગવાન બુદ્ધે ઉપદેશેલા પંચશીલે.

'દશાદેશ'નું પાલન એ પ્રત્યેક ખ્રિસ્તીનું પહેલું કર્તવ્ય ગણાય છે. વસ્તુત: તો માનવજીવનનાં ઉત્થાન અને ઉન્નતિનુ સનાતન સત્ય તેમાં સમાએલું છે, જેથી કોઈ એકાદા ખ્રિસ્તીની નહિ પરંતુ માનવમાત્રની તે સમજવાની અને આચારમાં મૂકવાની ફરજ બની રહે. ભગવાન બુદ્ધના પંચશીલમાં અને આધુનિકયુગમાં ગાંધીજીએ આપેલાં એકાદશ વ્રતમાં આ દશાદેશનું સામ્ય છે, એનું આશ્ચર્ય ન હોય.

મહાત્મા મોઝિઝની વાત બાઈબલમાં આવે છે. હિબ્રૂ પ્રજાના તારણહાર અને ધર્માદેશક તરીકે ઇતિહાસ તેમને ઓળખે છે. ઇજિપ્તવાસી હિબ્રૂઓને પશુ કરતાં યે બદતર ગુલામ દશામાં રાખતા ગુમાની અને આતતાયી ઇજિપ્ત-સમ્રાટ 'ફેરૂ' સામે જિંદગી હોડમા મૂકી દઈને મહાન ક્રાંતિકારક બળવો પોકારનાર એ મહાત્માએ ફેરૂને અનેક વિરલ ચમત્કારો દેખાડીને, આખરે હિબ્રૂ લોકોને ઈજિપ્તમાંથી મુક્તિ અપાવી, એ સ્થાનાંતર પ્રાચીન પ્રજાઓના ઇતિહાસમાં વિરલ અને ભવ્ય ગણાય છે. વાટમાં તેમને નડેલી અનેક પ્રકારની જીવલેણ હાડમારીઓમાં મોઝિઝની અટલ ઈશ્વરાસ્થા તેમને ખુવારીમાંથી પળેપળે બચાવતી રહી. એ પછી અધવચ્ચે મોઝિઝને સિનાઈ પર્વત પર જવાની આત્મસ્ફુરણા થતાં તે ત્યાં ગયા, જ્યાંથી તેમને ઈશ્વરની દિવ્ય પ્રેરણારૂપ, બે શિલાઓ પર દિવ્ય જ્યોતિ દ્વારા કોરાએલા માનવ-કલ્યાણના મૂળભૂત દસ સિદ્ધાંતો—દશ આદેશ મળ્યા.



ઈશ્વરપ્રેરિત દશ આદેશો (ટેન કમાન્ડમેન્ટસ)નું વિશાળકાય સ્મારક. એ દશાદેશ આ પ્રમાણે છે: (૧) તારે ઈશ્વર એક છે, અને તે હું, બીજો કોઇ નહિ. (૨) તારે મારી કોઈ પ્રતિમા ઘડવી નહિ, કે, ઉપર સ્વર્ગમાં, કે નીચે પાતાળમાં, કે પૃથ્વી તળે પાણીમાં હોય તેવી કોઈ ભળતી ચીજની નહિ. તારે એને નમવું નહિ, કે એને ભજવી નહિ. (૩) તારે તારા ઈશ્વરનું નામ ફોગટ લેવું નહિ. (૪) સ્મરણમાં રાખ કે, સાબાથ-દિવસ (અઠવાડિયાનો છેલ્લો દિવસ, એ સમયની ગણતરી પ્રમાણે હાલનો શનિવાર) પવિત્ર રહે, છ દિવસ તારે પરિશ્રમ કરવો. સાતમે દિવસે તારે કોઈ રીતનું કામ ન કરવું, તારે અને તારા પુત્રે, અને તારી પુત્રીએ, તારા નોકરે અને કામવાળીએ, તારાં ઢોર-ઢાંખરે અને તારે ત્યાંના અજાણ્યાએ. (૫) તારા પિતાને અને તારી માતાને માન આપજે, જેથી ઈશ્વરે તને બક્ષેલી ભૂમિમાં તારા દિવસો લાંબા થાય. (૬) તારે હત્યા કરવી નહિ. (૭) તારે વ્યભિચાર કરવો નહિ. (૮) તારે ચોરી કરવી નહિ. (૯) તારે તારા પડોશી સામે ખોટી સાક્ષી કરવી નહિ. (૧૦) તારે તારા પડોશીના ઘરની તૃષ્ણા કરવી નહિ, તેના નોકરની નહિ, તેના બળદની નહિ, તેની માલિકીની કોઈ ચીજની નહિ.

પણ આ 'દશાદેશ'નું સૌથી વિરાટ સ્મારક અમેરિકામાં સ્થાપવામાં આવેલું ઉત્તર કૅરોલીના પ્રાંતમાં મર્ફી મુકામે છે. (જુઓ ઉપરનું ચિત્ર)

આ સ્મારક કોઇ એકાદ શિલામાં કોરેલું નથી. દસેદસ ધર્માદેશોનો એક-એક અક્ષર જબરી સફેદ શિલા પર કોતરીને એ શિલાઓને અક્ષર, શબ્દ અને વાક્યના ક્રમમાં ગોઠવવામાં આવી છે. પ્રત્યેક અક્ષરની ઊંચાઈ છ ફૂટ અને પહોળાઈ ચાર ફૂટ છે. ધર્માદેશોનો સંખ્યાક્રમ કૉન્ક્રીટમાં કતારવામાં આવ્યો છે. તેની ઊંચાઇ ૧૪ ફૂટ અને પહોળાઇ ૭ ફૂટ છે. આવડી મોટી શિલાઓમાં કોતરેલા આ ધર્માદેશ માત્ર આકાશમાં ઊંચેથી જ વાચી શકાય. માનવીની સરેરાશ ઊંચાઇ કરતાં વધુ ઊંચી એ શિલાઓ વચ્ચે માણસ પણ બરાબર દેખી ન શકાય!

આ દશાદેશમાં રહેલી—માનવકલ્યાણની ઉન્નત તેમજ સર્વસ્પર્શી ભાવનાથી પ્રેરાઇને તેનો વ્યાપક પ્રચાર કરવાના અનેક પ્રયત્નો થયા છે. તેમાં અમેરિકાના મેમ્ફિસ શહેરમાં ડબ્લ્યુ. આર. (બૉબ) પ્રાઇસનો પ્રયત્ન વિરલ છે. પોતાનો વ્યવસાય પણ છોડી દઇને આ દશાદેશનાં ખાસ તૈયાર કરાવેલાં સ્મારકો આખા અમેરિકામાં નજીવી કિંમતે વેચવાનો અને તે દ્વારા થતી આવકથી આ સ્મારકો જાહેર બાગોમાં મૂકવાનો તેણે ભેખ લીધેલો. મિસિસિપી નદીની અભિમુખ આવેલા મેમ્ફિસના કૉન્ફિડરેટ બાગમાં આવું એક સ્મારક તેણે સૌ પહેલું મુકાવ્યું. જેલખાનાં, દીવાનખંડો, દુકાનો અને ફૅક્ટરીઓમાં એમ બધે આવાં સ્મારકો મૂકવાની તેની મહેચ્છા હતી.

ભરૂચનું ફૂરજા બંદર

ભરૂચનો ફૂરજા બંદર રસ્તો એક જમાનામાં હજારો લોકોની અવરજવરથી ધમધમતો હતો. અહીં દેશવિદેશના વેપારીઓના આડતિયાઓની પેઢીઓ રહેતી. રોજરોજ લાખો રૂપિયાના સોદા થતા. નદીકિનારે હારબંધ ઊભેલાં જહાજો, ઉપર પોતપોતાના ફરકતા વાવટા, ખલાસીઓનાં ગીતો, માલની ચડ-ઊતર, એ બધું જેણે જોયું છે માણ્યું છે, એને ફૂરજા બંદરની આજની દશા જોતાં કેવો આઘાત લાગતો હશે?

અને ભરૂચના ફૂરજા બંદરની ઉપર કહેલી જાહોજલાલી આજથી

વીસ વર્ષ પહેલાં યે જોઈ અનુભવી શકાતી. ત્યારે અહીં બસરા અને ઇરાકથી હજારો મણના ખજૂરના વાડિયા ઊતરતા અને અહીંથી સમગ્ર રાજસ્થાન, મધ્ય ભારત તથા ગુજરાતને ગામડેગામડે રવાના થતા. ખજૂરની મોસમ–મહાફાગણમાં તથા આસો માસમાં ૨૦૦ જેટલા વહાણો અને કારતક-માગશર-પોષમાં ૧૦૦ જેટલાં ખજૂરના વાડિયા ભરેલાં વહાણો અહીં નાંગરતાં. એક વહાણમાં લગભગ ૨૪૦૦ થી ૩૦૦૦ મણ ખજૂર ઊતરતી. એટલે કે મોસમ દરમ્યાન ભરૂચ બંદરે દર વર્ષે લાખો મણ જેટલી ખજૂર ઊતરતી. જ્યારે આજે તો માંડ દસથી પંદર હજાર મણ જેટલી જ ખજૂર ઊતરે છે અને તેનું વેચાણ ભરૂચ જિલ્લાનાં ગામડાં પૂરતું જ મર્યાદિત છે. અહીં છાલાં સાથેનાં દસથી બાર કરોડ નાળિયેર મલબાર અને ગોવાથી આવતાં. જ્યારે આજે માત્ર એકથી દોઢ કરોડ જેટલાં જ નાળિયેર આવે છે. એક વહાણ નાંગરે એટલે લગભગ ૧૫૦ માણસોને જુદાંજુદાં કામો અંગે બે દિવસ સતત રોજી મળી રહેતી. નાળિયેરનાં છોલામાંથી દોરડાં વગેરે બનાવવાનો ઉદ્યોગ પણ મોટા પાયા પર ચાલતો. રૂની ગાંસડીઓ, રાજસ્થાન અને ઉત્તર ગુજરાતનું કઠોળ, ભરૂચ જિલ્લાના તેમજ આસપાસના વિસ્તારના કપાસિયા અને જિલ્લાના મુખ્ય પાક સમી લાંગની પણ અહીંથી મોટા પાયા પર નિકાસ થતી. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં ઉત્પન્ન થતું કઠોળ મોટે ભાગે મલબારમાં ખરીદાતું. આથી વેપારીઓ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાંથી કઠોળ ખરીદીને મલબારમાં પેઢી નાખી રહેતા. મોસમ વખતે રૂની અસંખ્ય ગાંસડીઓ અહીંથી મુંબાઈ બંદરે ઊતરતી. એની મોસમ ખૂલતી ત્યારે નદીકાંઠેથી પસાર થવું પણ મુશ્કેલ પડે એટલો માલનો ભરાવો રહેતો. છોટા ઉદેપુરના તથા રાજપીપળા...

પુરના તથા રાજલાઇનના જંગલ-વિસ્તારોમાંથી પહેલાં ઇમારતી લાકડાં, કોલસા, બળતણ વગેરે અહીંથી વહાણોમાં સૌરાષ્ટ્ર પહોંચાડાતાં, તે અવરજવર આજે સાવ બંધ થઈ ગઇ છે. આજે એ ફૂરજા બંદર ભૂતકાળની જાહોજલાલીનું એક માત્ર નામાવશેષ જ રહ્યું છે.

દેશવિદેશ અવરજવર કરતાં વહાણોની સંખ્યા અને માલની હેરફેર ઘટવાનું ખાસ કારણ નર્મદાનદીમાં ઠેરઠેર પડી ગએલા રેતીના પટો (સૅન્ડબાર્સ) છે. આને કારણે કોટિયા નદીમાં ફસાઇ જાય છે અને છીછરા પાણીને કારણે વહાણનાં બારવાળાં તળિયાં રેતીમાં ફસાઇ પડતાં પાણીમાં આવાં વહાણો ઊંધાં પડી જાય છે. પહેલાં નદીમાં ૮ રેતી-પટો હતો, જે વધીને આજે ૧૩ જેટલા બની ગયા છે. પરિણામે અવરજવર આદિનો દર ઘણો વધી જાય છે. ઈરાક-બસરાથી ભરૂચ આવતાં વહાણોને ભાવનગર કરતાં અંતર ઓછું કાપવું પડતું હોવા છતાં તેનો દર વધારે પડે છે. બીજું મોટામાં મોટું ભયસ્થાન છે ફૂકરવાડા પાસેનો નદીની અંદરનો વિસ્તાર. અહીં અવારનવાર વહાણો ઊથલી પડ્યાંના અનેક બનાવો નોંધાયા છે.

(લોકમત) —શાં. કે. કડિયા

હોમદ્રવ્યો

શાસ્ત્રોક્ત પૂજાવિધિ અનુસાર હવન કરતી વખત માટેનાં હોમદ્રવ્યો ચાર પ્રકારનાં હોય છે: (૧) સુગંધિત: કસ્તૂરી, કેસર, અગર, તગર, ચંદન વગેરે, (૨) પુષ્ટિકારક: ઘી, દૂધ, કંદ, અન્ન વગેરે, (૩) મિષ્ટ: સાકર, મધ, ખારેક, દ્રાક્ષ વગેરે, (૪) રોગનાશક: ગળો વગેરે.

નીચે એ વસ્તુનાં નામ અને ૧ મણે તોલાનું પ્રમાણ આપ્યાં છે:

તમાલપત્ર (૧૨), ગુલાબનાં ફૂલ (૨૦), લાલ મોટી દ્રાક્ષ (૩૦), દારુહળદર (૧૨), રાળ (૩૦), લજ્જાવંતી (૬), શિલારસ યા મૈયા (૧૨), ચીણીકબાલા (૧૨), જટામાસી (૧૨), ઉન્નાવ (૧૨), છરીલા (૧૨), ઇલાયચી (૧૨), કોપરું (૩૦), તાલીસપત્ર (૧૨), આમળાં (૧૨), બીલું (૧૨), દિયાર (૩૦), ગળો (૩૦), તુલસીનાં બીજ (૧૨), અગર (૧૨), તગર (૧૨), નાગકેસર (૧૨), ખારેક (૩૦), કેસર (૧), ઇંદ્રજવ (૧૨), ઓરકચૂરા (૧૨), બદામ (૧૨), ગૂગળ (૧૨), સીમળનો ગુંદર (૧૨), સફેદ, પીળું, રાતું, ચંદન (૩૬), લીમડાનાં પાતરાં (૩૦), જાયફળ (૧૨), જાવંત્રી (૧૨), ગૂગળની છાલ (૬૦), કુલીંજન (૧૨), કુટ (૧૨), સરસવ (૧૨), કાચકા (૧૨), કમળગટ્ટા (૧૨), સોપારી (૧૨), પિત્તપાપડો (૧૨), મજીઠ (૧૨), કપૂરકાચલી (૧૨), ભોંયરીંગણી (૧૨), વરિયાળી (૧૨), તજ (૧૨), અખરોટ (૧૭), કાળા તલ (૩૦), ગુલરની છાલ–સૂકી (૩૦), જેઠીમધનાં મૂળિયાં (૧૨), શંખપુષ્પી (૬), સરેડી યા શેરડી (૬), કરિયાતું (૧૯), ઘોડાવજ (૧૩), રેણુકબીજ (૬), વાળો (૧૨), વાવડિંગ (૧૨), કડવી પાડરનાં પાતરાં (૧૨), ચારોળી (૧૨), નાગરમોથ (૧૨), કવચનાં બીજ (૬), ગહુલા (૧૨), નિર્મળીફળ (૧૨), શતાવરી (૧૨), કોડિયો ધૂપ (૧૨), લવિંગ (૧૨), ગોખરુ (૧૨).

કેસરને ઘીમાં ખરલ કરીને ઓગાળીને ઉપયોગ કરતી વખતે નીચેની વસ્તુઓ ઉમેરવી: ખાંડ (૧૨૦), ગાયનું ઘી (ગોઘૃત) (૯૦), કપૂર (૨૪). આથી ઉત્તમ હવન-સામગ્રી તૈયાર થશે. (ગાયત્રી)

ગણિતગમ્મત

ગંજીપાનાં પાનાંનો એક સુંદર જાદુઇ પ્રયોગ નીચેના બીજ-ગણિતના સૂત્રથી થઈ શકશે. તમે બધાં પાનાં સામી વ્યક્તિને આપી દો અને તેને તે પાનાંની મન ફાવે તેટલી ઢગલીઓ કરવાનું કહો. જાદુઈ સૂત્રથી તમે તુરત જ દરેક ઢગલીના પ્રથમ (નીચેના) પાનાંનો સરવાળો કહી શકશો. સૂચના: ગુલામ, રાણી, રાજા અને દસ્સાના દસ પૉઇન્ટ; બાકીનાં પાનાંના જે છે તે જ અંક ગણવા. દરેક ઢગલીનાં પાનાંનો મુખ્ય સરવાળો એક જ હોવો જોઇએ.

દા. ત.: ધારો કે એક માણસ પાંચ ઢગલીઓ કરે છે, અને દરેક ઢગલીનો મુખ્ય સરવાળો દસ લે છે. તે જો પ્રથમ ઢગલી પંજાથી શરૂ કરે તો પાંચ (પછીના દરેક પત્તાનો એક જ) પૉઈન્ટ લઈ છ, સાત, આઠ, નવ અને દસ સુધી ગણી પ્રથમ ઢગલી પૂરી કરશે. આમ આ ઢગલીમાં ફક્ત છ જ પાનાં આવ્યાં.

બીજી ઢગલી જો તે સત્તા(૭)થી શરૂ કરે તો સાત, આઠ, નવ ને દસ સુધી ગણી ઢગલી પૂરી કરશે. આમ આમાં કુલ ચાર જ પાનાં આવ્યાં.

તે પ્રમાણે ત્રીજી, ચોથી અને પાંચમી ઢગલી જો તે અનુક્રમે રાણી, નવા અને ચોક્કાથી શરૂ કરે તો ત્રીજીમાં એક, ચોથીમાં બે ને પાંચમીમાં સાત પાનાં આવે.

ખેર, પણ તમારે આની જરા પણ ચિંતા કરવાની નથી. તમે તો ફક્ત બાકી વધેલાં પાનાં ગણી લો અને બીજગણિતનું આ સૂત્ર વાપરો:

$x+n(k+1)-52=$ કુલ.

જેમાં, $x=$ બાકી વધેલાં પાનાં છે. (આપણા દાખલામાં ૩૨)

$n=$ ઢગલીની સંખ્યા. „ „ ૫

$k=$ દરેક ઢગલીનો મુખ્ય સરવાળો. „ ૧૦

માટે કુલ સરવાળો થયો: ૩૨+૫ (૧૦+૧)–૫૨=૩૨+૫૫–૫૨=૩૫

હવે દરેક ઢગલી ખોલી તેનાં પ્રથમ પાનાંનો સરવાળો જુઓ: પાંચ+સાત+દસ (રાણીના)+નવ+ચાર=**પાંત્રીસ.**

ફક્ત થોડા પ્રયત્નથી આ એક જ સૂત્ર પરથી તમે ખૂબ ગમ્મત આપે તેવા અનેક જુદીજુદી ઢગલીઓ અને જુદા મુખ્ય સરવાળાવાળા પ્રયોગો કરી શકશો. બીજ-ગણિતના રસિકો આ પ્રયોગ થોડા વધુ પ્રયત્નો પછી Negative (–ve) conceptionsથી પણ કરી શકશે.

—વસંત દોશી, શશિન્ દોશી

ટિકિટસંગ્રહ એ સંસારવ્યાપી શૉખની માહિતી આપતો વિભાગ



← આ વરસમાં પ્રાણી-જગતને ચિત્રિત કરતી જે કેટલીક ટિકિટો બહાર પડી છે તેમાં ઈન્ડોનેશિયાએ બહાર પાડેલી ટિકિટોનો આ સમૂહ પણ ઘણો સુંદર છે. પોતાને ત્યાંનાં પ્રાણીવિશેષને દર્શાવતી તેની એ ટિકિટો પરનાં પ્રાણીઓમાં કેટલાંકના તો આપણે માત્ર નામ જ જાણતા હોઇશું અને જોયાં હશે તો યે માત્ર ચિત્રોમાં જ કદાચ જોયાં હશે. (મોકલનાર: અશોક કોરા, મુંબાઇ)

જાણો છો? અમેરિકન સંયુક્ત રાજ્યો.ના સેક્રેટરી ઑફ સ્ટેટ્સ, સ્વ. જ્હૉન ફોસ્ટર ડલેસની છબિને ટપાલની ટ[illegible]ટિ પર મૂકવાનું વિચારી અમેરિકન પોસ્ટ ખાતાએ એમને એક વિરલ માન આપ્યું છે. આ પહેલાં પ્રેસિડન્ટ વૉરન જી. હર્ડિંગ તથા પ્રેસિડન્ટ રૂઝવેલ્ટ સિવાય, અમેરિકામાં પોતાના અવસાન બાદ આટલા ટૂંકા ગાળામાં કોઇનીયે છબિ ટપાલની ટિકિટ પર આવી નથી.

ખટમંડુથી ભાઈ કમલદીક્ષિતે મોકલેલી ગઇ ૧૯મી નવેમ્બરે નેપાળમાં નવી બહાર પડેલી ત્રણ ટિકિટો પૈકીની એક. અહીંતે મૂળ કરતાં લગભગ દોઢા કદમાં દર્શાવી છે. ↓



OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

Miss V. N. Barkhamનો પત્ર

'કુમાર'ના ફેબ્રુઆરી '૫૯ના અંકમાં જેમનું નામ પ્રકટ થયું હતું તે Miss V. N. Barkhamને ઘણા હિંદી પત્રમિત્રો તરફથી પત્રો મળેલા. શ્રી રમણિક સી. ઢાંકી (પાવર હાઉસ, વડિયા) પરના પત્રમાં, સહુને એફ્રીસામટા ઉત્તર લખી ન શકવાની દિલગીરી વ્યક્ત કરતાં ને નાતાલની શુભેચ્છા પાઠવતાં એ બહેન લખે છે:

'તમારી પાસેથી સાંભળ્યા પછી, બીજા પાસેથી યે સાંભળ્યું કે હજી વધુ ને પત્રમિત્રો મારે થવાના છે. આજ સુધીમાં તેમનો આંકડો ચાલીસને વટાવી ચૂક્યો છે. હું અંતઃકરણપૂર્વક દિલગીર છું કે એ સહુને વ્યક્તિગતરીતે હું જવાબ લખી શકતી નથી, જોકે એ સહુનો મને લખવા માટે એકીસામટો આભાર માની લઉં છું.

આ વીત્યા વર્ષ લગીમાં જેમણે જેમણે મને લખ્યું છે તે સહુ યુવાન પત્રમિત્રોને મારી નાતાલની અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવું છું.'

હિંદી પત્રમિત્રો

(40) Bhaktiram 'gravat—22, C/o J v ibhai O lhavji, Gandhi Road, J tpur (Saur.), Stamps, View Cards; (41) Kanu Chunilal Shah—21, Mandvi-ni Pole, Sheth-ni Pole, 1431 Piplawalo Khancho, Ahmedabad-1, Drama, Music, Dancing; (42) Arvindkumar Vyas—17, 3 Shreenagar Society, Near Navjivan Blocks, Ahmedabad-14, Poetry-writing; (43) Pravinkumar J Jhaveri - 21, 1 A Ansari Road, Vile Parle (West), Bombay-24, Stamps, Coins, Drawing; (44) Hemendra N Shah—20, 3 Lalit Kunj, Navrangpura, Ahmedabad-9, Cricket, Bad-minton, Novels; (45) Surendra K. Patel—17, N. K. Street, Sunav, Via Anand (Dist Kaira), Stamps, Photography, Match Box Lables, Cigarette Cards; (46) Shirish V. Gajjar—14, C/o G.L. Gajjar, Mandalia Street, Bhuj (Kutch), Stamps, Photography, Science; (47) Vinod—15, C/o Vinod & Company, Booksellers & Publishers, 43/2 Ratan Pole, Sheth's Pole, Ahmedabad-1, Stamps, Coins, Travelling; (48) Jagdishchandra Motilal Sheth—20, Add. as above, Stamps, Coins, Photography; (49) Babulal M. Patel—21, C/o Bhagwanji Bhawanbhai & Co., 14/3 Rupchand Roy Street, Calcutta-7, Reading, Languages, Picnic, Cinema; (50) Bhogilal P. Mistri—19, C/o Maneklal P. Mistri, Lakhajiraj Hostel, Room No. 21, Rajkot (Saur.), Music, Scientific Stories, Type Writing; (51) Dineshkumar B. Shukla—24, Drawing Teacher, Municipal High School, Dhari (Saur.), Drawing, Painting, Nail Art, Music, Sports; (52) Harishanker Trikamji Joshi—20, C/o Mukadam Trikam Vithal, Railway-Dispensary, Rajkot Jun., Novels, Discussions; (53) Chhotalal A. Doshi—25, Mill Stores Brokers, Post Box No. 3253, Bombay-3, Penfriendship.

(ચાલુ)

આ માસ(ડિસેમ્બર)ઇતિહાસમાં:વ્યક્તિવિશેષ-દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: જ્હૉન મિલ્ટન



પોતાની ધ્વનિગર્ભ વિચારપ્રગલ્ભ અને ભાવોન્નત કવિતાના ગુણે અંગ્રેજી સાહિત્યના શેક્સ્પીઅરથી તરતના બીજા મહત્તમ કવિની ગણના કમાનાર જ્હૉન મિલ્ટનનો જન્મ ઈ. ૧૬૦૮ની ૯મી ડિસેમ્બરે લંડનમાં થયો હતો. કુટુંબ મૂળ ઑક્સ્ફર્ડશાયરનું, પરંતુ પોતાના પ્રૉટેસ્ટન્ટ ધર્મને કારણે પિતાને લંડન સ્થાનાંતર કરી જવું પડેલું. અહીં તેની સ્થિતિ પણ સુધરી અને નાના જ્હૉનને શક્ય શ્રેષ્ઠ શિક્ષણ અપાવી શક્યો. મિલ્ટન લખે છે: 'જ્ઞાન માટેની મારી ભૂખ એટલી જલદ હતી કે બાર વર્ષનો હતો ત્યારથી ભાગ્યે જ હું કોઇ પણ અભ્યાસ અધૂરો મૂકતો કે મધરાત પહેલાં સૂતો.'

૧૧મે વર્ષે મિલ્ટન સેન્ટ પૉલ્સ સ્કૂલમાં અને ૧૬ની ઉમરે કેમ્બ્રિજની ક્રાઈસ્ટસ કૉલેજમાં દાખલ થયો. ગ્રીક, લૅટિન અને અંગ્રેજી સાહિત્યનું તેનું જ્ઞાન એ વખતે પણ ઘણું બહોળુ હતું. ઉપરાંત સંગીતનો તેણે ઊંડો રસ કેળવ્યો હતો.ઇટાલિયનભાષામાં કવિતારચવા એ ભાષા પણ તેણે શીખી લીધી. ૧૬ થી ૨૦ વર્ષની વય સુધીનાં તેનાં લૅટિન કાવ્યો મૌલિક પ્રતિભાયુક્ત છે. તેનું સર્વપ્રથમ યથાર્થપણે મહાન કાવ્ય 'ઑાન ધ મૉર્નિંગ ઑાવ ક્રાઇસ્ટસ નેટિવિટી' ૧૬૨૯માં પૂરું થઇ રહ્યું.

વિંડસર નજીકની તેના પિતાની જાગીરમાં પાંચ વર્ષ અધ્યયન માટે તેણે ફાજલ પાડયાં, અને દરમ્યાન ૨૩થી ૨૮ની વય સુધીમાં તેણે લખેલાં તેનાં અતિખ્યાત કાવ્યો પૈકીનાં કેટલાંક છે: 'લ'ઍલેગ્રો', 'ઇલ પેન્સેરોસો', 'લિસિડાસ'(તેનો મિત્ર એડ્વર્ડ કિંગ પાણીમાં ડૂબીને મૃત્યુ પામતાં કરુણપ્રશસ્તિરૂપે લખેલું), અને 'કૉમસ, એ માસ્ક'. સાહિત્યપ્રવાસમાં ઇટાલીમાં વધુ રહ્યો. એવામાં રાજા-પ્રજા વચ્ચેનું આંતરયુદ્ધ ફાટી નીકળતાં ૨૦ વર્ષ તે સક્રિયપણે રાજકારણમાં—બિશપો અને રાજાની સત્તાની વિરોધી ક્રાન્તિના પક્ષમાં—ડૂબેલો રહ્યો. તેની પ્રથમ રાજકીય પુસ્તિકા 'ઑાવ રિફૉર્મેશન ઇન ઇંગ્લંડ' (૧૬૪૧) અને બીજી કૃતિઓ તેની જન-મત-સ્વાતંત્ર્ય માટેની ઊંચી આશાઓ પર પ્રકાશ પાડે છે.'

૧૬૪૨માં તે શાહી કુટુંબની ૧૭ વર્ષની મેરી પૉવેલને પરણ્યો. પરંતુ એ તેને છોડીને તેના પિતાને ઘેર ચાલી ગઈ. જુદાઇના આઘાત પછી તરત મિલ્ટને વૈયક્તિક સ્વાતંત્ર્યનો પોતાનો આગ્રહ અને લગ્નજીવન માટેના ઊંચા આદર્શો નિરૂપતી પુસ્તિકા 'ધ ડૉક્ટ્રીન ઍન્ડ ડિસિપ્લીન ઑાવ ડાઇવૅાર્સ' લખી. આ વખતના તેના બીજા બે મહત્ત્વના નિબંધો 'ઑાવ એડ્યુકેશન' અને 'આરીઑાપૅગિટિકા' પૈકીનો બીજો તો અંગ્રેજી ભાષામાં છેક આજ સુધી લખાએલા સાહિત્યમાં વિચાર-પ્રાકટ્યના સ્વાતંત્ર્યની સૌથી વધુ સ્પષ્ટ અને સબળ માગણી મૂકે છે. ૧૬૪૯માં જ્યારે રાજા ચાર્લ્સ પહેલાને ફાંસીએ ચડાવાયો અને લોકક્રાન્તિનો નાયક ઑાલિવર ક્રૉમવેલ રાજ્યનો વડો બન્યો, એ વખતે મિલ્ટન રાજ્યસભાનો લૅટિન સેક્રેટરી નિમાયો. આંખો નબળી પડતાં ૧૬૫૧માં તે પૂરેપૂરો અંધ બની ગયો. ૧૬૬૦માં રાજાની સત્તા ફરી સ્થપાઈ એ અરસામાં છેલ્લી રાજદ્વારી પુસ્તિકા 'ધ રેડી ઍન્ડ ઈઝી વે ટુ એસ્ટાબ્લિશ એ ફ્રી કૉમનવેલ્થ' બહાર પાડી. દરમ્યાન તેની કીર્તિદા મહાકાવ્ય 'ધ પૅરડાઈઝ લૅાસ્ટ' આરંભાઇ ચૂક્યું હતું.

પોતાની પાછળ ત્રણ પુત્રીઓ મૂકીને તેની પહેલી પત્ની ઈ. ૧૬૫૨માં અવસાન પામી. ૧૬૫૬માં તે ફરી પરણ્યો, પરંતુ તેની બીજી પત્ની લગ્નને દોઢ વર્ષે ગુજરી ગઈ. પુત્રીઓ તરફથી પણ મિલ્ટનને માનસિક રાહત નહતી. ૧૬૬૩માં તે ત્રીજી વખત પરણ્યો. તેની આ પત્ની એલિઝાબેથે ઘરમાં ફરી સુખશાંતિ સ્થાપ્યાં. ૧૬૬૫માં તેણે અંગ્રેજી ભાષાનું મહત્તમ કાવ્ય 'પૅરડાઈઝ લૅાસ્ટ' પૂરું કર્યું.

'પૅરડાઈઝ રિગેઇન્ડ' (૧૬૭૧) વધારે ટૂંકું અને શાંત છે. તેની બીજી પ્રખ્યાત કાવ્યકૃતિ 'સૅમ્સન ઍગૅાનિસ્ટ્સ' (૧૬૭૧)માં પણ 'પૅરડાઈઝ લૅાસ્ટ'નાં જ અગ્નિ અને ચેતન છે. અનેક ઉત્તમ સૉનેટ પણ મિલ્ટને આપ્યાં છે. ઈ. ૧૬૭૪ની ૮મી નવેમ્બરે આ પ્રકાંડ પ્રતિભાસંપન્ન મહાકવિનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ સ્વસ્થ, પ્રાસાદિક ને જીવનદર્શી સાહિત્યના સમર્થ સર્જક કાકા કાલેલકરનો જન્મ, ૧૮૮૫.
તા. ૪ ફિલ્મી જગતના સર્વપ્રિય 'મિકી માઉસ'ના સર્જક વૉલ્ટ ડિઝનીનો જન્મ, ૧૯૦૧.
તા. ૬ ધર્મરક્ષા વાસ્તે જરથોસ્તીઓ ઈરાન છોડી ગુજરાતને સંજાણ બંદરે આવી વસ્યા, ૭૧૫.
તા. ૧૨ પહેલાં કલકત્તા હતું તેને બદલે દિલ્હીને હિંદનું પાટનગર જાહેર કરવામાં આવ્યું, ૧૯૧૧.
તા. ૧૩ ભવ્ય-રમ્યના વિરલ સંયોજક રશિયન કલાકાર નિકૅાલસ રૅારિકનું અવસાન, ૧૯૪૮.
તા. ૧૭ હિંદુ મૂર્તિપૂજાની વિરુદ્ધ નિબંધ લખી રાજા રામમોહન રાયે બંગાળી ગદ્ય આરંભ્યું, ૧૭૯૦.
તા. ૨૨ ભારતની અગ્રણી વિદ્યાપીઠ વિશ્વભારતી રવીન્દ્રનાથ ઠાકુરે બોલપુરમાં સ્થાપી, ૧૯૨૧.
તા. ૨૪ દેશ ને સમાજની સેવાનો આજીવન કર્તવ્યભેખ લેનાર સાને ગુરુજીનો જન્મ, ૧૮૯૯.
તા. ૨૮ ભારતના રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનો ઇતિહાસ રચનાર 'હિંદી રાષ્ટ્રીય મહાસભા' સ્થપાઈ, ૧૮૮૫.
તા. ૩૧ રાણી એલિઝાબેથે ઈસ્ટ ઇંડિયા કંપનીને હિંદમાં વેપાર કરવા હકનામું લખી આપ્યું, ૧૬૦૦.

પ્રસંગવિશેષ: વસાઈની સંધિ, ૩૧મી ડિસેમ્બર ૧૮૦૨

ઈ. ૧૮૦૨ની ૨૫મી ઑક્ટોબરે પૂના ખાતે એક તરફ પેશવા બાજીરાવ બીજા તથા દૌલતરાવ સિંધિયા અને બીજી તરફ જસવંતરાવ હોળકર વચ્ચે લડાએલા યુદ્ધમાં, અણીને વખતે સિંધિયાની સેનાનો યુરોપિયન સેનાપતિ કૅપ્ટન ફાઇલોસ હોળકરના પક્ષમાં ભળી જતાં પેશવા-સિંધિયાની સેનાઓનો પરાજય થયો અને જસવંતરાવે રાઘોબાના દત્તક પુત્ર અમૃતરાવ (આ સંબંધે બાજીરાવના ઓરમાન ભાઇ)ને પેશવા બનાવ્યો. અસહાય બાજીરાવ જસવંતરાવથી હારીને અંગ્રેજ રેસિડન્ટ ક્લોઝની સલાહ મુજબ પૂનાથી નાસીને સિંહગઢ ગયો, ને ત્યાંથી રાયગઢ, પછી મહાડ અને ત્યાંથી સ્વર્ણદુર્ગ પહોંચીને ઈસ્ટ ઇંડિયા કંપનીના એક ખાસ મોકલાએલા વહાણમાં ઈ. ૧૮૦૨ની ૧૬મી ડિસેમ્બરે વસાઈ પહોંચ્યો. ત્યાં અંગ્રેજોએ અદૂરદર્શી, ઉતાવળિયા અને અવિચારી બાજીરાવને પૂના લઈ જઇને પેશવાની ગાદીએ બેસાડવાનું વચન આપ્યું. ઈ. ૧૮૦૨ની ૩૧મી ડિસેમ્બરે તેના સંધિપત્ર ઉપર બાજીરાવની સહી લેવામાં આવી, ને તે અનુસાર બાજીરાવે સહાયકારી સંધિની ધૂંસરી સ્વીકારીને અંગ્રેજ સેનાને પોતાના રાજ્યમાં રહેવાની રજા આપી તથા તેના ખર્ચ પેટે પોતાના મુલકનો અમુક ભાગ પણ કંપનીને કાઢી આપ્યો. ઉપરાંત કંપનીની રજા વગર હવે પછી કોઈ પણ ભારતીય રાજા સાથે કોઈ પ્રકારનો સંબંધ નહિ બાંધવાની કબૂલાત આપી. આ વસાઈની સંધિને પરિણામે મરાઠામંડળની સત્તા અને સ્વાધીનતાનો અંત આવ્યો.

દેવ ન થવાયે, તો ય પશુ થતા ના;
દેવ ન થવાયે, તો ય માનવી થજો.

—ન્હાનાલાલ

અંગ્રેજ કવિ મિલ્ટન અંધ થયા પછી ડ્યૂક ઑવ યૉર્ક તેને મળવા ગએલો ત્યારે કહેલું, 'તમને નથી લાગતું કે તમે રાજા સામે કરેલાં લખાણની ઈશ્વરે આ સજા કરી છે?' મિલ્ટને શાંતિથી ઉત્તર વાળ્યો કે ઈશ્વરનો ન્યાય જો અહીં જ ચૂકવાતો હોય તો તો તમારા પિતાએ કેટલા ભયંકર ગુના કર્યા હોવા જોઇએ? હું તો માત્ર અંધ જ થયો છું, પણ તેમનો તો શિરચ્છેદ થયો હતો!'

કહેવતોની કથા: 'આખું કોળું શાકમાં'—ન્યાતના મોટા જમણવાર વેળા રસોયાઓની ગેરહાજરીમાં એક ભૂંડનું નાનું બચ્ચું સૂંઘતું સૂંઘતું ત્યાં આવેલું તે ચકરાઇને શાકના કડામાં પડી ગયું ને ડૂબીને સીઝી ગયું. થોડી વારે એક રસોયાએ કડછાથી શાક હલાવતાં કશીક મોટી ગોળ ભારે ચીજ તેમાં નડવાથી ચિડાઈને બોલ્યો: 'વઘારનાર પણ કેવો ગધેડો તે આખું કોળુ જ શાકમાં ધકેલી દીધું લાગે છે!' અને જોયા કર્યા વિના કડછા તાવેથાથી ઠોકી કાપીને એકરસ કરી દીધું! પણ પછી પીરસવા કાઢતી વખતે હાડકાં નીકળ્યાં ત્યારે સૌ ચમક્યા અને તપાસ કરતાં આખા કોળાનો ભરમ સમજાયો. આ ઉદાહરણને ટૂંકે કામમાં મૂર્ખાઈ ભરેલી ગફલત બતાવવા માટે આ કહેવત વપરાય છે.

અનેકાર્થી શબ્દ: **રામ**=રાજા દશરથના જ્યેષ્ઠ પુત્ર; હોંશ, જીવ, દમ, ઉત્સાહ; તાકાત; પરમાત્મા; આત્મા, જીવ; આનાની તેરીખ; એકમથી શતક સુધીના પાડા; ત્રણની સંખ્યા બતાવનારી સંજ્ઞા; પ્રેમી; માલ, કીમત; ઘોડો; હિંગળો; હુકમ ઉઠાવનાર ઘરનો માણસ; આસોપાલવ; તમાલપત્ર; વિષ્ણુનું એક નામ; પરશુરામ; બલરામ; જૈન ધર્મના નવમા બળદેવ; અરુણનું એક નામ; વરુણ; અર્જુન; એક જાતનું હરણ; વર્ગમાં મોટું એ બતાવવા વપરાતો શબ્દ; એક છંદ; જરથોસ્તી માસનો એકવીસમો દિવસ; જંબુદ્વીપનો એક ખંડ; દીપકરાગનો એક પ્રકાર; આનંદદાયક; કાળું; મનોહર; શુભ; શ્વેત.

ગણિતગમ્મત: '૨'નું સંપૂર્ણ વર્ગમૂળ નીકળતું જ નથી! દશાંશ ચિહ્ન પછી ૧૧૦ આંકડા સુધીનું એનું વર્ગમૂળ આ રહ્યું—૧·૪૧૪૨૧૩-૫૬૨૩૭૩૦૯૫૦૪૮૮૦૧૬૮૮૭૨૪૨૦૯૬૯-૮૦૭૮૫૬૯૬૭૧૮૭૫૩૭૬૯૪૮૦૭૩૧૭૬૬-૭૯૭૩૭૯૯૦૭૩૨૪૭૮૪૬૨૧૦૭૦૩૮૮૫૦-૩૮૭૫૩૪૩૨૭૬૪૧૫૭૨૭૩૫૦૧૩૮૪૬૨૩.




ફ્રાન્સની દક્ષિણે આવેલો કૉર્સિકાટાપુ તરતો બેટ છે! છેલ્લી મોજણી અનુસાર તે ૧૦થી૧૨ મીટર(૧ મીટર=૩૯ઈંચ) જેટલો પૂર્વાભિમુખ ખસ્યો જણાયો છે; અને આ, તેની વિશિષ્ટ પ્રકારની રચનાને કારણે થતું હોવાનું વૈજ્ઞાનિકો કહે છે.

કવણ તરણથી તુચ્છ, કવણ સોનાથી સારો?
કવણ દૂધથી ઉજળ, કવણ કાજળથી કાળો?
કવણ લોહથી કઠણ, કવણ અગ્નિથી તાતો?
કવણ વીંછીથી ડંખ, કવણ મદિરાથી માતો?
કવણ રવિથી તેજે વધે, કવણ અંધથી અંધ વળી?
કવિ ગંગ કહે સુણ ઠાકરો, સાકરથી છે કો ગળી?

*

મૂરખ તરણથી તુચ્છ, સપૂત સોનાથી સારો,
ગુણ દૂધથી ઉજળ, કલંક કાજળથી કાળો;
સોમ લોહથી કઠણ, કાળ અગ્નિથી તાતો,
કુવેણ વીંછીથી ડંખ, અમલ મદિરાથી માતો.
નેત્ર રવિથી તેજ બહુ, કામી અંધથી અંધ વળી,
કવિ ગંગ કહે સુણ ઠાકરો, ગરજ સાકરથી ગળી.

બે કવાર્ટ પાણીમાં એક આખો લાટો સાબુનો કાતરી નાખી બે ચમચા પૅરફિન મેળવવાથી સરસ 'સોપ-જેલી' (ઢીલો સાબુ રસ) બનશે. એનાથી ચીકણાં વાસણો સાફ થાય.



ગયા બાળ-દિન (૧૪મી નવે.) પ્રસંગે બહાર પડેલી ટિકિટના રદ્દીકરણ માટેની છાપ (ગંભીર ટાંકીવાળા)

ચામડાના પૂઠાની ચોપડીઓ અવારનવાર ઝાટકીને સહેજ તેલના હાથવાળા કકડાથી ઘસીને લૂછતા રહેજો. લાંબો વખત પડી રહેવાથી ચામડાની જે તાજપ અને કુમાશ જાય છે તે પાછી આવશે.

લાંબો વખત પડીને ખરાબ થઈ ગએલા કાચવાળા અરીસા પર પહેલાં સાબુવાળા ગરમ પાણીમાં બોળી નિચોવેલું પોતું, પછી ચોખ્ખા પાણીનું નિચોવેલું પોતું, પછી મૅથિલેટેડ સ્પિરિટનાં થોડાં ટીપાંવાળું રૂ ભૂંસી સાફ કરો. છેવટે સુંવાળા કોરા કપડાથી લૂછી નાખજો.

ફૂલદાન એક ઇંચ ઊંડું રહે ત્યાં સુધી રેતી ભરી બાકીનું પાણી ભરીને ફૂલ રાખવાથી બમણો વખત તાજાં (ને વળી જેમ રાખવાં હશે તેમ ટટ્ટાર) રહેશે.



'...અને આ ગ્રાફ, સાહેબ, મારો પગાર-વધારો ક્યારે મળેલો તે દર્શાવે છે.'

ઈંગ્લંડના વેલ્સ પ્રાંતના ઍંગલ્સી પરગણામાં આવેલા એક ગામડાનું નામ માત્ર આટલું જ લાંબુ છે: LLANFAIRPWLLGWYNGYLLGOGERYCHWYRNDROBWLLLLANTYSILIOGONCCH.

નવાં વાપરવા કાઢેલાં બ્રશ કે સાવરણીને વાપરતાં પહેલાં ઠંડા પાણીમાં બોળી રાખવાથી તેનાં છોડાં નીકળી નહિ આવે.



હાથીદાંતની કાંસકી
મૅગિફોના પુરાણા ખોદકામમાંથી મળેલી કલાકણિકા

કુમાર વર્ષ ૩૬ માનું

સળંગ અંક ૪૨૧ થી ૪૩૨ સુધીનું **વાર્ષિક સાંકળિયું**

જાન્યુઆરીથી ડિસેમ્બર • ઈસ્વીસન ઓગણીસસો ઓગણસાઠ

મુખ્ય ચિત્રો — પૂર્ણરંગી

દ્વિરંગી, એકરંગી, રેખાંકન, વુડકટ વગેરે

શિલ્પસ્થાપત્ય


ફોટોગ્રાફ

કાવ્યો અને મુક્તકો


ઇતિહાસ-ભૂગોળ-પુરાતત્ત્વ

પ્રકીર્ણ લેખો

પરચૂરણ



આ અંકની કલાવાર્તામાં જેમનો પરિચય આપ્યો છે તે શ્રી અભય ખટાઉની એક કૃતિ



ભારતનું શિલ્પવિધાન: અનુક્રમે પારખમનો યક્ષ (ઈ. પૂર્વે ૨૦૦ વર્ષ): સાંચી (ઈ. ૧લી સદી) 'ચુલકોકા-દેવતા'–ભારહુત (ઈ. ૨જી સદી) અને એ જ કાળનું અમરાવતીના એક સ્તૂપ પરનું શિલ્પ. (જુઓ આ અંકમાંનો લેખ 'ભારતનું મૂર્તિવિધાન'.)



૧૯૧૬મા
રાજકોટ રાજ્યના ન્યાયાધીશ થયા ત્યારે



૧૯૧૬ની આખર
રાજકુમાર કૉલેજના વાઇસ પ્રિન્સિપલ



૧૯૨૧મા
કાઠિયાવાડ એજન્સીના વિદ્યાધિકારી



૧૯૨૯માં
ગુજરાતભરે ઊજવેલી સુવર્ણ-જયંતી વેળા



૧૯૩૧માં
અમદાવાદના સારસ્વતયજ્ઞનો મધ્યાહ્ન



૧૯૩૯માં
વન વટાવ્યું; મણિમહોત્સવ ઊજવાયે





'જુહૂને જલધિ-જલ-આરે' કવિ પતિ-પત્ની

નરસિંહ મહેતા પછી બીજા કોઇએ મહાન ઊર્મિકવિતા આપી હોય તો તે નાનાલાલે. સમગ્ર ગુજરાતી સાહિત્યમાં ઊર્જિતતા (sublimity)નું મનભર દર્શન તો માત્ર એ બે કવિઓમાં જ મળે છે. 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો', 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એ નરસિંહની ભવ્ય ચિત્રમાળા ફરી નાનાલાલ મોટા પાયા ઉપર આગળ ચલાવી શકે છે: 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ; કે આભને મોભે બાંધ્યા દોર'; 'બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું સુખકુંજ સમ ઊંડું, ત્યાં એકલો ઊડું' જેવાં દૃષ્ટાંતો શોધવાં પડે એમ નથી.

કવિની દૃષ્ટિ વિશ્વદૃષ્ટિ (cosmic vision) હતી. ગુજરાતને ખૂણેખૂણે એ રખડ્યા હોઈ ગુજરાતના પ્રાકૃતિક સૌંદર્યને તો એમની કવિદૃષ્ટિ ઝડપી લેતી જ. કૌટુમ્બિક અને સામાજિક પ્રશ્નો ઉપર તે અવશ્ય મનન અને સૂચન વેરતી, પણ માનવહૃદયનાં સનાતન ગંધના-માનવી જીવનના પાયાના પ્રશ્નો-પર જ જઈજઈને એ ઠરતી. એ અર્થમાં નાનાલાલને 'વિશ્વકવિ' કહી શકાય.

કવિશ્રીની કાવ્ય અને જીવનની સાધનામાં આ દેશની સંસ્કૃતિના ફળો સૌથી આગળપડતો છે. ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વોની કવિશ્રીને ઊંડી સૂઝ હતી. એના મર્મો એમની કવિદૃષ્ટિને સુગમ હતા. પ્રાચીન સંસ્કૃતિની ભાવનાઓ સાથે એમના હૃદયનું જીવંત જોડાણ હતું, અને એ ઉપર અંત સુધી એ ટકી રહ્યા હતા. આત્મનિષ્ઠ વ્યક્તિત્વ એમણે ઘડ્યું હતું. કવિનો આદર્શ પણ એમના આ દેશનો જ હતો: કવિ એટલે મંત્રદ્રષ્ટા. કવીશ્વર દલપતરામે ૧૮૩૨માં કાવ્યરચના કરવા માંડી ત્યાર પછી ૧૧૪ વર્ષ સુધી પિતાપુત્રે ગુજરાતી વાણી દ્વારા નવયુગને વધાવતા રહીને જીવનના સનાતન મંત્રના ઉચ્ચારણથી ગુજરાતની અપૂર્વ સેવા કરી છે અને ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ ઉમેર્યું છે. ભવિષ્યનું ગુજરાત હોંસેહોંસે અને લાડપૂર્વક ગાંધીજી ઉપરાંત કોઈનું નામ સંભારશે તો તે કવિવર નાનાલાલનું પણ અવશ્ય હશે.

—ઉમાશંકર જોશી




કલાકાર પિકસોના બે ચિત્રો: ' આગળ ઊભેલી
યુવતી'; નીચે: 'બારી પાસ સ્ત્રી.



'સ્ટિલ લાઇફ'–અચેતન પદાર્થોનું ભાત્રસૌંદર્ય
ચિત્રકાર: જુઆન ગ્રિસ; નીચે: 'કેન્ડલસ્ટિક
જગ ઍન્ડ ઇનૅમલ સૉસ-પન'(લોટો, મીણબત્તી
ને કડાઈ)ની લાક્ષણિકતા આલેખતું પિકાસોનું
ચિત્ર; સૌથી નીચે: મેક્સિકન કલાકાર તામાયો-
નું ઉગ્ર ચિત્ર 'કૂતરા'.





કલામાં વિકૃતીકરણ નામના આ અંકમાં
આવેલા મૉડર્ન આર્ટમાં જણાતી વિકૃતિઓને
સમજાવતા લેખના અનુસંધાનમાં કેટલાક જગ-
વિખ્યાત કલાકારોની એવી 'વિકૃતિગહન' કૃતિ-
ઓ અહીં આપી છે.





૧૮૯૫માં
એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતા ત્યારે



૧૮૯૯માં
બી.એ. થયા ને 'વસંતોત્સવ' પ્રકટ થયું ત્યારે



૧૯૦૨માં
૨૫ની વયે સાદરા કૉલેજમાં હેડમાસ્તર




૧૯૦૪માં
રાજકોટ રાજકુમાર કૉલેજમાં નિમાયા ત્યારે



૧૯૦૯માં
અભિનવ નાટક 'ઇન્દુકુમાર' પ્રકટ થયું ત્યારે



૧૯૧૧માં
ભગવદ્‌ગીતાનો સમશ્લોકી અનુવાદ પ્રકટચો



યુવાનામાં પત્ની તથા બે પુત્રો (ઉપર-મનોહર, નીચે અનુપમ)સાથે; સામે: યશઝળહળતી કારકિર્દીના મધ્યાહ્ન તપતો હતો ત્યારે→